

શ્રી આરાસણ તીર્થ

અપર નામ

# શ્રી. કુંભારિયાજી તીર્થ

મુનિ શ્રી વિશાલવિજયજી

શ્રી. યશોવિજય જૈન ગ્રંથમાળા : ભાવનગર

# શ્રી. આરાસણ તીર્થ

અપર નામ

# શ્રી. કુંભારિયાજી તીર્થ


લેખક

ધર્મજયંતોપાસક

મુનિ શ્રી વિશાલવિજયજી



શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા

ગાંધીચોક : ભાવનગર

પ્રકાશક :
બાલાભાઈ વીરચંદ દેસાઈ
માનદ મંત્રી : યશોવિજય જૈન ગ્રંથમાળા
ગાંધીચોક : ભાવનગર

કિંમત ત્રણ રૂપિયા

પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૧૭] વીર નિ. સં૰ ૨૪૮૭, ધર્મ સં૰ ૩૯ [સને. ૧૯૬૧

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ



શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના

શિષ્યરત્ન શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના

**શિષ્યરત્ન શ્રી. વિજયપ્રેમસૂરિજી મહારાજના**

કરકમલમાં

—મુનિ વિશાલવિજય

ॐ

## આ જ લેખકનું એક વિશિષ્ટ સંપાદન

લેખક :–મુનિરાજ શ્રીવિશાલવિજય સંપાદિત

### 'શ્રી રાધનપુર પ્રતિમાલેખસંદોહ'
### વિષે આવેલ અભિપ્રાય

જૈન શિલ્પકાવ્યના નિષ્ણાત–વિદ્વાન, બરોડા ગાયકવાડ ઓરિયન્ટલ ઈન્સ્યુટયૂટના ડેપ્યુટી ડાયરેકટર.

**ઉમાકાન્ત પ્રે૦ શાહ પીએચ. ડી.**

'રાધનપુર પ્રતિમાલેખસંદોહ' એ પુસ્તક મળ્યું. આ માટે આપનો ઘણો આભારી છું. મને એ ખરેખર ગમ્યું છે અને ઉપયોગી થઈ પડશે, એમ આશા છે. આવા ગ્રન્થોના પ્રકાશનમાં હવે થોડી નવી દૃષ્ટિ અપનાવવાની જરૂર છે. એક તો આંગી વિનાની પ્રતિમાના થોડાક સુંદર ફોટાઓ, બીજું આવા દરેક સંગ્રહમાં કેટલીક જૂની પ્રતિમાઓના આગળથી તેમજ પાછળથી (લેખના ફોટા માટે) એમ બન્ને ફોટાઓ થોડા થોડા મૂકવા જોઈએ. આમાં કળાની દૃષ્ટિએ કે જુદી જુદી પ્રતિમાઓની દૃષ્ટિએ પસંદગી કરી બહુ જ થોડા ફોટા આવે તેનો વાંધો નથી. દા. તરીકે ઈ. સ. ૧૧૦૦, ઈ. સ. ૧૨૦૦ વચ્ચેની પ્રતિમાઓના એક-બે નમૂના આ પછી તેરમા સૈકાનો, ચૌદમા સૈકાનો, પંદરમા સૈકાનો : એમ એકેક નમૂનો અને ઈ. સ. ૧૧૦૦ થી પણ જૂની હોય એવા નમૂના; તેના પર લેખ હોય કે ન હોય લેખ વંચાતો પણ ન હોય એવા નમૂના ખાસ કોઈ પણ પ્રકારની આંગીચંદન વિના લીધેલ ફોટા સાથે રજુ કરવા જોઈએ.

બ્લોક લાલ–લીલી શાહીમાં નહિ પણ કાળી શાહીમાં છપાય તો જૈનકલાના અભ્યાસીઓને ઘણો લાભ થાય.



શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

**શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ**



શાંતમૂર્તિ મુનિરાજ
શ્રી. જયંતવિજયજી મહારાજ

## પ્રકાશકનું પ્રાક્કથન

માનવ-જીવનમાં તીર્થયાત્રાનું સ્થાન ખાસ મહત્ત્વનું છે. તીર્થધામો તન-મનના શુદ્ધીકરણ માટેનાં મહાન સાધનો છે. પ્રત્યેક દર્શનમાં એની વિશિષ્ટતા બતાવવામાં આવેલી છે. તીર્થયાત્રા એ જીવનની ધાંધલ અને ધમાલને ભુલાવી દઈ આત્મશાન્તિ પ્રાપ્ત કરાવનાર એક અમોઘ ઔષધિ છે. આજે આપણે આપણા ભવ્ય ભૂતકાળને અને ઉચ્ચ સંસ્કૃતિને તો ભૂલી ગયા છીએ, પરંતુ આપણાં પ્રાચીન તીર્થધામોનો પરિચય પણ દિનપ્રતિદિન ગુમાવતા જતા હોઈએ એવું જણાય છે. આ સ્થિતિને દૂર કરી આપણાં તીર્થધામોથી વાકેફ કરવા માટે આ ગ્રંથમાળાએ તીર્થધામોનો પરિચય આપવાની પ્રવૃત્તિ ઉપાડી લીધી છે.

આ ગ્રંથમાળા તરફથી પૂ૦ મુનિરાજ શ્રીવિશાળવિજયજી મ૦ શ્રીએ લખેલાં દશ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે.

૧. શ્રી. નાકોડા તીર્થ
૨. ભોરોલ તીર્થ
૩. બે જૈન તીર્થો–ચારૂપ અને મેત્રાણા
૪. ચાર જૈન તીર્થો (માતર, સોજિત્રા, ખેડા અને ધોળકા)
૫. કાવી–ગંધાર–ઝગડિયા (ત્રણ તીર્થો)
૬. ઘોઘાતીર્થ
૭. મૂંગથલા તીર્થ
૮. ભીલડિયા તીર્થ
૯. રાધનપુર પ્રતિમાલેખ–સંદોહ
૧૦. રાધનપુર–એક ઐતિહાસિક પરિચય

આ પ્રમાણે પુસ્તકોનું પ્રકાશન કરીને આ ગ્રંથમાળાએ આપણાં ભુલાઈ જતાં તીર્થસ્થાનો પર નવો પ્રકાશ પાડચો છે. આ પુસ્તકો ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિએ તેમજ પુરાવાઓને આધારે પ્રત્યક્ષ દર્શન કરીને લખાયેલાં હોવાથી સમસ્ત જૈન સમાજ અને સાહિત્ય-પ્રેમી વર્ગમાં આદરને પાત્ર બન્યાં છે.

આ પ્રકારનાં પુસ્તકોના પ્રકાશન માટે તેમજ આ ગ્રંથમાળાનો પુનરુદ્ધાર કરવા માટે અમો શાન્તમૂર્તિ મુનિરાજ શ્રીજયંતવિજયજી મહારાજના ખૂબ જ ઋણી છીએ. સંવત ૨૦૦૫ની સાલમાં થયેલ એમના સ્વર્ગવાસ પછી પણ એમની પ્રણાલિ ચાલુ રાખવા માટે અમે યથાશક્ય પ્રયાસ કરી રહ્યા છીએ.

પ્રસ્તુત શ્રી. આરાસણતીર્થ અપરનામ શ્રી. કુંભારિયાજીતીર્થ સ્વ૦ પૂ૦ મુનિરાજ શ્રીજયંતવિજયજી મહારાજના ભક્તિપરાયણ શિષ્ય પૂ૦ મુનિ શ્રીવિશાળવિજયજી મહારાજે તૈયાર કરેલ છે. પોતાના સ્વ૦ શાસ્ત્ર-વિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજે સ્થાપન કરેલી તેમજ તેઓના એક સુંદર સ્મારકરૂપે કાર્ય કરતી આ ગ્રંથમાળા સાથે તેઓ પોતાના ગુરુવર્યની જેમ ભારે લાગણી ધરાવે છે અને ગ્રંથમાળાને વારંવાર સહાયતા કરાવવાની સાથે ગ્રંથમાળાનું કામ સારી રીતે આગળ ધપતું રહે એવી પ્રેરણા આપતા રહે છે. એમની આ લાગણી માટે અમો એમના અને એમના ગુરુભાઈ મુનિરાજ શ્રીજયાનંદવિજયજી મહારાજના બહુ આભારી છીએ.

સ્વ૦ શેઠ શ્રી. ગોદડભાઈના સુશીલબંધુ શ્રી. રતિલાલભાઈ તથા તેમના સુપુત્રોએ સ્મારક નિમિત્ત આ પુસ્તક છપાવવામાં આર્થિક મદદ કરી છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકને સુઘડ સ્વરૂપમાં છપાવી તૈયાર કરી આપવા બદલ અમો અમદાવાદના શારદા મુદ્રણાલયના માલિકો શ્રી. શંભુભાઈ તથા શ્રી. ગોવિંદભાઈના આભારી છીએ.

આ પુસ્તકને સચિત્ર બનાવવા શ્રી જગન મહેતાએ કુંભારિયાજીનાં મંદિરોના લીધેલા આઠ ફોટાઓ આપ્યા છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

આવાં લોકોપયોગી પ્રકાશનો વધારે પ્રમાણમાં જનતા સમક્ષ રજૂ કરી શકીએ એવી અભિલાષા સાથે આ પુસ્તક અમે જનતાના કરકમળમાં ભેટ ધરીએ છીએ.

# મદદગારોની શુભ નામાવલી

૫૦) શેઠ ગોદડભાઈ મોહનલાલ હ. શેઠ રતિલાલ મોહનલાલ
C/o શેઠ મેઘજીભાઈ હીરજીની પેઢી, મુંજપુર

૧૦૧) ધડીયાળી ચીમનભાઈ નરશીભાઈ સુરેન્દ્રનગર

૧૦૧) શેઠ હીરાચંદ દેવચંદ (મુંબઈ) અમરેલી

૧૦૧) ડીસા રાજપુર શ્રી સંઘના જ્ઞાનખાતા તરફથી. તપસ્વી મહારાજ પં૦ શ્રી મનોહરવિજયજી મહારજશ્રીના સદુપદેશથી ડીસા–રાજપુર

૧૦૦) શ્રી બુદ્ધિસાગર મહારાજ સ્મારકફંડ, વીલેપારલે. હ: પૂજ્ય પંન્યાસ શ્રી પ્રેમવિજયજી ગણિના સદુપદેશથી વીલેપારલા

૮૦) શેઠ ગોડીદાસ ડોસાભાઈ વિજયગચ્છની પેઢી, રાધનપુર

૫૧) શાહ મૂળચંદ મગનલાલ ચુડા

૫૧) શેઠ કેશવલાલ કરમચંદ (મુંબઇ) પાટણવાળા

૫૧) વારૈયા મફતલાલ ન્યાલચંદ મુંબઈ

૫૦) શેઠ મણીલાલ મોહનલાલ (કૃષ્ણનગર) ભાવનગર

૪૦) શાહ દુર્લભદાસ ત્રિભોવનદાસ સુપુત્ર ધીરુભાઈએ માસખમણ કર્યું તેની યાદી માટે, ભાવનગર

૩૧) પ્રોફેસર હીરાલાલ મોતીલાલ શાહ અમદાવાદ

૨૫) માસ્તર હીરાચંદ અક્ષયતૃતીયાના પારણા નિમિત્તે વલ્લભીપુર

૨૫) મહેતા કાન્તિલાલ પ્રેમચંદ ઘેટીવાળા– નવાણુંયાત્રા નિમિત્તે ભાવનગર

૨૫) ટી. સી. બ્રધર્સ હ: જયંતિલાલ તારાચંદ ભાવનગર

૨૫) શાહ માધવજી બેચરદાસનાં ધર્મપત્ની બાઈ સંતોક હ: દોશી પ્રેમચંદ માધવજી તથા મણીલાલ શાહ ભાવનગર

૨૫) શાહ જયંતીલાલ શામજી વરલવાળા ભાવનગર

| | | |
|---|---|---|
| ૨૫) | એક સદ્ગૃહસ્થ તરફથી હ: શાહ વિનોદરાય લલ્લુભાઈ, | ભાવનગર |
| ૨૫) | મોરબી શ્રી. જૈન તપાગચ્છ સંઘ: હ: ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ | મોરબી |
| ૨૫) | શાહ હઠીચંદભાઈ લલ્લુભાઈ. હ: શાહ રમણિકલાલ. | ચમારડી |
| ૨૫) | શાહ હરીલાલ મગનલાલ કાપડિયા | ભાવનગર |
| ૧૧) | શેઠ નરશીદાસ મેઘજી: હ: મોહનલાલભાઈ તણસાવાળા, | ભાવનગર |
| ૧૧) | વોરા ચુનીલાલ સાકળચંદ,હ: ઘેટીવાળા અમૃતલાલભાઈ, | ભાવનગર |
| ૧૦) | શેઠ રતિલાલ ત્રિભોવનદાસ ટાણાવાળા | ભાવનગર |



સ્વ૦ શેઠ શ્રી ગોદડભાઇ મોહનલાલ

જન્મ સં. ૧૯૬૦] [સ્વર્ગવાસ સં. ૨૦૧૪



# શેઠશ્રી ગોદડભાઈની જીવનરેખા

સં૦ ૨૦૧૪ની સાલ હતી, ને શ્રાવણ મહિનાની શરૂઆત હતી. ચોથના દિવસની સંધ્યાકાલીન સુરખીને ભરખી લેતી કાળી વાદળીઓએ અંધકારને ઘેરો બનાવ્યો હતો. ને એકાએક ગડગડાટ સાથે વીજળીએ અંધકારને વીંધતો આકાશમાં લીસોટો પાડચો ને એક ચમકતો તારલો ખરી પડચો.

શ્રી. ગોદડભાઈનું જીવન આ તારલા સાથે સરખાવી શકાય એવું છે. તેમના દેહાંતના સમાચાર મુંજપુર પ્રદેશમાં પ્રસરી જતાં લોકોને માથે જાણે વીજળી પડચા જેવો આઘાત થયો. કોઈએ પોતાનો સ્વજન ગુમાવ્યો હતો તો કોઈએ પોતાનો સાથીદાર ખોયો હતો, કોઈ પોતાની ઓથ ચાલી ગયા માટે આક્રંદ કરતું હતું, અને જૈન સમાજે તો એક સેવાભાવી ઉત્સાહી કાર્યકર ગુમાવ્યો હતો.

આમ જનતામાં લોકપ્રિય બનેલા શ્રી. ગોદડભાઈની ખોટ સાલે એવી હતી. સૌની લાગણી એકસરખી હતી. મુંજપુર પ્રદેશમાં શોકનાં કાળાં વાદળ છવાઈ ગયાં.

શ્રી. શંખેશ્વરતીર્થની છાયામાં આવેલું મુંજપુર નાનું ગામ છે. આ ગામનો ઇતિહાસ એટલે ચડતી–પડતીનો ઇતિહાસ. એક કાળે એ મોટું નગર હતું. કોટ–કિલ્લાથી અલંકૃત હતું. પણ મુસ્લિમ સત્તા વખતે અહીં ધીંગાણાં થયેલાં ને ધીમે ધીમે વસ્તી ઓછી થતી ગઈ. આજે બધી મળીને લગભગ ૨૦૦૦ ઘરની વસ્તી હશે. તેમાં જૈનોનાં ૧૫ ઘર

છે. તેમાં ૭ ઘર વીશા શ્રીમાલીઓનાં, ૫ ઘર દશા શ્રીમાલીઓનાં અને ૩ ઘર સ્થાનકવાસીઓનાં છે. બધાં ઘરોમાં મળીને કુલ ૫૦ માણસની વસ્તી હશે.

અહીં ૨ ધર્મશાળાઓ, ૧ પોષાળ, ૧ જૈન પાઠશાળા અને ૨ સુંદર જિનાલયો વિદ્યમાન છે. મોટું દેરાસર ઘૂમટબંધી અને બે માળનું છે, તેમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાન છે. બીજું નાનું દેરાસર શિખરબંધી છે, તેમાં મૂળનાયક શ્રીગોડીપાર્શ્વનાથ ભગવાન છે.

આ મુંજપુર ગામમાં શેઠ ગોદડભાઈનો જન્મ સં૦ ૧૯૬૦ના માગશર સુદિ ૮ ને ગુરુવારે (તા. ૨૭–૧–૧૯૦૩) થયો હતો. તેમના પિતાનું નામ મોહનલાલ અને માતાનું નામ મોંઘીબાઈ હતું. જ્ઞાતિએ તેઓ વીશા શ્રીમાલી જૈન હતા. સં૦ ૧૯૭૬ ની આસપાસ તેમનું પ્રથમ લગ્ન સમી મુકામે થયું હતું અને સં૦ ૧૯૮૬ માં બીજું લગ્ન રણોદ ગામે થયું. તેમને પરિવારમાં પાંચ પુત્રો અને બે પુત્રીઓ છે.

તેમનો ધંધો કાપડ, કાલાં–કપાસ અને ધીરધારનો હતો. તેમની પેઢીનું નામ શાહ મેઘજી હીરજીભાઈ, ગોદડલાલ મોહનલાલ, પરસોત્તમ કચરાભાઈ છે.

ગામનાં બંને દેરાસરો, પાંજરાપોળ વગેરેનો વહીવટ તેમના હસ્તક હતો. શંખેશ્વરતીર્થમાં યાત્રીઓ માટે ભોજનશાળા શરૂ થઈ ત્યારથી તેના ઓનરરી સેક્રેટરી તરીકે તેઓ રહ્યા હતા.

જૈન હોવા છતાં જાહેર જનતાને પણ મદદગાર અને સલાહકારક થતા, તેથી મુંજપુરથી એક માઈલ દૂર આવેલા શૈવોના પ્રસિદ્ધ તીર્થધામ લોટેશ્વર તીર્થનો વહીવટ પણ તેમણે દશ–બાર વર્ષ સુધી ચલાવ્યો હતો.

ગામની જૈન પાઠશાળા તેમના પ્રયત્નથી જ ચાલુ થઈ હતી.

શ્રીશાંતિનાથ ભગવાનના દેરાસરમાં તેમના તરફથી ઘીનો અખંડ પ્રદીપ પ્રજળ્યા કરે છે.

મોટા દેરાસરમાં શ્રીશત્રુંજયતીર્થનો પટ્ટ તેમણે પોતાના ખર્ચે કરાવીને મુકાવ્યો છે.

પ્રત્યેક વર્ષે તેઓ શત્રુંજય તીર્થની યાત્રાએ જતા હતા. તેમણે સં૦ ૧૯૯૨ માં કુટુંબ સાથે સમેતશિખર તીર્થ અને તીર્થનગરીઓની યાત્રા કરી હતી.

તેમનાં પુત્ર–પુત્રીઓના લગ્નપ્રસંગે તેઓ ધાર્મિક કૃત્ય અઠ્ઠાઈ મહોત્સવ કરાવતા હતા.

શેઠશ્રી ગોદડભાઈનું સં૦ ૨૦૧૪ની સાલમાં બીજા શ્રાવણ શુદિ ૫ ને મંગળવારે અમદાવાદ મુકામે અવસાન થતાં તેમના માનમાં મુંજપુરની જનતાએ અને અડખે પડખેનાં દશ ગામોના લોકોએ પાખી પાળી હતી અને ખેતી માટે હળ જોડવાનું પણ બંધ રાખ્યું હતું.

આમ બધી રીતે લોકપ્રિય અને એક સેવાભાવી કાર્યકરની જીવન-રેખામાં પ્રભાત, મધ્યાહ્ન અને સંધ્યાકાલીન રંગો આલેખાયા છે. એ ત્યાંની જનતામાં સુપરિચિત છે.

અમારી સંસ્થાને તેમના વ્યવહારદક્ષ બંધુશ્રી રતિલાલભાઈ તથા તેમના સુપુત્રોએ શેઠશ્રીના સ્મારક નિમિત્તે આ પુસ્તક છપાવવામાં રૂપિયા પાંચસોની જે ઉદારતાપૂર્વક સહાયતા કરી છે તે માટે ધન્યવાદ ઘટે છે.

**પ્રકાશક**

## આ જ લેખકનું વિશિષ્ટ સંપાદન

### રાધનપુર પ્રતિમાલેખસંદોહ [સચિત્ર]
### વિશે અભિપ્રાય

આ ઐતિહાસિક બુક માટે મહાગુજરાતના સાક્ષરરત્ન ડૉ. ભોગીલાલ સાંડેસરા. M. A. PH. D.

આ પુસ્તક ધ્યાનપૂર્વક જોઈ ગયો છું. એ પ્રગટ કરીને તમે માત્ર જૈન ઇતિહાસની નહિ પણ ગુજરાતના ઇતિહાસની કિંમતી સેવા કરી છે.

રાધનપુરના સ્થાનિક ઇતિહાસ માટે એમાં બહુ મૂલ્યવાન સામગ્રી છે. આ પુસ્તક શ્રી યશોવિજય ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થાય છે એ ઉચિત થયું છે. કેમકે આ ગ્રંથમાળાએ સ્થાન-વિશેષ તીર્થાદિને લગતાં સંખ્યાબંધ ઐતિહાસિક પ્રકાશનો કર્યાં છે.

પૂ. મુનિરાજ શ્રી વિશાલવિજયજી બીજાં ઐતિહાસિક નગરોના આવા લેખસંગ્રહો સંકલિત કરે તો બહુ સારું. ગુજરાતના સામાજિક, સાંસ્કૃતિક ઇતિહાસ માટે ખૂબ સામગ્રી એમાંથી મળશે.

પાકું પુઠું, ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ સંખ્યા ૩૪૪
કિંમત : રૂપિયા પાંચ : પોસ્ટેજ V. P. ખર્ચ રૂપિયો એક

-: લખો :-

**યશોવિજય જૈન ગ્રંથમાળા**

ભાવનગર (સૌરાષ્ટ્ર)

# મુંજપુર

શ્રેષ્ઠી ગોદડભાઈ મુંજપુરના હતા. ત્યાંની બધી સંસ્થાઓમાં તેમનો વહીવટ હતો તેથી મુંજપુરનો સામાન્ય પરિચય અને ત્યાંના દેરાસરોનો ઇતિહાસ અહીં આપવો અપ્રસ્તુત નહીં ગણાય.

મુંજપુર ક્યારે વસ્યું એ વિષે એક છપ્પય પ્રસિદ્ધ છે—

"ભોજરાજ સંઘલ હણ્યો, તે પુત્ર રાજહ કારણ,
તે હત્યા ઉતારવા, આવ્યો ક્ષેત્ર ધર્મારણ્ય;
પરમારવંશ પ્રથીને અમલ, છત્ર ધર્યો રાય ભોજ શિર,
વારિયો મુંજે મુંજપર, સંવત ત્રણ ઇકલંતર."

આ ઉલ્લેખને ઐતિહાસિક માનીએ તો પરમારવંશીય રાજા મુંજે સં૦ ૧૦૦૩ માં આ મુંજપુર ગામ વસાવ્યું એમ મનાય અને મૂળરાજ સોલંકીએ આ ગામ એક પંડિતને દાનમાં આપેલું એમ જાણવા મળે છે.[૧]

આ ઉપરથી લાગે છે કે મુંજપુર ૧૧ મા સૈકા જેટલું જૂનું છે. એ પછીના સમયના મુંજપુર વિશેના ઉલ્લેખો આ પ્રકારે મળે છે:

'સોમસૌભાગ્યકાવ્ય'થી જણાય છે કે, 'મુંજિગનગરના રહેવાસી મૂંટ નામના શ્રાવકે અસંખ્ય ધાતુની ચોવીશીઓની મૂર્તિઓ ભરાવી હતી અને તેની શ્રીસોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી.[૨]

---

૧. ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત ગ્રંથોની સવિસ્તર માહિતી, પૃ૦ ૨૭૪
૨. જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૪૫૮

સં૦ ૧૫૬૯માં કુતબપુરાપક્ષીય તપાગચ્છાધિરાજ શ્રીઈંદ્રનંદિસૂરિ ગુરુના ઉપદેશથી મુંજિગપુરના શ્રીસંઘે (નાડલાઈના દેરાસરમાં) દેવકુલિકાઓ કરાવી.[૧]

ઉપર્યુક્ત બંને ઉલ્લેખોમાં નિર્દિષ્ટ મુંજિગપુર તે મુંજપુર હોવાનું જણાય છે.

સં૦ ૧૬૭૨માં મુંજપુરના રહેવાસી વોરા સાજણ નામના શ્રેષ્ઠીએ શંખેશ્વર મહાતીર્થના જૂના દેરાસરની ભમતીમાં મોટો ગભારો બંધાવ્યો હતો.[૨]

સં૦ ૧૭૫૫માં 'તીર્થમાળા'ની રચના કરનાર શ્રીજ્ઞાનવિમલસૂરિએ અહીંના જોટીંગા પાર્શ્વનાથના મંદિર વિશે આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે:

"મુંજપુરે ઝોટીંગો પાસ, અવર બિંબ બહુ ગુણ આવાસ;
પ્રણમ્યે થયો ઉલ્લાસ તો." ૩

સં૦ ૧૬૬૭માં શ્રીશાંતિકુશળે રચેલા 'ગોડીપાર્શ્વનાથ સ્તવન'માં આ રીતે ઉલ્લેખ કર્યો છે—

"મુંજપરિ હો ઝોટીંગો પાસ"

આ અને બીજાં પ્રમાણો પરથી જણાય છે કે, મુંજપુર ૧૦મા સૈકા જેટલું જૂનું અને મોટું નગર હતું. ચારે બાજુએ કિલ્લાથી ઘેરાયેલું હતું. એ કિલ્લો ૧૮મા સૈકામાં અમદાવાદના મુસ્લિમ સૂબાએ મુંજપુરના રાજવીને તાબે કરવા મોકલેલી ફોજે તોડી પાડ્યો. તે કિલ્લાનો પડી ગયેલો એક દરવાજો અને બીજો સાબૂત દરવાજો હજી સુધી વિદ્યમાન હતો.

પ્રાચીન કાળથી આજ સુધી મુંજપુરમાં જૈનોની મોટી વસતી હતી. તેમાં ત્રણ દેરાસરો મોજૂદ હતાં. આજે બે દેરાસરો વિદ્યમાન છે. એક

---

૧. પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભા. ૨, લેખાંક: ૩૩૮

૨. શંખેશ્વર મહાતીર્થ, પૃ૦ ૨૧૧, લે. ૫૫

૩. પ્રાચીન તીર્થમાળા સંગ્રહ પૃ૦ ૧૩૪

મંદિરને મસ્જિદ બનાવી દેવામાં આવ્યું છે. બે ધર્મશાળાઓ, પાઠશાળા વગેરે ધર્મસ્થાનો વિદ્યમાન છે.

શત્રુંજય તીર્થ તથા શંખેશ્વર મહાતીર્થમાં જનારા છ'રી પાળતા જૈન સંઘો મુંજપુર થઈને જતા હતા.

આ રીતે જૈનોની દૃષ્ટિએ મુંજપુર ગામની મહત્તા હતી. સં૦ ૧૯૬૬ની સાલમાં અહીં જૈન શ્રાવકોનાં ૧૦૫ ઘરમાંથી ૭૧ ઘર ખુલ્લાં હતાં. આજે અહીં કુલ ૧૫ ઘર છે. તેમાં શેઠ ગોદડભાઈનું ઘર મુખ્ય ગણાય છે.

અહીં ૧ શ્રીશાંતિનાથ ભ૦ અને ૨ શ્રીગોડી પાર્શ્વનાથ ભ૦ નું એમ બે દેરાસરો છે.

## ૧ શ્રીશાંતિનાથ ભ૦ નું દેરાસર

શેઠ ગોદડભાઈના મકાન પાસે જ શ્રીશાંતિનાથ ભ૦ નું દેરાસર આવેલું છે. આ દેરાસર બે માળનું અને ઘૂમટબંધી છે. દેરાસરમાં ઠેર ઠેર નકશી કરેલી છે. મૂ૦ ના૦ નું પબાસન દેવ–દેવીઓ સાથેનું કારીગરીવાળું છે. મૂ૦ ના૦ ની છત્રી તથા તોરણ નકશીવાળાં છે. દેરાસરના રંગમંડપમાં સાત તોરણ છે તેથી આ ' સાત તોરણવાળું મંદિર ' કહેવાય છે. રંગમંડપના થાંભલા તથા છતના પથ્થરો નકશીવાળા છે. વચ્ચે ચોક છે. તેની ચારે દિશામાં એકેક તોરણ છે. એ પ્રત્યેક તોરણમાં પાંચ–પાંચ તીર્થંકરોની મૂર્તિઓ છે. ચારે થાંભલાની મળીને ૨૦ મૂર્તિઓ છે, તે વીશ વિહરમાનની મૂર્તિઓ ગણાય. દેરાસરની અંદર નિસરણી પાસેનો દરવાજો આખોયે કોરણીભર્યો છે.

મૂળ ગભારામાં (૧) મૂ૦ ના૦ શ્રીશાંતિનાથ ભ૦ ની સુંદર મૂર્તિ વિરાજમાન છે. તેની પાસે (૨) શ્રીપાર્શ્વનાથ ભ૦ ની મૂર્તિ છે તે જ ઝોટીંગા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ હતી. સત્તરમા સૈકા સુધી એ મૂર્તિ મૂળનાયકના સ્થાને બિરાજમાન હતી. તેનો આ રીતે ક્યારે

ફેરફાર થયો એ જાણવા મળતું નથી. પણ આસમાની–સુલતાની વખતે આ ફેરફાર થયો હશે. (૩) શ્રીમહાવીરસ્વામી, (૪) શ્રીનેમનાથ, (૫) શ્રીપાર્શ્વનાથ, (૬) શ્રીમલ્લિનાથ અને (૭) શ્રીચંદ્રપ્રભસ્વામીની પાષાણની પ્રતિમાઓ છે. પરિકરમાંથી અલગ પડેલી બે કાઉસગ્ગિયા મૂર્તિઓ પણ પાષાણની છે. ધાતુની નાની મોટી ૧૫ જેટલી પ્રતિમાઓ છે. તે પૈકી ૧ ધાતુપ્રતિમા રણોદવાસી શેઠ શંકરલાલભાઈએ અહીં પધરાવી છે.

ઉપરના માળમાં મૂ૦ ના૦ શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પંચતીર્થીના પરિકર સાથેની મૂર્તિ છે. પરિકર મોટું છે એટલે તે બીજી પ્રતિમાનું લાગે છે. મૂ૦ ના૦ ની ગાદી ૧૨–૧૩ મા સૈકાની પ્રાચીન છે. મૂ૦ ના૦ને છત્રી છે ને તેમાં ત્રણ તોરણો છે. તે બધાં નકશીવાળાં છે.

મૂળનાયકની નીચે આ પ્રકારે લેખ છે—

सं० १८७३ माघमासे श्रीशुक्लपक्षे ७ शुक्रे श्रीश्रीपार्श्वनाथबिंबं ला० श्री... ॥

મૂ૦ ના૦ની ડાબી બાજુના ગભારાની મૂર્તિ ઉપર આ પ્રકારે લેખ છે—

सं० १८७३ माघ शु० ७ शुक्रे वा० श्रीअजितनाथबिंबं म० श्री श्री.... ॥

## ૨ શ્રી ગોડીપાર્શ્વનાથ ભ૦નું દેરાસર

દશાશ્રીમાલીવાસમાં શ્રી. ગોડીપાર્શ્વનાથ ભ૦. નું શિખરબંધી દેરાસર છે. મૂ૦ ના૦ ની પ્રતિમા પ્રાચીન છે. એમની બંને પડખેની પ્રતિમાઓ સં૦ ૧૮૭૬ની સાલનાં છે. આરસની કુલ ૫ પ્રતિમાઓ છે. ભમતીના એક ગોખલામાં અંબિકાદેવીની નાની મૂર્તિ છે.

મુજપુરની એક પોષાળમાં એક યતિ મહાત્મા રહેતા હતા. પેટીમાં પ્રાચીન પુસ્તકોનો ભંડાર હતો. 'એ પેટીને ખોલવી નહી, ખોલનાર મૃત્યુ

પામશે' એવી આજ્ઞા તેના શિષ્યને આપવામાં આવેલી, તેથી કોઈ એ પેટીનો સ્પર્શ સુદ્ધાં કરતા નહીં. શેઠ ગોદડભાઈએ પં૦ શ્રીભગવાનદાસ જૈનને દેરાસરના કામ માટે મુંજપુર બોલાવેલા ત્યારે એ પેટી ખોલવાનું એમણે બીડું ઝડપ્યું. પેટી ખોલતાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો ભંડાર મળી આવ્યો. એ ભંડાર શ્રીશંખેશ્વરતીર્થના વહીવટદારોએ રૂા. ૨૧૦૦) આપીને તે મહાત્મા પાસેથી ખરીદી લીધો.

શંખેશ્વર તીર્થથી ૬–૭ માઈલ દૂર આ ગામ છે, તેથી ભાવુક યાત્રીઓ આ ગામનાં દેરાસરોનાં દર્શન કરતાં ઇતિહાસ પણ જાણે એ દૃષ્ટિએ આ ગામનું વર્ણન અમે અહીં આપ્યું છે.

श्रीशंखेश्वरपार्श्वनाथाय नमो नमः ।
यक्षराट् श्रीमाणिभद्रो विजयतेतराम् ।
श्रीमद्विजयधर्मसूरिगुरुभ्यो नमो नमः ।
श्रीजयन्तविजयगुरुभ्यो नमः ।

# કિંચિદ્ વક્તવ્ય

સં૦ ૧૯૮૭માં સ્વ૦ પૂજ્યપાદ ગુરુમહારાજ સાથે અમો, આરાસણ (કુંભારિયાજી) તીર્થની યાત્રાએ ગયા હતા અને ત્યાં અમે અઢી દિવસની સ્થિરતા કરી હતી. એ સમય દરમ્યાન ગુરુમહારાજશ્રીએ બને તેટલી આરાસણ તીર્થની હકીકત એકઠી કરી લીધી હતી. એ સમયે અમે પ્રતિમાલેખો લીધા નહોતા કેમકે સાક્ષરવર્ય શ્રીજિનવિજયજી અને સ્વ૦ શ્રીમોહનલાલ દલીચંદ દેસાઈએ એ તીર્થના પ્રતિમાલેખો લીધા હોવાના સમાચાર અમે 'જૈનયુગ'ના અંકમાં વાંચ્યા હતા. તેમ છતાં સહજ રીતે જેટલા લેખો લેવાય એટલા અમે લીધા હતા. કુલ ૩૯ લેખોનો અમે સંગ્રહ કર્યો હતો.

ગુરુમહારાજશ્રીના સ્વર્ગવાસ બાદ સં૦ ૨૦૦૭માં હું વિહાર કરીને મારવાડ તરફ ગયો હતો. એ વર્ષનું અમારું ચતુર્માસ રોહિડા અને વાસા ગામમાં થયું હતું. ત્યાંથી રાણકપુરની પંચતીર્થીની યાત્રા કરી અમે જાલોર તરફ ગયા હતા. ત્યાંથી અમે આબૂ થઈ આરાસણ આવ્યા એ પ્રસંગે જે કંઈ વધારાની માહિતી મળી તેની મેં નોંધ કરી લીધી અને આ તીર્થ અંગેનાં ઉપયોગી પુસ્તકોમાંથી વિગતો પણ તારવી લીધી.

આ બધી સામગ્રી પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહને સંકલિત કરવા આપી, છ—એક ફોર્મનું મેટર તૈયાર થયું અને તેના ત્રણેક ફોર્મ છપાયાં. એ સમયે પં૦ અંબાલાલ શાહે સાક્ષરવર્ય શ્રીજિનવિજયજીને કુંભારિયાજી વિશે વાત કરી અને તેમણે શ્રી. કુંભારિયાજીનાં મંદિરોમાંથી લીધેલા

પ્રતિમાલેખો વિશે યાદ આપી ત્યારે એ લેખો આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરવા તેમણે સહર્ષ ઉદારતા દર્શાવી. એ જ સમયે તેમણે લગભગ ૧૨૨ લેખોનો સંગ્રહ પં૦ અંબાલાલ શાહને આપ્યો ત્યારે પંડિતજીએ મને પત્રથી આ આનંદજનક વિગતના સમાચાર આપ્યા. આ સમાચારથી મને પણ ખૂબ આનંદ થયો. એ લેખો પ્રસિદ્ધ કરવા માટે પ્રેસયોગ્ય નકલ, અને અનુવાદ તૈયાર કરવાની પંડિતજીને સૂચના આપી. આથી આ પુસ્તકમાં અમે ૩૯ પ્રતિમાલેખો આપ્યા હતા; તેની સાથે આ ૧૨૨ લેખોનો વધારો થતાં કુલ ૧૬૧ લેખોનો સંગ્રહ પુસ્તકના પરિશિષ્ટમાં પ્રગટ કર્યો છે. સાક્ષરવર્ય શ્રી. જિનવિજયજીએ આ શિલાલેખો અમને પ્રસિદ્ધ કરવા આપ્યાનું જે સૌજન્ય બતાવ્યું છે તે બદલ તેમને તથા પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહે આ પુસ્તક માટે જે સહયોગ આપ્યો છે તે બદલ તેમને પણ ધન્યવાદ આપું છું.

મારી સાહિત્ય પ્રવૃત્તિ મારા ગુરુદેવ પૂજ્યપાદ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ અને મારા ગુરુમહારાજ પૂજ્યપાદ શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજની પરમકૃપાથી જ કરી શકું છું તે બદલ તેમનો ઉપકાર માનું છું.

મારા ગુરુભાઈ મુનિરાજ શ્રીજયાનંદવિજયજી મહારાજે પણ વિહારમાં સાથે રહી મને બધી રીતે ખૂબ જ સહકાર આપ્યો છે.

આ અને બીજાં પુસ્તકો લખવામાં શ્રી. અભેચંદ ભગવાનદાસ ગાંધી તથા ઘેટીવાળા સેવાભાવી શ્રી. અનંતરાય ધરમશી અંતઃકરણની સતત પ્રેરણા આપતા રહ્યા છે. શ્રી. અનંતરાયભાઈ તો મારી અત્યારની શારીરિક નરમ સ્થિતિમાં કેટલાય વખતથી સારી સેવા બજાવી રહ્યા છે. અહીં એક પ્રસંગનો ઉલ્લેખ પણ બસ થશે. ગઈ સાલ મને શત્રુંજયતીર્થની યાત્રા કરવાનો ભાવ જાગ્યો. પણ મારી તબિયત નરમ હતી, ચાલી શકાય એવી સ્થિતિ પણ નહોતી છતાં શ્રી. અનંતરાયભાઈએ મારી ભાવના પૂરી કરવાની હિંમત આપી. તેઓ ઠેઠ સુધી મારી સાથે

ઊભા પગે રહીને મને યાત્રા કરાવી. એવી સેવા તો આજના શિષ્યો પણ ન ઉઠાવે.

એ સિવાય શ્રી. ચંદ્રકાંત હિંમતલાલ તથા માસ્તર અમૃતલાલભાઈ પણ પોતાની શક્તિ મુજબ મારા કાર્યમાં સેવા આપી રહ્યા છે તે સૌને ધન્યવાદ આપવો ઘટે છે.

આ સિવાય આ૦ શ્રી. વિજયપ્રતાપસૂરિજીના શિષ્ય મુનિરાજ શ્રી. ક્ષમાનંદવિજયજી મહારાજે મારી સાથે રહીને શ્રી. શંખેશ્વર મહાતીર્થની યાત્રા કરવાની મારી ભાવના પૂરી કરાવી હતી, અને સારી સેવા બજાવી હતી.

પં૦ શ્રી. મનોહર વિજયજી મ૦ ના શિષ્ય શ્રી. મનમોહનવિજયજી મહારાજ તો પોતાના શિષ્ય કરતાંયે સારી સેવા આપી રહ્યા છે.

આ બધાયે સહયોગીઓના કારણે હું આ સાહિત્યની સેવા કરી રહ્યો છું તેથી આ બધાને ધન્યવાદ અપવાનું ભૂલી શકતો નથી.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રકારની કોઈને સ્ખલના જણાય તે જે કોઈ વિદ્વાન ભાઈ જણાવશે તો બીજી આવૃત્તિ પ્રસંગે તેનો સાભાર સ્વીકાર કરી સુધારી લેવામાં આવશે.

તીર્થાવલી સંબંધી મારી દશેક પુસ્તિકાઓ જે આજ સુધીમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે, તેને વાચકવર્ગે આવકાર આપ્યો છે; તે એક આનંદજનક બાબત છે. એ જ કારણે બીજાં પુસ્તકો પણ તૈયાર કરી રહ્યો છું, જે યોગ્ય સમયે પ્રસિદ્ધ થતાં રહેશે.

ભાવનગર
મૌન એકાદશી, વિ૦ સં. ૨૦૧૭ —મુનિ વિશાલવિજય



શ્રી નેમિનાથ ભ૦ના મંદિરની બહારની દીવાલ ઉપરનું મનોરમ શિલ્પ



મંદિરમાંની આરસની છતમાં આલેખેલાં સુશોભનો



મંદિરમાંની આરસની છતમાં આલેખેલાં સુશોભનો



આરસનું મનોહર દ્વારતોરણ



શિવાલયની બહારની દીવાલ ઉપરનું શિલ્પ



કુંભારિયાજીના મંદિરનું મનોરમ દૃશ્ય



શ્રી નેમિનાથ ભ૦ના મંદિરની બહારની દીવાલ ઉપરનું કોરણીભર્યું સુશોભન



આરસની છતમાં આલેખેલો શ્રી નેમિનાથ ભ૦ના જીવનની ઘટનાઓનો ચિતાર



# શ્રી આરાસણ તીર્થ

અપર નામ

# શ્રી કુંભારિયાજી તીર્થ

## [ શ્રી નેમિનાથ ભગવાનનું તીર્થ ]

### વર્તમાન સ્થિતિ

આજના ગૂજરાત રાજ્યની ઉત્તરે ગિરિરાજ આબૂ આવેલો છે. એ પહાડ ગૂજરાત અને રાજસ્થાન રાજ્યને અલગ પાડતા સીમાચિહ્ન સમો જણાય છે. આસપાસનાં નાનાં મોટાં ગામોનાં જૈન મંદિરો અને અવશેષોના પરિવારથી તેમજ પોતાના ખોળામાં ઓપતાં કલામય રમણીય જૈન મંદિરોથી એ જૈનોના તીર્થરાજનું ગૌરવ પામ્યો છે. એવા પવિત્ર આબૂ પહાડની દક્ષિણ–પૂર્વમાં આરાસણના ડુંગરા દેખાય છે.

એ આરાસણ અથવા કુંભારિયાજીના નામથી ઓળખાતા તીર્થધામનો પરિચય આપવાનો અહીં પ્રયત્ન છે.

## માર્ગ

એ તીર્થરાજ આબૂ પર્વતથી દશ ગાઉ દૂર આરાસુરના ડુંગરાઓની વચ્ચે અંબાજી ગામ અને કુંભારિયાજીનું જૈન તીર્થધામ આવેલું છે.

પશ્ચિમ ભારતની રેલ્વેના આબૂરોડ (ખરાડી) સ્ટેશનથી ૧૩॥ માઈલ દૂર કુંભારિયાજી નામે ગામ છે, તે જ પ્રાચીન કાળનું પ્રસિદ્ધિ પામેલું આરાસણ તીર્થ છે.

અહીં આવવા માટે આબૂરોડ સ્ટેશનથી ૧૨ માઈલ દૂર મોટર–બસ દ્વારા અંબાજી જવાય છે અને ત્યાંથી ૧॥ માઈલ દૂર કુંભારિયાજી તીર્થમાં પહોંચાય છે. આબૂરોડથી સીધી અંબાજી–કુંભારિયાજી સુધી પાકી સડક બાંધેલી છે. તે સડક સીધી કોટેશ્વર સુધી જાય છે.

આબૂરોડથી પગપાળા જનારને ૩ માઈલ જતાં 'તેલીયા' નામે નદી આવે છે, પાસે 'શીયાવાડ' નામનું ગામ છે. ત્યાંથી ૩ માઈલ આગળ ચાલતાં 'સુરપગલાં' નામનું ગામ આવે છે. ત્યાંથી ૩ માઈલ દૂર જતાં 'પઠાણ ચોકી' આવે છે, જ્યાં બે ધર્મશાળાઓ અને દુકાનો વગેરે છે. ત્યાંથી ૩ માઈલ દૂર અંબાજી નામે હિંદુઓનું તીર્થ આવે છે.

## અંબાજી

અંબાજી ગામમાં અંબાજી માતાનું મંદિર છે. પગથિયાં ઉપર આરસ જડેલો ચોક છે. મંદિરનું દ્વાર પશ્ચિમ દિશામાં છે. સભામંડપ બહુ નાનો છે. મૂળ ગભારામાં અંબાજી માતાનો ગોખ છે. તેમાં મૂર્તિ નથી પણ વસ્ત્ર અને શૃંગારની

સજાવટથી અંબાજીની આકૃતિ બનાવે છે. કહેવાય છે કે, અંબાજીના સ્થાન પર વીશા યંત્રનું આલેખન કરેલું છે. માતાની આકૃતિ સામે ચાંદીથી મઢેલા વાઘની આકૃતિ છે. મંદિરની છતમાં અનેક ઘંટડીઓ લગાડેલી છે.

મંદિરની સામે પગથિયાંવાળી સુંદર વાવ બાંધેલી છે. ચારે બાજુએથી બાંધેલો પગથિયાવાળો એક કુંડ છે. ગામમાં લગભગ ૧૨૫ ધર્મશાળાઓ છે અને વસ્તી પણ ઠીક પ્રમાણમાં વસી ગઈ છે.

વસ્તુતઃ આ મંદિર સર્વ પ્રથમ મંત્રીશ્વર વિમલશાહે બંધાવેલું એમ એક જૈન 'પટ્ટાવલી'માંથી ઉલ્લેખ મળે છે.[૧]—

"तस्मिन्नवसरे विमलदण्डनायकेन गुर्जरराज्ञा सम्मानितेनार्बुदाचलधरित्र्यामारासननगरेऽम्बायाः कुलदेव्याः प्रासादः कारितः ॥"

—એ સમયે ગૂજરાતના રાજવી (ભીમદેવ)થી સમ્માનિત એવા વિમલશાહ દંડનાયકે આબૂની ભૂમિ ઉપર અને આરાસણ નગરમાં કુલદેવી અંબામાતાનો પ્રાસાદ–દેવળ કરાવ્યું.

ડૉ૦ ભાંડારકર (આકર્યોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ સને ૧૯૦૫–૬ ના રિપોર્ટમાં) જણાવે છે કે—

"અંબાજીમાં માતાનું મંદિર છે, તે મૂળ જૈન દેવાલય હશે તથા એમ પણ દર્શિત થાય છે કે, હાલ પણ ઘણા જૈનો ત્યાં જાત્રા માટે પ્રથમ જાય છે અને કુંભારિયામાં

૧. જૂઓ, ખરતરગચ્છપટ્ટાવલી, સં૦ જિનવિજયજી, પૃ. ૪૩

પછી જાય છે. જ્યારે જૂના નગરનો નાશ કરવામાં આવ્યો અને અંબા માતાનું દેવાલય બ્રાહ્મણોના હાથમાં આવ્યું ત્યારે આ પુરાણા નગરના વિનાશ માટે કારણ તરીકે આ અંબા માતાની હકીકત બ્રાહ્મણોએ જોડી કાઢી હશે."

મુનિરાજ શ્રી. દર્શનવિજયજી (ત્રિપુટી) પોતાના 'જૈન-પરંપરાનો ઇતિહાસ' ભા૦ ૨, (પૃ૦ ૩૦૦) માં જણાવે છે—

"બીજી રીતે પણ મંત્રી વિમલશાહને અંબિકાદેવી પ્રસન્ન હતાં, એટલે તેણે આ મંદિરોના ઘેરાવાના પ્રવેશ ભાગમાં જ ભ૦ નેમિનાથના મંદિરની અધિષ્ઠાયિકા તરીકે અંબિકાનું પણ ભવ્ય મંદિર બંધાવ્યું, જે આજે અંબાજીના સ્થાનથી પ્રસિદ્ધ છે. દેવીના મૂળ સ્થાનમાં सत्तरिसययंत्र ૧૭૦ નો વિજયયંત્ર છે. અસદ્ભૂત સ્થાપના છે. તેની ઉપર બનાવટી ખોખું ચડાવેલું છે."

આ મંદિર વિશે એક વિદ્વાને પણ એવો જ અભિપ્રાય ઉચ્ચાર્યો છે—

"વિમલ મંત્રીને અંબાજી માતા ઉપર ઘણી આસ્થા હતી તેથી તેણે અહીં (આરાસણ) તેમજ આબુ ઉપર દેવળો બંધાવી અંબા માતાની પ્રતિમા પધરાવી. અહીંનું (આરાસણનું) મુખ્ય અંબાજીનું મંદિર તેમણે બંધાવ્યું હોય એવું અનુમાન થાય છે, પરંતુ કાળના વહન સાથે તે તીર્થ અસુરો (ભીલ વગેરે)ના હાથમાં આવ્યું ને ત્યાર પછી બ્રાહ્મણોના હાથમાં આવ્યું, છેલ્લે (દાંતા) રાજ્યની સીધી દેખરેખ નીચે આવ્યું છે. હાલમાં વિશેષે કરીને દેવી

ઉપાસકો, વિષ્ણુ અને શૈવ ધર્મના લોકો તેમજ બીજા ધર્મના ભાઈઓ પણ આ તીર્થની યાત્રા કરવા જાય છે.”

ઉપર્યુક્ત પુરાવાઓથી સ્પષ્ટ થાય છે કે, અંબાજી માતાનું મંદિર પ્રથમ જૈન મંદિર હતું. કારણ કે તે મંદિરની રચના–બાંધણી વગેરે જૈનોના મંદિર જેવી છે. અંબાજી માતા શ્રીનેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિકા દેવી છે અને વિમળશાહ અંબાજીના ભક્ત હતા એટલે આ મંદિર વિમળશાહે બંધાવ્યું હોય એમ માનવાને પૂરતાં કારણો મળે છે.

અંબાજી પાસે પશ્ચિમ દિશામાં ૨ માઈલ દૂર ‘ગબ્બરજી’ નામનું તીર્થ છે, જે અંબાજીનું મૂળ સ્થાન હોવાનું કહેવાય છે.

આ સિવાય, અંબાજીથી પાંચેક માઈલ દૂર આવેલું ‘કોટેશ્વર’ નામનું તીર્થ પણ પ્રસિદ્ધ છે.

## કુંભારિયાજી

એક સમયે આજના અંબાજી અને કુંભારિયાજીનો પ્રદેશ ‘આરાસણ’ નામે ઓળખાતો હતો, આજે એ બંને ગામ અલગ પડી ગયાં છે.

ડૉ૦ ભાંડારકરે અનુમાન કર્યું છે કે, ‘પહેલાં અંબાજીથી કુંભારિયા સુધીનું એક શહેર વસેલું હશે.’[૧]

અંબાજીથી લગભગ ૧॥ માઈલ દૂર આવેલા કુંભા-

૧. જુઓ, ‘પ્રાચીન જૈન લેખસંગ્રહ,’ અવલોકન પૃ૦ ૧૮૨

રિયાજી તીર્થમાં પ્રવેશ કરતાં વચ્ચે નદી આવે છે. ચારે બાજુએ નાના–મોટા પહાડોથી આ તીર્થ ઘેરાયેલું છે. આસપાસની ઝાડીઓ અને ડુંગરા ઉપર છવાયેલી વનસ્પ-પતિથી આખો પ્રદેશ લીલોછમ લાગે છે. આ લીલછોયી વનસ્પતિઓ જ વિવિધ ઔષધિઓનો ભંડાર કહેવાય છે. વર્ષાઋતુમાં જ્યારે પહાડો ઉપર વાદળાં જામે છે ત્યારે તો આખોયે પ્રદેશ હિમમય બનેલો લાગે છે.

કુંભારિયાજીની નજીક સપાટ મેદાનોમાં પથરાયેલો કાટોડો ખનિજ સંપત્તિ દટાયાનો ખ્યાલ આપે છે. વસ્તુતઃ જમીનમાંથી કાઢી લીધેલા ખનિજનો એ કાટોડો છે.

અહીં આરસની ખાણો છે. ગૂજરાતના–શિલ્પીઓએ ગૂજરાતનાં અનેક દેરાસરોમાં અહીંના આરસપાષાણનો ઉપયોગ કર્યો અને મૂર્તિઓ ઘડી એવાં પ્રમાણો પ્રાચીન ગ્રંથમાં પણ નોંધાયાં છે.[૧] એ જ કારણે આ સ્થળ 'આર-સણાકર' નામથી ખ્યાતિ પામ્યું હતું એમ કહેવાય છે.

અહીંના સ્થાનિક શિલાલેખોમાં આરાસણા, આરાસણા-કર, આરાસણ, આરાસણનગર અને આરાસણપુર નામથી

---

૧. વિમલશાહ, વસ્તુપાલ–તેજપાલ, કુમારપાલ વગેરેએ આબુ, તારંગાજીનાં જે દેરાસરો બંધાવ્યાં તેમાં અહીંના જ આરસનો ઉપયોગ કરેલો છે. વળી, તારંગાની વિશાળકાય શ્રી. અજિતનાથ ભ૦ની પ્રતિમા અહીંના આરસની બનેલી છે.

—જૂઓ, સોમસૌભાગ્ય, સર્ગ : ૭; મેહ-કવિ-રચિત તીર્થમાળાઃ

ઉલ્લેખ થયેલા છે.[૧]

લોકોની માન્યતા મુજબ આરસણાકર એટલે જ્યાં આરસની ખાણો છે. આજે પણ અહીંની જરી વાવ પાસે એવી ખાણ મૌજુદ છે. ડૉ૦ ભાંડારકરે આ ગામના નામ વિશે જણાવ્યું છે કે—

"હવે એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે. આ જૂના શહેરનું નામ શું હશે? જૈન દેવાલયોના લેખોમાં તેનું નામ 'આરાસન' અથવા 'આરાસનાકર' આપેલું છે. બાહ્ય-દૃષ્ટિથી જ માત્ર એમ સ્પષ્ટ છે કે, 'આરાસન' એ શબ્દ 'આરાસ' જેને ગુજરાતીમાં 'પથ્થર' કહે છે તે હશે, જે આરાસુર પહાડોમાં અંબાજી તથા કુંભારિયાજી લુપ્ત થયાં તે પથ્થરનો પહાડ છે. તેથી આ શહેર 'આરાસન' કહેવાતું, એમાં કાંઈ શક નથી. કારણ કે

---

૧. જૂઓ 'અર્બુદાચલપ્રદક્ષિણા શિલાલેખ સંદોહ (આબૂભાગ : ૫) નં. ૩ના ૧૧૧૮ના શિલાલેખમાં 'આરાસણા' નામ લખેલું છે એ જ પ્રકારે—

નં૦ ૧૪, સં૦ ૧૨૦૮, 'આરાસણાકર
નં૦ ૧૭, સં૦ ૧૨૫૯, આરાસણ
નં૦ ૨૧, સં૦ ૧૨૭૬, ,,
નં૦ ૨૪, સં૦ ૧૩૧૦, આરાસણનગર
નં૦ ૨૬, સં૦ ૧૩૧૪, આરાસણા
નં૦ ૩૧, સં૦ ૧૩૩૮, આરાસણકર
નં૦ ૩૯, સં૦ ૧૬૭૫, આરાસણનગર
નં૦ ૪૧, (સંવત નથી) આરાસણકર

તેની આજુબાજુએ પથ્થરિયા પહાડો હતા, અથવા તેનાં સર્વ ઘરો પથ્થરનાં બનાવેલાં હતાં, જેથી બીજા શહેરોથી તેનું વ્યક્તિત્વ ભિન્ન હતું. બીજું નામ 'આરાસનાકર' જેનો અર્થ 'પથ્થરની ખાણ' થાય છે તે ઉપરથી પણ એ જ નિર્ણય આવી શકે. ખરી રીતે એમ છે કે, પહેલાં જે ઈમારતો હતી તથા હાલ જે ઈમારતો છે તે પથ્થરની છે."[૧]

શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે આરાસણના નામ વિશે વાસ્તવિક ખ્યાલ આપે છે કે—

"અર નામ ધાતુવાચક છે અને અહીં ધાતુની ખાણો પ્રાચીન કાળમાં હતી એવા કેટલાક પુરાવાઓ મળે છે. 'વિચારશ્રેણી' માં પાસિલ નામના શ્રેષ્ઠીનું વૃત્તાંત છે, જેને ભગવતી અંબિકા—અંબાના કૃપાપ્રસાદથી આરાસણપુર નજીકમાં ધાતુની ખાણ મળી આવી અને તે ધનાઢ્ય બન્યો. તેણે આરસપુરમાં તે દ્રવ્ય વડે એક ભવ્ય મંદિર બંધાવ્યું હતું. આ જ વૃત્તાંત થોડાક ફેરફાર સાથે 'પુરાતન પ્રબંધસંગ્રહ' માં પણ નોંધાયો છે. વિમળશાહને પણ અહીંથી પુષ્કળ દ્રવ્ય અંબાજીની કૃપા વડે મળ્યું હતું. તેણે પણ ધાતુની ખાણોમાંથી દ્રવ્ય કઢાવ્યું હતું એવી કિંવદંતી છે. આથી ધાતુની ખાણો આ પ્રદેશમાં હોવાના કારણે આ નગરનું 'આરાસણ' નામ

---

૧. જુઓ, 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા૦ ૨ અવલોકન, પૃ૦ ૧૮૨

પડયું હોય એ વાસ્તવિક છે."[1]

આ આરાસણનું નામ કુંભારિયા શાથી પડયું એ વિશે ડૉ૦ ભાંડારકરે (આર્કયૉલૉજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇંડિયા, વેસ્ટર્ન સર્કલ, સને ૧૯૦૫–૬ ના રિપોર્ટમાં) ચર્ચા કરી છે એ જાણવા જેવી છે—

"વળી, સ્વાભાવિક રીતે એમ પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ જૂના શહેરનું નામ આરાસણ ભુલાઈ જવાયું હશે અને તેને બદલે કુંભારિયા મૂકયું હશે. આના જવાબમાં ફૉર્બ્સ કહે છે કે, ચિત્તોડના રાણા કુંભાએ આ બંધાવ્યું માટે તેને 'કુંભારિયા' કહે છે. પણ આ માની શકાય નહીં; કુંભારિયાનાં પુરાણાં મકાનો ઉપરથી એમ વ્યક્ત થાય છે કે આ શહેર રાણા કુંભાની પહેલાં ઘણાં વર્ષનું જૂનું છે. એમ પણ કારણ આપી શકાય કે, આ પુરાણું શહેર વિમલશાહ અને રાણા કુંભાના વખતની વચ્ચે નાશ થયું હશે અને તેનો કુંભાએ પુનરુદ્ધાર કર્યો હશે. આ સબબ પણ સબળ નથી. કારણ કે, મહાવીરના દેવાલયમાંની દેવકુલિકાની બેઠક ઉપર કોતરેલા લેખમાં ઈ૦ સ૦ ૧૬૧૮ (સં૦ ૧૬૭૫) ની મિતિ છે અને તેમાં આરાસન શહેર વિશે ઉલ્લેખ છે. રાણો કુંભો ઇ૦ સ૦ ૧૪૩૮ થી ૧૪૫૮ (સં૦ ૧૪૯૫ થી ૧૫૧૫) સુધીમાં થયો અને લેખની મિતિ ઇ૦ સ૦ ૧૬૧૮ કે કુંભા પછી બરાબર ૧૫૦ વર્ષની છે. તેથી

---

૧. બુદ્ધિપ્રકાશ.

એમ તો નક્કી થઈ શકે છે કે, કુંભારિયાનો ગમે તે અર્થ થતો હોય પણ તેનું નામ રાણા કુંભાના નામ ઉપરથી પડેલું નથી જ, અને તેથી જૂના શહેરનો વિનાશ ઈ૦ સ૦ ૧૬૧૮ પછી થયેલો હોવો જોઈએ. ”

આથી એ વાત સ્પષ્ટ છે કે, કુંભા રાણાએ કુંભારિયા વસાવેલ નથી પણ જે વખતે તપાગચ્છાધિપતિ શ્રીહીરવિજયસૂરિ મહારાજના ઉપદેશથી પોતાના રાજ્યમાં છ મહિના અને અમુક દિવસની અમારિ પાળવાનો હુકમ કરનાર તથા શત્રુંજય વગેરે તીર્થનો હક્ક આપનાર બાદશાહ અકબરે જ્યારે મેવાડ ઉપર ચડાઈ કરી તે વખતે અથવા ત્યાર પછી કેટલાક વર્ષે મેવાડનો રહેવાસી કુંભા નામનો રજપૂત ત્યાંથી નીકળી અહીં આવ્યો, તેણે પોતાના નામથી ‘ કુંભારિયા ’ નગર વસાવ્યું. ત્યારથી એટલે ૧૭ મી શતાબ્દિ પછી ‘ કુંભારિયા ’ નામ પડયું લાગે છે.

મુનિરાજ શ્રી.દર્શનવિજયજી (ત્રિપુટી) પોતાના “ જૈન પરંપરાનો ઇતિહાસ ” ભા૦ ૨ ( પૃ૦ ૨૯૯ ) માં જણાવે છે—

> “ ભઠ્ઠી બનાવનારા કુંભારોનું નિવાસસ્થળ સમજાતાં ‘ કુંભારિયા’ના નામથી વિખ્યાત થયું છે.”

આ ઉલ્લેખ વસ્તુતઃ કુંભારિયાના નામ ઉપરથી કલ્પનાસર્જિત લાગે છે, કેમકે આ હકીકતને કોઈ આધાર નથી.

આ ગામમાં આજે કોઈ ઘર કે માણસની વસ્તી નથી. હાલમાં અહીં ૫ મંદિરો, ૧ હિંદુ ( શિવ ) મંદિર, જૈન ધર્મશાળા અને જૈન કારખાનું તેમજ બગીચો વગેરે છે. એ

અંગે વ્યવસ્થા કરનારી અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજી-ની પેઢી તરફથી મુનિમ, પૂજારીઓ તેમજ કામ કરનારા માણસો અને મોદીની દુકાન જેવી વસ્તી છે, જે આવતા-જતા યાત્રાળુઓને બધી સગવડ કરી આપે છે.

## તીર્થધામ

આરાસણમાં પાંચ જૈન મંદિરો હોવાથી તે જૈનોનું તીર્થધામ ગણાય છે. તેમાં સૌથી મોટું મંદિર શ્રીનેમિનાથ ભગવંતનું છે. તેથી આ ગામ શ્રી. નેમિનાથ ભગવંતના તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. એ દેરાસર તેમજ શ્રીપાર્શ્વનાથ ભગવંતના દેરાસરની બાંધણીનો આકારપ્રકાર એકસરખો છે. એ જ રીતે શ્રીમહાવીરસ્વામી ભગવંત અને શ્રીશાંતિનાથ ભગવંતના દેરાસરની બાંધણી એકસરખી હોવાનું જણાય છે. આ ચારે દેરાસરોના મૂળગભારાને ફરતી પ્રદક્ષિણામાં ચોવીશ દેરીઓ છે અને એ બધાં મંદિરોને ફરતો કોટ છે, એ બધાં દેરાસરોનું દ્વાર ઉત્તર દિશામાં છે.

અહીંનું શ્રી. નેમિનાથ ભગવંતનું દેરાસર તેમજ શ્રીમહાવીરસ્વામી ભગવંતનું દેરાસર, જે આદીશ્વર ભગવાનનું મંદિર હશે તે બંને મંદિરો વિમળશાહે બંધાવેલાં હોવાં જોઈએ. શ્રેષ્ઠી પાસિલે શ્રી. નેમિનાથ ભ૦ ના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હશે, એ વિશે આગળ જણાવીશું.

ત્રીજું શ્રીપાર્શ્વનાથ ભગવંતનું દેરાસર સંભવતઃ મહારાજા કુમારપાલે બંધાવ્યું હશે.

ચોથું શ્રીશાંતિનાથ ભગવંતનું દેરાસર કોણે બંધાવ્યું તે જાણવામાં આવ્યું નથી.

પાંચમું મંદિર જે શ્રીનેમિનાથ ભગવંતના દેરાસરથી બસો વાર દૂર આવેલું છે તે શ્રીસંભવનાથ ભગવંતનું મંદિર ઉપર્યુક્ત ચારે મંદિરોથી અલગ પડે છે. આ દેરાસરમાં પ્રદક્ષિણાપથ નથી, તેથી તેમાં દેરીઓ વગેરે પણ નથી. એ મંદિર અહીંના સ્થાનિક કોઈ શ્રેષ્ઠીએ બંધાવેલું હશે.

પાંચે દેરાસરો શિખરબંધી છે. પાયાથી શિખર સુધીની બાંધણીમાં કેવળ આરસપાષાણ વાપરેલો છે અને તે આરસ આ જ પ્રદેશનો છે.

## ૧. શ્રી નેમિનાથ ભગવંતનું દેવાલય

અહીં આવેલાં પાંચે મંદિરોમાં આ મંદિર સૌથી મોટું, ઉન્નત અને વિશાળ છે. આ મંદિર મૂળગભારો, વિશાળ ગૂઢમંડપ, દશ ચોકી, સભામંડપ, ગોખલા, શૃંગારચોકી, બંને બાજુના મોટા ગભારા, ચોવીશ દેવકુલિકાઓ, વિશાળ રંગમંડપ, શિખર અને કોટથી યુક્ત છે. મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે.

મંદિરમાં બહારના દ્વારથી પ્રવેશ કરતાં રંગમંડપ સુધી જવાને પગથિયાં છે. પગથિયાં ઉપર ટકોરખાનાનો ઝરુખો છે. મંદિરનું શિખર ઉન્નત અને વિશાળ છે. તારંગાના પહાડ ઉપર આવેલા શ્રીઅજિતનાથ ભગવાનના દેરાસરના શિખરને એ મળતું આવે છે. સમગ્ર શિખર આરસપાષાણનું બનેલું છે.

## મંદિરની મૂર્તિઓ અને લેખો

દેરાસરની બાંધણી એવી માપસર અને સુંદર છે કે, મંદિરના પ્રવેશદ્વાર ઉપર ઊભા રહીને પણ મૂળનાયક ભગવંતનાં દર્શન થઈ શકે.

મૂળગભારામાં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની ભવ્ય અને રમણીય મૂર્તિ બિરાજમાન છે. તેમની આસપાસ પાષાણનું એકતીર્થીનું મોટું પરિકર હતું, અને મોટા બે ઇંદ્રો પણ હતા તે જીર્ણોદ્ધાર વખતે ખંડિત થતાં મંદિરની પાછલી ભમતીમાં મૂકેલા જોવાય છે. આ મૂળનાયકની મૂર્તિના પબાસન ઉપર આ૦ વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા થયાનો સં૦ ૧૬૭૫નો લેખ છે.

ગૂઢમંડપમાં મોટા પરિકરયુક્ત ચાર કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે. તેમાં મુખ્ય દરવાજા પાસેના કાઉસગ્ગિયા ઉપર સં૦ ૧૩૧૪ના લેખો છે. તેમાં 'આરાસણાનગર–નેમિનાથ ચૈત્યમાં આ કાઉસગ્ગિયા સ્થાપન કર્યા એમ લખેલું છે. બીજા બે કાઉસગ્ગિયા ઉપર સં૦ ૧૨૧૪ના લેખો છે.

સં૦ ૧૩૧૦ના લેખવાળો એક ૧૭૦ જિનનો સુંદર પટ છે. પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગિયા અને ૧ યક્ષની પ્રતિમા છે. કાઉસગ્ગિયા પાસે ભીંત અગર સ્તંભમાં બે મૂર્તિઓ છે અને ૧ ધાતુની પંચતીર્થી છે.

અહીં છ ચોકીને બદલે બે હારમાં થઈને દશ ચોકી છે. તેમાં ડાબા હાથ તરફની ચોકીના ગોખલામાં નંદીશ્વરદ્વીપની સુંદર રચના કરેલી છે. તેના ઉપર સં૦ ૧૩૨૩નો

લેખ છે. તેની બાજુના એક સુંદર ગોખલામાં એક કાઉસગ્ગિયા પ્રતિમા છે, જેની ઉપર એક જિનપ્રતિમા વિરાજમાન છે.

જમણા હાથ તરફની છચોકીની એક દેરીમાં અંબાજી માતાની મોટી મૂર્તિ છે. છચોકીના ડાબા હાથ તરફના કોરણી-ભર્યા એક સ્તંભ ઉપર સં૦ ૧૩૧૦ના વૈશાખ સુદિ ૫ નો લેખ છે. એ સ્તંભ 'પોરવાડ શ્રેષ્ઠી આસપાલે આરસણનગરના અરિષ્ટનેમિ જિનાલયમાં ચંદ્રગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના ઉપદેશથી એક સ્તંભ યથાશક્તિ બનાવ્યો' એવી હકીકત લખી છે. છચોકીમાં સામેના બે ગોખલા ખાલી છે. તે પૈકી એકમાં ખાલી પરિકર છે. બાજુમાંના ત્રણ ગોખલા મૂર્તિ વિનાના છે.

સભામંડપના ડાબા હાથ તરફના ગભારામાં મૂળ-નાયક શ્રીઆદીશ્વર ભગવંતની આરસપાષાણની એકતીર્થી પરિકરયુક્ત મનોહર પ્રાચીન પ્રતિમા છે. આ મૂર્તિની શ્રીવિજયદેવસૂરિએ સં૦ ૧૬૭૫ માં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. એ ગભારામાં બાજુના બે ગોખલામાં મૂર્તિઓ નથી પણ સં૦ ૧૩૩૫ ના લેખોવાળાં પરિકરો મૌજુદ છે.

જમણા હાથ તરફના ગોખલામાં મૂળનાયક શ્રીપાર્શ્વ-નાથ ભગવંતની પ્રાચીન એકતીર્થીના પરિકરયુક્ત ભવ્ય અને દર્શનીય પ્રતિમા છે. આ પ્રતિમા એવડી મોટી છે કે નીચે ઊભા રહીને ભગવંતના લલાટની પૂજા કરી શકાતી નથી, તેથી તેની બાજુમાં લાકડાની ઘોડી મૂકેલી છે.

આ તરફના આદિવાસી લોકો આ શ્રીપાર્શ્વનાથની મૂર્તિને 'ભીમદાદા', શ્રીઆદીશ્વરની મૂર્તિને 'અર્જુન' અને શ્રીનેમિનાથ ભગવંતની પ્રતિમાને 'યુધિષ્ઠિર' કહીને મહાભારતના પાત્રોની સ્મૃતિ તાજી કરાવે છે.

મૂળગભારાની પાછળના ભાગની મંદિરની ભીંતમાં સુંદર કોરણી કરેલી છે. મંદિરની પાછલી ભમતીમાં પરિકરોના સેંકડો ટુકડા, પબાસન અને ગાદીના ટુકડા, કાઉસગ્ગિયા, પરિકરમાંથી છૂટા પડી ગયેલા ખંડિત–અખંડિત ઇંદ્રો, અનેક સ્તંભોયુક્ત નકશીદાર સુંદર તોરણો વગેરે પડેલાં છે. વળી, આમાં જિનમાતૃપટો, ચોવીશીના પટો છે, જેમાં લગભગ સો જેટલા લેખો પણ હશે. એક લેખ સં૦ ૧૨૦૪ નો છે એટલે એ પહેલાં આ મંદિર બન્યું હશે, કેમકે તેમાં 'આરાસણ–અરિષ્ટનેમિચૈત્ય' એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો વાંચી શકાય છે.

મંદિરના પાછલા ભાગના ગોખલામાં 'સમળીવિહાર'-ના પટનો નીચેનો અર્ધ ભાગ ચોંટાડેલો છે.

આ પટમાં લંકાના રાજા બેઠેલા છે. તેમના ખોળામાં રાજકુમારી છે. ભેટણું ધરીને ઊભેલા જૈન ગૃહસ્થો, પગલાં અને અશ્વ વગેરેની આકૃતિ આરસમાં કોતરેલી છે.

બાકીનો ઉપરનો અડધો પટ અહીં દેરીઓ પાસે જ્યાં દેરીઓના પબાસન વગેરે કાઢી નાખેલાં પડયાં છે ત્યાં દિવાલ પાસે મૂકેલો છે; તેમાં સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધિ, જૈનાચાર્ય અને વહાણની સુંદર આકૃતિ આલેખી છે.

આ બંને ભાગને સાંધીને એક જ સ્થળે ચોંટાડવા જોઈએ જેથી લેખ સાથેની શિલ્પકૃતિ જળવાઈ રહે.

આબૂ ઉપરના મંદિરમાંના પટ જેવો જ આ પટ છે, તેની ઉપર સં૦ ૧૩૩૮નો લેખ છે.

આ દેવાલયની જગતીમાં—ભિટ્ટમાં ચારે બાજુએ ફરતી ગજસર છે. તેમજ નર-નારીનાં જોડલાંની નરસર છે. તદુપરાંત દેવ, યક્ષ, યક્ષિણીનાં મોટાં પૂતળાં ફરતે બેસાડેલાં છે. કેટલેક સ્થળે કામશાસ્ત્રીય જોડલાંની આકૃતિઓ પણ કોરેલી નજરે પડે છે.

મંદિરમાં ઘૂમટના અમલસારની નીચે ચારે બાજુએ મોંઢાં મૂકેલાં છે. મંદિરમાંની દેવકુલિકાઓના અગ્રભાગના છેડા ઉપર આવેલા સ્તંભો, તેમ જ દેવગૃહની પરસાલમાંના સ્તંભો આબૂ ઉપર આવેલા દેલવાડાના વિમલવસહી મંદિરના જેવા જ છે.

રંગમંડપની બીજી બાજુ ઉપરના દરવાજામાં તેમ જ છેડેના બે સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરનાં મુખો મુકવામાં આવ્યાં છે. આ મુખોમાં બેસાડેલું કોરણીભર્યું સુંદર તોરણ શોભી રહ્યું છે. એ તોરણ ઉપરના પથ્થરની નીચેની બાજુને સ્પર્શે છે. આ તોરણ આબૂ ઉપરના વિમલવસહી મંદિરમાંના તોરણ જેવું જ છે.

મંડપના સ્તંભોની તેમજ પરસાલના સ્તંભોની ખાલી કમાનો, જે ગૂઢમંડપના દ્વારની બરાબર સામે રહેલી છે અને ઉપરના પાટડાની નીચે આવેલા આગળા ઉપરથી

જણાય છે કે, પહેલાં આવાં બીજાં કેટલાંક તોરણો અહીં હતાં પણ આજે તે નષ્ટ થયાં લાગે છે.

મંદિરમાંની પીઠ તેમ જ આજુબાજુનો ભાગ ખાલી છે.

મંદિરમાં બધા મળીને ૯૪ સ્તંભો છે, જેમાં ૨૨ સ્તંભો સુંદર કોરણીવાળા છે, અને બીજા સ્તંભો સાદા છે. કોરણીવાળા સ્તંભોમાં દેવ-દેવીઓ અને વિદ્યાધરીઓની આકૃતિઓ આલેખી છે.

રંગમંડપમાં પૂજા-મહોત્સવ વખતે સ્ત્રીઓને બેસવાના ઝરુખાઓ પણ છે.

અહીં ઝીણી નજરે તપાસતાં જૂના કામને બદલે નવું કામ એવી જ સફાઈથી કર્યું હોવાનું જોવાય છે. સભામંડપના ઘૂમટમાં ત્રણસો વર્ષ પહેલાં રંગનું કામ કરેલું છે તે જાણે તાજું જ હોય એમ દેખાય છે. રંગમંડપમાં પણ કોરણી ઉપર રંગ કરેલો છે. આ રંગમંડપ અને ચોકીની કોરણી અત્યંત સુંદર છે; તે આબૂ ઉપરના દેલવાડાનાં મંદિરોમાંની કોરણીથી જરાયે ઊતરે એવી નથી.

મંડપના મધ્ય ભાગ ઉપર આધુનિક છાપરું છે, જેનો આકાર ઘૂમટ જેવો છે. તેના ઉપર રંગ કરેલો હોવાથી તે શોભાયમાન લાગે છે. આજુબાજુએ એક વાંસનું પાંજરું મૂકેલું છે, જેથી તેમાં પંખીઓ કે ચામાચીડિયાં પ્રવેશી શકતાં નથી.

મંદિરની દેવકુલિકાની ભીંતો પ્રાચીન છે, પણ શિખર તેમજ ગૂઢમંડપની બહારનો ભાગ પાછળથી બનાવેલો હોય

એમ લાગે છે. તેને ઇંટથી ચણી લઈ પ્લાસ્ટર કરીને આરસ જેવો સાફ કરેલો છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી અને અર્વાચીન છે. મૂળગભારાની જમણી બાજુએ ઉપરના ભાગેલા પાટડાને ટેકો આપતી જે ત્રણ બેડોળ કમાનો ચણેલી છે તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે, જે ઘણાખરા કોતરકામને ઢાંકી દે છે.

## મંદિર બંધાવનાર

શ્રીધર્મસાગર ગણિએ રચેલી ‘તપાગચ્છ–પટ્ટાવલી’ માં જણાવ્યું છે કે, વાદિદેવસૂરિએ (સમય વિ૦ સં૦ ૧૧૭૪ થી ૧૨૨૬) આરાસણમાં શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી–

‘ तथा आरासणे च नेमिनाथप्रतिष्ठा कृता ॥ ’

‘ઉપદેશસપ્તતિ’ (ના અધિકાર બીજાના ઉપદેશ આઠમા)માં પાસિલ નામના શ્રેષ્ઠીએ આ શ્રીનેમિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું અને શ્રીવાદિદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી એની કથા આલેખી છે—

આરાસણા નગરમાં ગોગા મંત્રીનો પુત્ર પાસિલ નામે વસતો હતો. તે દૈવયોગે નિર્ધન બની ગયો, તેથી એક દિવસે વ્યાપાર માટે તે પાટણ ગયો. ત્યાં દેવદર્શને જતાં તે રાજવિહાર પ્રાસાદનું પ્રમાણ ખૂબ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો. તેના દરિદ્ર દેદાર જોઈને દર્શન કરવા આવેલી હાંસી નામની બાઈએ કાંઈક ઉપહાસમાં કહ્યું કે, ‘શું તમારે આવું ચૈત્ય બંધાવવું છે, જેથી આટલી બારીકાઈથી તમે આ પ્રાસાદનું

નિરીક્ષણ કરો છો?'

'બેન! આ કાર્ય મારા માટે દુર્ઘટ છે. છતાં જો હું આવો પ્રાસાદ બંધાવું તો તમારે ત્યાં આવવું જોઈશે.' પાસિલે દુઃખિત હૃદયે પણ ખૂબ નમ્રતાથી જવાબ આપ્યો.

હાંસી શ્રાવિકાના ઉપહાસનો ખટકો તેના મનમાં સળવળ્યા કરતો હતો તેથી ગુરુએ કહેલા આમ્નાયપૂર્વક તેણે અંબિકાદેવીની આરાધના કરી. પાસિલના ભાગ્યોદયથી અંબિકાએ પ્રત્યક્ષ થઈ કહ્યું: 'સીસાની ખાણ મારા પ્રભાવથી રૂપાની થશે તે વડે તું જૈનપ્રાસાદ બંધાવજે.'

આવો આદેશ મેળવી તેણે ૪૫૦૦૦ સોનામહોરો ખરચીને આરાસણામાં શ્રીનેમિનાથ ભગવંતનું મંદિર બંધાવવાનો આરંભ કર્યો.

એક સમયે વિહાર કરતા ગુરુમહારાજ ત્યાં પધાર્યા અને પાસિલને પૂછ્યું: 'ભદ્ર! ચૈત્યનિર્માણનું કામ સમાધિપૂર્વક ચાલે છે ને?'

તેણે કહ્યું: 'દેવ અને ગુરુના પ્રસાદથી ઠીક ચાલે છે.'

આ જવાબથી અંબિકાદેવી કોપાયમાન બની ગઈ કે, ખરેખર આ પાસિલ કૃતઘ્ન લાગે છે. મારો ઉપકાર તો માનતો નથી. આથી ચૈત્યનું કામ શિખર સુધી બનીને અટકી ગયું.

પાસિલે પાટણથી ગુરુમહારાજ અને હાંસી શ્રાવિકાને સાદર આમંત્રણ કર્યું. ગુરુમહારાજ શ્રીવાદિદેવસૂરિના હાથે સં૦ ૧૧૯૩ના વૈશાખ સુદિ ૧૦ ને ગુરુવારે તેની મોટા સમારોહપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. (કોઈ કોઈ સ્થળે સં૦ ૧૨૨૬માં

પ્રતિષ્ઠા કર્યાનું લખ્યું છે.)

એ વખતે હાંસી શ્રાવિકાએ પાસિલને વિનવણી કરી કે, 'જો તમે કહો તો હું અહીં રંગમંડપ બનાવવાને ઇચ્છું છું. તેને માટે વસ્ત્ર લાવી આપો.' આથી હાંસી શ્રાવિકાએ નવ લાખ રૂપિયાના ખર્ચથી 'મેઘનાદ' નામે મોટો મંડપ રચાવ્યો.

વ્યાપારીઓએ ત્યાં બીજા પણ દેવપ્રાસાદો બંધાવ્યા. ત્યારથી આ નગર તીર્થરૂપ બની ગયું.

*

શ્રીજિનહર્ષગણિ, પોતાના 'વસ્તુપાલચરિત્ર' માં જણાવે છે કે—

"प्रासादं जगदाह्लादं प्रासादादम्बिकोद्भवात् ।
समुद्धृत्य नगोत्तुङ्गं नेमिनः स्वामिनः पुनः ॥
पुण्यात्मा पासलिर्मन्त्री चित्रप्राचिकृतापरः ।
व्यधादारासणक्षोणीधरं रैवतदैवतम् ॥"

—દેવોને પણ આશ્ચર્ય પમાડનાર પુણ્યાત્મા પાસલિ મંત્રીએ અંબિકાદેવીના પ્રસાદથી જગતને આનંદ આપનાર તથા પર્વત સમાન ઉન્નત એવા શ્રીનેમિનાથ ભગવાનના ચૈત્યનો ઉદ્ધાર કરાવીને આરાસણ પર્વતને રૈવતાચલ જેવો બનાવી દીધો.

આ હકીકતથી જણાય છે કે, શ્રીનેમિનાથ ભ૦ ના દેરાસરનો પાસલિ (પાસિલ) મંત્રીએ જીર્ણોદ્ધાર કરાવ્યો. જો એમ હોય તો આ મંદિર ખૂબ પુરાણું હોવું જોઈએ. સંભવતઃ વિમલ મંત્રીએ આ મંદિર બંધાવ્યું હશે.

આ શ્રીનેમિનાથ ભ૦ ના રંગમંડપમાં એક મોટું ભોંયરું છે, તે ખુલ્લું છે ને અંદર ઊતરી શકાય છે. તેમાં એકાદ–બે ખંડિત પ્રતિમાઓ છે. તે ભોંયરું લગભગ પંદર ફૂટનું છે. તે પછી દિવાલ છે. કહેવાય છે કે, આ ભોંયરું ઠેઠ આબૂ પર્વત સુધી જાય છે, પણ એ હકીકત માની શકાય એવી લાગતી નથી.

## શ્રીનેમિનાથ ભ૦ના મંદિરના લેખો

(૧)

એક મૂર્તિ ઉપરનો ત્રુટિત લેખ—

संवत् ११९१ वर्षे.......................

—સં૦ ૧૧૯૧ ના...............................

(૨)

મંદિરની ભીંત ઉપરનો લેખ—

कल्याणत्रये श्रीनेमिनाथबिंबानि प्रतिष्ठितानि नवांगवृत्तिकार-श्रीमदभयदेवसूरिसंतानीयश्रीचंद्रसूरिभिः श्रे० सुमिग श्रे० वीरदेव-श्रेष्ठिगुणदेवस्य भार्या जयतश्री साहुपुत्र वइरा पुना लुणा विक्रम खेता हरपति कर्मट राणा कर्मटपुत्र खोमसिंह तथा वीरदेवसुत अरसिंह प्रभृतिकुटुंबसहितेन गांगदेवेन कारितानि............

—શ્રેષ્ઠી સુમિગ, શ્રે૦ વીરદેવ, શ્રે૦ ગુણદેવની ભાર્યા જયતશ્રી, સાહૂના પુત્રો વઈરા, પૂના, લુણા, વિક્રમ, ખેતા, હરપતિ, કર્મટ, રાણા—તેમાંના કર્મટના પુત્ર ખીમસિંહ, વીરદેવ, તેના પુત્ર અરિસિંહ વગેરે કુટુંબ સાથે ગાંગદેવે

શ્રીનેમિનાથ ભ૦ ના ત્રણ કલ્યાણકોના દિવસોમાં ભરાવેલાં (મંદિર)નાં બિંબોની નવાંગવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિના સંતાનીય શ્રીચંદ્રપ્રભસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૩ )

એક મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १२०४ फाल्गुन वदि ११ कुजे श्रीनेमिनाथचैत्य-मुखमंडपखत्तके श्रीशांतिबिंबं........

—સં૦ ૧૨૦૪ ના ફાગણ વદિ ૧૧ ને મંગળવારે શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરના મુખ્ય મંડપના ગોખલામાં શ્રીશાંતિનાથ ભ૦ નું બિંબ (પધરાવ્યું.)

( ૪ )

ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् १२०६ ज्येष्ठ सुदि ९ मंगलदिने श्रे० सहजिग-सुतेन उद्धापरमश्रावकेण निजानुजभोदा भागिनेयममा भगिनी लोलीप्रभृतिस्वकुटुंब (*) समन्वितेन निजकलत्रसलक्षणश्रेयोनिमित्तं श्रीपार्श्वजिनबिंबं कारापितं । प्रतिष्ठितं श्रीअजितदेवसूरिशिष्यैः श्रीविजयसिंहसूरिभिः ॥

—સં૦ ૧૨૦૬ ના જેઠ સુદિ ૯ ને મંગળવારે શ્રેષ્ઠી સહજિગના પુત્ર પરમશ્રાવક ઉદ્ધાએ, પોતાના નાના ભાઈ ભોદા, ભાણેજ મમા, બેન લોલી વગેરે પોતાના કુટુંબ સાથે, પોતાની પત્ની સલખણના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું

બિંબ ભરાવ્યું અને તેની શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૫ )

ભ૦ નેમિનાથની એક મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १२०८ फागण सुदि १० रवौ........आरासनाकरे श्रीनेमिनाथचैत्यमुखमंडपे श्रीनेमिनाथबिंबं कारितं ॥

—સં૦ ૧૨૦૮ ના ફાગણ સુદિ ૧૦ ને રવિવારે.... ........આરાસણા ગામમાં શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરના મુખ્ય મંડપમાં શ્રીનેમિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું.

( ૬ )

મંદિરના એક સ્તંભ ઉપરનો લેખ— :

ॐ ॥ संवत् १३१० वर्षे वैशाख वदि ५ गुरौ प्राग्वाटज्ञातीय श्रे० बील्हणमातृ(*) रूपिणिश्रेयोर्थं सुतआसपालेन सीधपाल पद्मसीहसहितेन निज(*) विभवानुसारेण आरासणे नगरे श्रीअरिष्ट-नेमिमंडपे श्रीचंद्रगच्छी(*)यश्रीपरमाणंदसूरि शिष्य श्रीरत्नप्रभसूरीणा-मुपदेशेन स्तंभः कारितः ॥

—સં૦ ૧૩૧૦ ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી બીલ્હણની માતા રૂપિણીના કલ્યાણ માટે પુત્ર આસપાલે, સીધપાલ અને પદ્મસીહની સાથે પોતાના વૈભવ અનુસાર આરાસણા નગરના શ્રીનેમિનાથ ભ૦ ના મંડપમાં શ્રીચંદ્રગચ્છીય શ્રીપરમાનંદસૂરિના ઉપદેશથી સ્તંભ કરાવ્યો.

(૭)

૧૭૦ જિનના યંત્રપટ પરનો લેખ—

संवत् १३१० सत्तरीसययंत्रक (कं) बृहद्गच्छी[य] श्रीअभय-देवसूरिशिष्यश्रीजिनभद्रसूरि—श्रीशांतिप्रभसूरिशिष्य श्रीहरिभद्रसूरि-शिष्यपरमानंदसूरिभिः प्रतिष्ठितं ॥

—સં૦ ૧૩૧૦ માં બ્રહદ્ગચ્છીય શ્રીઅભયદેવસૂરિના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીશાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ ૧૭૦ જિનના યંત્રની પ્રતિષ્ઠા કરી.

(૮)

શ્રીઅજિતનાથ જિન યુગલ—કાઉસગ્ગિયા પ્રતિમા પરનો લેખ—

संवत् १३१४ वर्षे ज्येष्ठ शुदि बीज (द्वितीया) सोमे आरा-सणा श्रीनेमिनाथचैत्ये बृहद्गच्छीय श्रीशांतिसूरिशिष्यैः श्रीरत्न-प्रभसूरि—श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंदसूरिभिः पट्टे प्रतिष्ठितं प्राग्वाटान्वय श्रे० माणि............देवभार्यारूपिणिपुत्रवीरभद्र-भार्या विहिन सुविदाभार्या सहजू सुतवी............रत्ननीणि सुपदमिणि भा०(भ्रा०) श्रे०चा(चां)दाभार्या आसमतीपुत्र अमृतसा भार्या राजल लघुभ्रातृ अ............तांगसिंहश्रेयोर्थं अजितनाथ-जिनयुगल........

—સં૦ ૧૩૧૪ ના જેઠ સુદિ ૨ ને સોમવારે આરા-સણા નગરમાં શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં બૃહદ્ગચ્છીય

શ્રીશાંતિસૂરિના શિષ્યો શ્રીરત્નપ્રભસૂરિ અને હરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ, પ્રાગ્વાટવંશીય શ્રેષ્ઠી માણિ....................દેવની ભાર્યા રૂપિણીના પુત્ર વીરભદ્રની ભાર્યા વિહ્નિ, સુવિદ્દાની ભર્યા સહજૂ, તેના પુત્ર વી........ ............રત્નનીણિ, સુપદમિ‍િ‍ના ભાઈ શ્રે૦ ચાંદાની ભાર્યા આસમતી, તેના પુત્ર અમૃતસા, તેની ભાર્યા રાજલના નાના ભાઈ...................તાંગસિંહના કલ્યાણ માટે શ્રીઅજિતનાથ ભ૦ નું (કાઉસગ્ગિયા) જિનયુગલ પાટ પર પ્રતિષ્ઠિત કર્યું

(૯)

શ્રીપાર્શ્વનાથ ભ૦ ની એક મૂર્તિ પરનો લેખ—

संवत् १३२७ वैशाख सुदि बीज (द्वितीया) सोमे श्रीनाहाणाकरवास्तव्य श्रे० वीरचंद श्रीपार्श्वनाथबिंबं............

—સં૦ ૧૩૨૭ ના વૈશાખ સુદિ ૨ ને સોમવારે નાહાણાકરના રહીશ શ્રેષ્ઠી વીરચંદે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ (ભરાવ્યું.)

(૧૦)

મંદિરમાં પેસતાં ડાબા હાથે પશ્ચિમાભિમુખ શ્રીઅજિતનાથ ભ૦ ની દેરીમાં શ્રીઅજિતનાથ ભ૦ ની નીચે પરિકરની ગાદી ઉપરનો લેખ—

ॐ ॥ सं[०] १३३५ माघ शुदि १३ शुक्रे प्राग्वाटज्ञा० श्रे० सोमाभार्या माल्हणपुत्राः वयर श्रे० अजयसिंह छाडा सोडा-भार्या वस्तिणिराज(*)ल छाबू धांधलदेवि सुहडादेविपुत्र वरदेव झांझग

आसा कडुया गुणपाल पेथा प्रभृति समस्त कुटुंबसहिताभ्यां छा(*) डा-सोढाभ्यां पितृमातृभ्रातृअजाश्रेयो[र्थं] श्रीअजितस्वामिबिंबं देव-कुलिकासहितं कारितं प्रतिष्ठितं बृह० श्रीहरिभद्रसूरिशिष्यैः परमा-नंदसूरिभिः ॥ शुभं भवतु ॥

—સં० ૧૩૩૫ ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે પોરવાડ-જ્ઞાતીય શ્રેષ્ઠી સોમા, તેની ભાર્યા માલ્હણના પુત્રો વયર, શ્રેષ્ઠી અજયસિંહ, છાડા, અને સોડા, તેમની ભાર્યાઓ[૧] વસ્તિણિ, રાજલ, છાબૂ, ધાંધલદેવી, સુહડાદેવી, તેમના પુત્રો વરદેવ, ઝાંઝણ, આસા, કડુયા, ગુણપાલ, પેથા વગેરે સમસ્ત કુટુંબ સાથે શ્રે૦ છાડા અને સોઢાએ પોતાના પિતા, માતા, ભાઈ, પુત્રી વગેરેના કલ્યાણ માટે શ્રીઅજિતસ્વામી ભ० નું બિંબ દેવકુલિકા—દેરી સાથે કરાવ્યું અને તેની બૃહદ્ગચ્છીય શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિજીએ પ્રતિષ્ઠા કરી.

## (૧૧)

શ્રીશાંતિનાથ ભ० ની દેરી ઉપરનો લેખ—

संवत् १३३५ वर्षे माघ सुदि १३ चंद्रावत्यां जालणभार्या ........भार्यामोहिनीसुत सोहड भ्रातृसांगाकेन आत्मश्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारापितं प्रतिष्ठितं च श्रीवर्द्धमानसूरिभिः ॥

---

૧. આમાં ચાર પુત્રો અને પાંચ પુત્રવધૂઓનાં નામ છે. કોઈ ને બે પત્નીઓ હશે પણ કોને બે પત્નીઓ હતી એની આ લેખમાં સ્પષ્ટતા નથી. માત્ર નામો આપ્યાં છે. એ જ રીતે તેમના પુત્રોનાં પણ માત્ર નામ આપ્યાં છે. એટલે કોણ કોનો પુત્ર એ સ્પષ્ટ નથી.

—સં૦ ૧૩૩૫ ના માહ સુદિ ૧૩ ના રોજ ચંદ્રાવતી નગરીમાં શ્રે૦ જાલણુની ભાર્યા.................ભાર્યા મોહિનીના પુત્ર સોહડ, તેના ભાઈ સાંગાએ પોતાના કલ્યાણ માટે શ્રીશાંતિનાથ ભ૦ નું બિંબ પધરાવ્યું અને તેની શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૧૨ )

મંદિરમાં ડાબી બાજુએ આવેલી ભમતીમાંની છેલ્લી દેવકુલિકાની ભીંત પરનો લેખ—

ॐ ॥ प्राग्वाटवंशे श्रे० वाहडेन श्रीजिन (*)चन्द्रसूरिसदुपदेशेन पादपराग्रामे उं(*)देरवसहिकाचैत्यं श्रीमहावीरप्रतिमा(*)-युतं कारितं। तत्पुत्रौ ब्रह्मदेव-शरणदेवौ। ब्रह्मदेवेन सं० १२७५ अत्रैव श्रीने(*)मिमंदिरे रंगमंडपे दाढाधरः कारितः ॥(*) श्रीरत्नप्रभसूरिसदुपदेशेन। तदनुज श्रे०(*) सरणदेवभार्या सूहडदेवि तत्पुत्राः श्रे०(*) वीरभद्र पासड आंबड रावण। यैः श्रीपर(*)-मानंदसूरीणामुपदेशेन सप्ततिशततीर्थं का(*)रितं ॥ सं० १३१० वर्षे। वीरचंद्रभार्या सुषमिणि(*) पुत्र पुनाभार्या सोहगपुत्र लूणा झांझण। आं(*)बडपुत्र वीजा खेता। रावणभार्या होरूपुत्र बो(*)डाभार्या कामलपुत्र कडुया द्वि० जयताभार्या मूंद(*)यापुत्र देवपाल कुमारपाल तृ० अरिसिंह ना(*)गउरदेविप्रभृतिकुटुंबसमन्वितैः श्रीपरमा(*)नंदसूरीणामुपदेशेन सं० १३३८ श्रीवासुपूज्य(*)देवकुलिकां। सं० १३४५ श्रीसंमेतशिखर(*)तीर्थे मुख्यप्रतिष्ठां महातीर्थयात्रां विधाप्या(*)ऽमजन्म एवं पुण्यपरंपरया सफलीकृतः(तं)॥

(*) तद्द्यापि पोसीनाग्रामे श्रीसंघेन पूज्यग्राम(मान?)(*)मस्ति॥ शुभमस्तु श्रीश्रमणसंघप्रसादतः ॥

—પોરવાડવંશના શ્રેષ્ઠી બાહડે શ્રીજિનચંદ્રસૂરિના ઉપદેશથી પાદ્દપરા ગામમાં શ્રીમહાવીર ભ૦ ની પ્રતિમાયુક્ત 'ઉંદેરવસહિકા' નામનું મંદિર કરાવ્યું, તેના (બાહડના) પુત્ર બ્રહ્મદેવ અને શરણુદેવ થયા. તેમાં બ્રહ્મદેવે સં૦ ૧૨૭૫ માં આ જ શ્રીનેમિનાથ ભ૦ ના રંગમંડપમાં શ્રીરત્નપ્રભસૂરિના સદુપદેશથી 'દાઢધર' કરાવ્યો.

તેના નાનાભાઈ શ્રેષ્ઠી શરણુદેવની ભાર્યા સૂહડદેવીના પુત્રો વીર(ભ)ચંદ્ર, પાસડ, આંબડ, રાવણ; જેમણે શ્રીપરમાનંદસૂરિના ઉપદેશથી સં૦ ૧૩૧૦ માં ૧૭૦ જિનનું તીર્થ કરાવ્યું.

તેમાંથી વીરચંદ્રની ભાર્યા સુખમિણિના પુત્ર પુનાની ભાર્યા સોહગના પુત્રો લૂણા અને ઝાંઝણ થયા. આંબડના પુત્રો વીજા અને ખેતા થયા. રાવણની ભાર્યા કામલના પુત્ર કડુઆ, બીજો પુત્ર જયતા, તેની ભાર્યા મૂંટયાના પુત્ર દેવપાલ, કુમારપાલ, અને ત્રીજા પુત્ર અરિસિંહ અને નાગોરદેવી વગેરે કુટુંબની સાથે શ્રીપરમાનંદસૂરિના ઉપદેશથી સં૦ ૧૩૩૮ માં શ્રીવાસુ પૂજ્ય ભ૦ ની દેવકુલિકા કરાવી અને સં૦ ૧૩૪૫ માં સંમેતશિખર તીર્થમાં મુખ્ય (પ્રતિમાની) પ્રતિષ્ઠા તથા મોટાં તીર્થોની યાત્રા કરીને પોતાનો જન્મ આવા પ્રકારની પુણ્યપરંપરા વડે સફળ કર્યો. તે આજે પણ પોસીના ગામમાં શ્રીસંઘ વડે પૂજાય છે.

( ૧૩ )

મંદિરમાંના ગૂઢમંડપમાં આવેલા શિલાપટ્ટ પરનો લેખ—

( શિલાપટ્ટમાં શ્રીમુનિસુવ્રતસ્વામીની મૂર્તિ તથા તેમણે કરેલો અશ્વને બોધ અને સમલિકાવિહાર તીર્થ વગેરેના આકારો કોતરેલા છે. )

सं० १३३८ वर्षे ज्येष्ठ सुदि १४ शुक्रे श्रीनेमिनाथचैत्ये संविज्ञविहारिश्रीचक्रेश्वरसूरिसंताने श्रीजयसिंहसूरिशिष्यश्रीसोमप्रभसूरिशिष्यैः श्रीवर्धमानसूरिभिः प्रतिष्ठितं। आरसण(णा)करवास्तव्य(*) प्राग्वाटज्ञातीय श्रे० गोनासंताने श्रे० आमिगभार्या रतनीपुत्रतुलहारि आसदेव भ्रा० पासड तत्पुत्र सिरिपाल तथा आसदेवभार्या सहजू पुत्र तु० आसपालेन भा० धरणि.......... सीत्त सिरिमति तथा(*) आसपालभार्या आसिणिपुत्र लिंबदेव हरिपाल तथा धरणिगभार्या..........उदाभार्या पाल्हणदेविप्रभृतिकुटुंबसहितेन श्रीमुनिसुव्रतस्वामिबिंबं अश्वावबोधसमलिकाविहारतीर्थोद्धारसहितं कारितं ॥ मंगलमहाश्रीः ॥

—સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ ને શુક્રવારે શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં આરાસણાકરના રહેવાસી પોરવાડ જ્ઞાતીય શ્રેષ્ઠી ગોનાના સંતાનમાં શ્રેષ્ઠી આમિગની ભાર્યા રતનીના પુત્ર તુલહારી આસદેવના ભાઈ પાસડ, તેના પુત્રો સિરિપાલ તથા આસપાલ, તેની ભાર્યા ધરણિ............... સીત્ત, શ્રીમતી તથા આસપાલની ભાર્યા આસિણીના પુત્રો લિંબદેવ, હરિપાલ તથા ધરણિગ, તેની ભાર્યા...............

ઉદાની ભાર્યા પાલ્હણદેવી વગેરે કુટુંબ સાથે શ્રીમુનિસુવ્રત-સ્વામીનું બિંબ, અશ્વાવબોધ અને સમલિકાવિહાર તીર્થના ઉદ્ધાર સાથે ભરાવ્યું, અને તેની સંવિજ્ઞવિહારી શ્રીચક્રેશ્વર-સૂરિના સંતાનીય શ્રીજયસિંહસૂરિના શિષ્ય શ્રીસોમપ્રભ-સૂરિ અને તેમના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૧૪ )

મંદિરમાં મૂળનાયકની ડાબી બાજુની ભમતીમાં શ્રીવાસુ-પૂજ્યસ્વામીની દેવકુલિકાની મૂર્તિના પબાસન પરનો લેખ—

संवत् १३३८ वर्षे ज्येष्ठ सुदि १४ श्रीनेमिनाथचैत्ये बृहद्गच्छीयश्रीरत्नप्रभसूरिशिष्य श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंद-सूरिभिः प्रतिष्ठितं प्राग्वाटज्ञातीय श्रे० शरणदेवभार्या सुहडदेवी तत्पुत्र श्रीवीरचंद्रभार्या सुषमिणीपुत्र पुनाभार्या सोहगदेवी आंबडभार्या अभयसिरिपुत्र बीजा खेता रावणभार्या हीरूपुत्र बोडसिंहभार्या जयतलदेवी प्रभृतिस्वकुटुंबसहितैः रावणपुत्रैः स्वकीयसर्वजनानां श्रेयोऽर्थं श्रीवासुपूज्य[देवं] देवकुलिकासहितं प्रतिष्ठापितं च ॥

—સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ ના શ્રીનેમિનાથ ભ૦ના મંદિરમાં પોરવાડ જ્ઞાતીય શ્રેષ્ઠી શરણદેવની ભાર્યા સુહડ-દેવીના પુત્ર વીરચંદ્ર, તેની ભાર્યા સુખમિણિના પુત્ર પુના, તેની ભાર્યા સોહગદેવી, આંબડની ભાર્યા અભયસિરિ તેના પુત્રો બીજા, ખેતા, રાવણની ભાર્યા હીરૂના પુત્ર બોડ-સિંહની ભાર્યા જયતલદેવી વગેરે પોતાના કુટુંબસહિત રાવણના પુત્રોએ પોતાના બધા કુટુંબીઓના કલ્યાણ માટે

દેવકુલિકા સાથે શ્રીવાસુપૂજ્ય ભ૦નું બિંબ (ભરાવ્યું) અને તેની પ્રતિષ્ઠા બૃહદ્ગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિજી, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિજીએ કરી.

(૧૫)

મંદિરમાં સં૦ ૧૩૩૫ના લેખની નીચે આલેખાયેલો લેખ—

संवत् १३३८ वर्षे ज्येष्ठ सुदि १४ शुक्रे बृहद्गच्छीय श्रीचक्रेश्वरसूरिसंताने पूज्यश्रीसोमप्रभसूरिशिष्यैः श्रीवर्द्धमानसूरिभिः श्रीशांतिनाथबिंबं प्रतिष्ठितं कारितं श्रेष्ठि आसलभार्या मंदोदरी तत्पुत्र श्रेष्ठिगलाभार्या शील्ह तत्पुत्र मेहा तदनुजेन साहुखांखणेन निज-कुटुंब श्रेयसे स्वकारितदेवकुलिकायां स्थापितं च। मंगलं महाश्रीः। भद्रमस्तु ॥

—સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ને શુક્રવારે બૃહદ્-ગચ્છીય શ્રીચક્રેશ્વસૂરિના સંતાનીય પૂજ્ય શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ શ્રીશાંતિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કરી અને તે શ્રેષ્ઠી આસલની ભાર્યા મંદોદરી તેના પુત્ર શ્રે૦ ગલા, તેની ભાર્યા શીલૂ, તેના પુત્ર મેહા, તેના નાના ભાઈ સાહુ ખાંખણે પોતાના કુટુંબના કલ્યાણ માટે પોતે કરાવેલી દેવકુલિકા–દેરીમાં પધરાવ્યું.

( ૧૬ )

મંદિરમાંના એક સ્તંભ પરનો લેખ—

ॐ ॥ संवत् १३४४ वर्षे आ(*)षाढ सुदि पूर्णिमायां। देवश्रीने(*)मिनाथचैत्ये श्रीकल्याणत्रयस्य पूजार्थं श्रे० सिरधर त(*)-

त्पुत्र श्रे० गांगदेवेन वीस(*)लप्रीयद्रमा(म्मा)णां १२० श्रीनेमिनाथदेवस्य भांडागारे निक्षि(*)प्तं । वृद्धफलभोग[ाय] मासं प्रति द्र(*)म ३ चटंति । पूजार्थं । आचंद्र(*)कालं यावत् । शुभं भवतु ॥ श्री ॥

—સં૦ ૧૩૪૪ ના અષાડ સુદિ ૧૫ ના દેવ શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં ત્રણે કલ્યાણકોની પૂજા માટે શ્રેષ્ઠી શ્રીધર, તેના પુત્ર શ્રેષ્ઠી ગાંગદેવે 'વીસલપ્રીય' ૧૨૦ દ્રમ્મ [૧] શ્રીનેમિનાથ ભ૦ ના ભંડારમાં નાખ્યા. વૃદ્ધફળ–નારિયેલના ભોગ માટે પ્રતિ માસ પૂજા નિમિત્તે ૩ દ્રમ્મ જ્યાં સુધી ચંદ્ર રહે ત્યાં સુધી (સર્વદા) ચડયા કરે.

## ( ૧૭ )

મંદિરમાંના એક શિલાપટ્ટ પરનો લેખ—

सं० १३६६ फागण शुदि १० गुरौ प्राग्वाटज्ञा[तीय] ....... हदेव........[ अष्टा ]पदतीर्थं कारितं ॥

—સં૦ ૧૩૬૬ ના ફાગણ સુદિ ૧૦ ને ગુરુવારે પોરવાડજ્ઞાતીય....સહદેવ....અષ્ટાપદતીર્થ (તીર્થપટ્ટ ?) કરાવ્યું.

---

૧. એ સમયે ચાલતા 'વીસલપુરિયા' ચાંદીના સિક્કા. આ ૧૨૦ દ્રમ્મના વ્યાજમાંથી પ્રતિ માસ ૩ દ્રમ્મનાં નારિયેલ ચડાવાય. એટલે ૧૨૦ વીસલપુરિયા દ્રમ્મના મહિનાનું ૩ દ્રમ્મનું વ્યાજ (આ દ્રમ્મ 'વીસલપુરિયા' સિક્કાથી કીમતમાં હલકો હોવો જોઈએ; કેમકે ૧૨૦ દ્રમ્મનું મહિનાનું વ્યાજ ૩ વીસલપુરિયા દ્રમ્મ હોઈ ન શકે) આવે અને જો રોજનું એક નારિયેલ ગણીએ તો એક દ્રમ્મનાં ૧૦ નારિયેલ તે વખતે ત્યાં મળતાં એમ સમજાય.

(૧૮)

મંદિરના એક સ્તંભ પરનો લેખ—

संवत् १५२६ वर्षे आषाढ वदि ९ सोमे श्री(*)पत्तन-वास्तव्यगूज(र्ज)रज्ञातीय महं० पूजा(*) सुत सोधर[:] नित्यं प्रणमति ॥

—સં૦ ૧૫૨૬ ના અષાડ વદિ ૯ ને સોમવારે પાટણ નગરના રહેવાસી ગૂર્જરજ્ઞાતીય મહં૦ પૂજાના પુત્ર શ્રીધર હમેશાં પ્રણામ કરે છે.

(૧૯)

મંદિરમાં મૂળનાયકની મૂર્તિના આસન પરનો લેખ—

संवत् १६७५ वर्षे माघ सुदि चतुर्थ्यां शनौ श्रीओ(ऊ)-केशज्ञातीय वृद्धसज्जनीय श्रीनेमिनाथचैत्ये श्रीनेमिनाथबिंबं कारितं प्रतिष्ठितं सकलक्ष्मापालमंडलाखण्डलश्रीअकबरप्रदत्तजगद्गुरुबिरुद-भट्टारक श्रीहीरविजयसूरीश्वरपट्टपूर्वाचलमार्तंडमंडलायमानभट्टारक-श्रीविजयसेनसूरिशर्वरीसार्वभौमपट्टालंकारनीरधीश्वरसौभाग्यभाग्यादि-गुणगणरंजितमहातपाबिरुदधारकभट्टारकश्रीविजयदेवसूरिभिः पंडित-श्रीकुशलसागरगणिप्रमुखपरिवारसमन्वितैः बुहरा राजपालो शुभ० सफला० भवतीति शुभम् ॥

—સં૦ ૧૬૭૫ ના માહ સુદિ ૪ ને શનિવારે શ્રીઉકેશજ્ઞાતીય વૃદ્ધસજ્જનીય શાખાના શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીનેમિનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની સમગ્ર રાજવીઓના સમૂહમાં ઇંદ્રિસમા શ્રીઅકબર

રાજાએ આપેલા ‘ જગદ્‌ગુરુ ’ ના બિરુદવાળા ભટ્ટારક શ્રીહીરવિજયસૂરિની પાટે પૂર્વ દિશાના પર્વત ઉપર સૂર્યના પ્રભામંડલ સમાન દીપતા ભટ્ટારક શ્રીવિજયસેનસૂરિના શિષ્ય, જે સમુદ્રને આહ્‌લાદ આપવામાં ચંદ્રમા જેવા પટ્ટાલંકાર અને સૌભાગ્ય–ભાગ્યાદિ ગુણસમૂહથી આનંદિત કરતા ‘ મહાતપા ’ બિરુદને ધારણ કરતા, અને પંડિત કુલસાગર ગણિ વગેરે પરિવારથી અલંકૃત એવા ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી તે વુહરા ( વોરા ) રાજપાલને શુભ રીતે સફળ થાઓ.

( ૨૦ )

મંદિરમાં મૂળનાયકની જમણી બાજુના આદિનાથ ભ૦ની મૂર્તિ નીચે પલાંઠી ઉપરનો લેખ—

संवत् १६७५ वर्षे माघ वदि ४ शनौ श्रीमालज्ञातीयवृद्धशाखीय सा० रंगाभार्या कीलारी सुत लहुआ............सुत पनीआ समरसुत हीरजी श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं तपागच्छे गुरुप्रभावकभट्टारक श्रीविजयसेनसूरि पट्टालंकारभरतभूमिभामिनीशृंगारहारभट्टारक श्रीविजयदेवसूरिभिः पण्डितश्रीकुशलसागरगणिप्रमुखपरिवारयुतैः ॥

—સં૦ ૧૬૭૫ ના મહા વદિ ૪ ને શનિવારે શ્રીમાલજ્ઞાતીય વૃદ્ધશાખીય શા. રંગાની ભાર્યા કીલારી, તેના પુત્ર લહુઆ........પુત્રો પનીઆ અને સમર, તેના પુત્ર હીરજીએ શ્રીઆદિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની, મોટા પ્રભાવશાળી ભટ્ટારક શ્રીવિજયસેનસૂરિના પટ્ટાલંકાર

ભારતભૂમિરૂપ સ્ત્રીના શણગારમાં હારસમા એવા ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિએ પંડિત કુશળસાગરગણિ વગેરે પરિવાર સાથે પ્રતિષ્ઠા કરી.

(૨૧)

શ્રીસુપાર્શ્વનાથ ભ૦ ની એક પ્રતિમા પરનો લેખ—

पुरा नंदिग्रामे वास्तव्य प्राग्वाटवंशोद्भव महं वरदेवसू(सु)त ........दुल्हेवोसुतेन आरासणाकरस्थितेन श्रे० कुलचंद्रेण भ्रातृ-रावण वी(वि)रुद्ध पुत्र पासलपोहडो भ्रातृव्य[व्य]वहा[०]वीदित भा [०]पुनापुत्र वीरा पाहडपुत्र जसदेव सुल्हण पासु तत्पुत्र पारस पासदेव शोभनदेव जगदेवादि वीरापुत्र काहड आमदेवादि-सुमासुत पाजन तत्पुत्रप्रभृतिगोत्रस्वजन................पुरश्रेयोर्थं श्रीअरिष्टनेमिचैत्ये श्रीसुपार्श्वजिनबिंबमिदं कारापितमिति ॥

—પ્રાચીન કાળમાં નંદિગામ (નાંદિયા) ના રહેવાસી પોરવાડવંશમાં ઉત્પન્ન થયેલા મહં૦ વરદેવના પુત્ર........ દુલ્હેવીના પુત્ર આરાસણા નગરમાં રહેતા શ્રે૦ કુલચંદે, ભાઈ રાવણ અને વિરુદ્ધના પુત્રો પાસલ અને પોહડીના ભત્રીજા વ્યાપારી વીદિતની ભાર્યા પુના, તેના પુત્રો વીરા અને પાહડ, તેના પુત્ર જસદેવ, સુલ્હણ અને પાસુ, તેના પુત્ર પારસ, કાહડ અને આમદેવ વગેરે સુમાના પુત્ર પાજન, તેના પુત્ર વગેરે ગોત્રના અને કુટુંબના સંતોષ માટે.......પુરના કલ્યાણ માટે શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીસુપાર્શ્વનાથ ભ૦ ની આ પ્રતિમા ભરાવી.

*

## ૨. શ્રી. મહાવીરસ્વામી ભ૦નું મંદિર

શ્રીનેમિનાથ ભ૦ ના દેરાસરની પૂર્વ બાજુની ટેકરીથી નીચા ભાગમાં ઉત્તરદિશાના દ્વારવાળું શ્રીમહાવીરસ્વામી ભ૦નું મંદિર છે. આ મંદિરને બીજાં પૂર્વ અને પશ્ચિમ તરફનાં દ્વાર પણ છે પરંતુ તે બંધ રાખવામાં આવે છે. પૂર્વ બાજુનું દ્વાર પેઢીના આગળ ચોકમાં પડે છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, તેની સામે આઠ ગોખલા અને બંને તરફની આઠ–આઠ દેવકુલિકાઓ મળીને કુલ ૨૪ દેરીઓ અને શિખરથી સુશોભિત છે. આખુંયે મંદિર આરસપાષાણનું બનેલું છે.

મૂળગભારામાં મૂ૦ ના૦ શ્રીમહાવીરસ્વામી ભ૦ ની એકતીર્થીના પરિકરયુક્ત મનોહર અને ભવ્ય પ્રતિમા વિરાજમાન છે. મૂળનાયકની મૂર્તિ ઉપર સં૦ ૧૬૭૫ નો શ્રીવિજયદેવસૂરિએ આ આરાસણા નગરમાં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. મૂળનાયકના પરિકરની ગાદી નીચે સં૦ ૧૧૨૦ નો જૂની લિપિમાં લેખ છે. તેમાં પણ આરાસણાના નામનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર લગભગ એ સમયમાં કે તે પહેલાં બનેલું હોવું જોઈએ.

મૂળનાયકની બંને બાજુએ એકેક યક્ષની તેમજ એક અંબાજી માતાની પ્રતિમા છે.

ગૂઢમંડપમાં પરિકરયુક્ત બે ભવ્ય કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે. તે બંને ઉપરના લેખો કંઈક ઘસાઈ ગયા

છે પણ તે સં૦ ૧૧૧૮ ના લેખો હોવાનું સ્પષ્ટ જણાય છે. અહીંથી અમને મળી આવેલા પ્રતિમાલેખોમાં આ લેખ સૌથી પ્રાચીન છે. આ લેખ કરતાંયે પ્રાચીન એવો સં૦ ૧૦૮૭ નો લેખ, જે અમે પરિશિષ્ટમાં નોંધ્યો છે, એ વિશે અમે આગળ જણાવીશું. આ લેખથી જણાય છે કે આ મંદિર સં૦ ૧૦૮૭ પહેલાં બની ચૂક્યું હતું.

મૂળગભારાની બારશાખમાં બંને બાજુએ એકેક નાની કાઉસગ્ગિયા પ્રતિમાઓ કોતરેલી છે. ત્યાં પરિકરથી છૂટી પડેલી બીજી ૩ કાઉસગ્ગિયા પ્રતિમાઓ પણ છે.

બધી દેવકુલિકા અને ગોખલાઓ મળીને કુલ ૨૪ છે. તે પૈકી એકમાં પરિકર નથી, ત્રણ દેરીમાં જે પરિકરો છે તે અધૂરાં છે. એકમાં ત્રણતીર્થીનું પરિકર છે. બાકીની બધીયે દેરીઓમાં પંચતીર્થીનાં આખાં પરિકરો લાગેલાં છે. દેરીઓના પબાસણની ગાદી ઉપર પ્રાયઃ બધા ઉપર સં૦ ૧૧૪૦ થી સં૦ ૧૧૪૫ સુધીના લેખો હોવાનું જણાય છે. ઉપર્યુક્ત પરિકરોમાં જિનપ્રતિમાઓ નહોતી પણ મહુડિયાપાદર નામના ગામના ખંડિયેર દેરાસરમાંથી આવેલી પ્રતિમાઓ અહીંની દેરીઓમાં પરોણાદાખલ પધરાવેલી છે. [1]આથી બધીયે

---

૧. કુંભારિયાથી આશરે ૨૦ ગાઉ ઉપર દક્ષિણ દિશામાં દાંતા રાજ્યની હદમાં મહુડિયાપાદર નામે ગામ છે. તેની પાસેના જંગલમાં લગભગ અડધા માઈલ જેટલી જગામાં દેરાસરનાં ખંડિયેરો પડેલાં છે. તેમાંથી સં૦ ૧૯૯૯માં કોઈ માણસ પોતાની જરૂરિયાત માટે પથ્થર ઉખેડતો હતો ત્યારે પથ્થર ઊપડતાં તેને ભોંયરું જણાયું.

દાંતાના રાજવીને આ હકીકતની જાણ થતાં તેમણે તે સ્થળે

દેરીઓ હવે પ્રતિમા અને પરિકરોથી અલંકૃત લાગે છે.

મંદિરના દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરતાં ડાબા હાથ તરફ એક સમવસરણની દેરી છે. તેમાં પ્રતિમાજી નથી પણ સમવસરણની નકશીભરી રચના પીળા આરસ ઉપર કરેલી છે. દેરીને ચાર દ્વાર છે અને એ છત્રીવાલા સમવસરણમાં ત્રણ ગઢ અને પર્ષદાની સ્પષ્ટ આકૃતિઓ કોરેલી છે.

રંગમંડપના વચલા ભાગમાં ઊંચે કોરણીભર્યો એક ઘૂમટ છે, જે ભાંગેલો છે તે રંગેલો અને ધોળેલો છે. આ ઘૂમટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા આઠ સ્તંભો ઉપર છે, જેમાંના બે (સ્તંભો) દેવકુલિકાની પરસાલના છે

---

ચોકી બેસાડી પાકો બંદોબસ્ત કર્યો સં૦ ૨૦૦૦ માં દાંતા રાજ્ય તરફથી જંગલ સાફ કરાવીને ભોંયરું ખોલવામાં આવ્યું તો તેમાંથી જિનપ્રતિમાઓ નીકળી આવી. તે બધી પ્રતિમાઓ દાંતા લાવવામાં આવી. બધી પ્રતિમાઓ શ્વેતાંબર જૈન આમ્નાયની હોવાનો નિર્ણય થતાં રાજ્યે દાંતના શ્રી જૈન સંઘને તે પ્રતિમાઓ સુપરત કરી. તે પ્રતિમાઓ કુંભારિયાના જિનાલયમાં સ્થાપન કરવાની સૂચના થતાં દાંતાના શ્રીસંઘે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તારથી ખબર આપી અને કુંભારિયાજીમાં પણ સમાચાર મોકલ્યા.

સં૦ ૨૦૦૦ ના માહ મહિનાની વદિ ૧૩ના દિવસે એ બધી પ્રતિમાઓને ગાડામાં પધરાવી કુંભારિયાજીમાં લાવ્યા. સં૦ ૨૦૦૧માં કારીગરો બેસાડીને બધી પ્રતિમાઓને ઓટીપણું, ચક્ષુ–ટીલાથી વિભૂષિત કરીને સં૦ ૨૦૦૧ના જેઠ સુદિ ૧૦ના રોજ અઢાર અભિષેક કરીને તે બધી પ્રતિમાઓ શ્રમહાવીરસ્વામી ભગવાનના દેરાસરની દેરીઓમાં પરોણાદાખલ બેસાડી.

અને તે આબૂના વિમલશાહના દેવાલયના સ્તંભો જેવા છે. બાકીના સાદા છે. પહેલાં આ સ્તંભોની દરેક જોડને મકરના મુખથી નીકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો નષ્ટ થયાં છે. રંગમંડપના બીજા ભાગોની છતના જુદા જુદા વિભાગો પાડયા છે, જેના ઉપર આબૂના વિમલશાહના દેરામાં છે તેવાં જૈન ચરિત્રોનાં જુદાં જુદાં દશ્યો આલેખવામાં આવ્યાં છે.

છચોકી તથા સભામંડપ અને ભમતીની દેરીઓની વચ્ચેના બંને તરફના થઈને છતના ૧૪ ખંડોમાં ખૂબ કોરણી છે. તેમાંના પાંચ ખંડોમાં સુંદર ભાવો કોતરેલા જણાય છે.

(૧) રંગમંડપ અને ભમતીની દેરી વચ્ચેની છતના જમણા હાથ તરફના સાતમા ખંડમાં—અતીત અને ભાવિ ચોવીશીનાં માતા-પિતા તથા એકેક છત્રધર કોરેલા છે.

(૨) બીજા ખંડમાં—વર્તમાન ચોવીશી તથા તેમનાં માતા-પિતા છે. તે જ ખંડમાં ચૌદ સ્વપ્ન છે. ઇંદ્ર મહારાજે ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જઈને ખોળામાં બેસાડયા છે અને બંને બાજુ ઇંદ્ર મહારાજ કળશો દ્વારા અભિષેક કરે છે; કમઠ તાપસ પંચાગ્નિનો તપ કરે છે તે વખતે પાર્શ્વકુમાર સેવક મારફત લાકડામાંથી સર્પ કાઢી બતાવે છે. તે પછી ધરણેંદ્ર ભગવાનને નમસ્કાર કરવા આવ્યો છે. પાર્શ્વનાથ પ્રભુનું સમવસરણ તથા મરુભૂતિ પ્રભુ ઉપર શિલા વિકુર્વે છે, તે અને અનુત્તર વિમાનના ભવ વગેરે ભાવો કોતરાયેલા છે.

(૩), ત્રીજી છતમાં—શ્રીશાંતિનાથ પ્રભુનું સમવસરણ

છે. તેમનાં માતાપિતા વગેરે છે—બીજી બાજુએ શ્રીનેમિનાથ ભગવાનના પંચકલ્યાણકનો ભાવ કોતરેલો છે.

(૪) છઠ્ઠા ખંડમાં—મહાવીરસ્વામી ભગવાનના પાછલા સત્તાવીસ ભવો તેમજ પંચકલ્યાણક અને તેમના જીવન સંબંધી વિશિષ્ટ ઘટનાઓ છે અને ચંદનબાળાના પ્રસંગો જેવા કે–તપસ્યા, કાનમાં ખીલા ઠોકવા, ચંડકોશિયો નાગ વગેરે ઘટનાઓ છે. સાતમા ખંડમાં પણ—ઋષભદેવ ભગવંતના પંચ કલ્યાણકનો ભાવ તથા ચાર, પાંચ હાથી, ઘોડા વગેરેનો વિશિષ્ટ ભાવ છે. બધા ભાવો ઉપર નામો લખેલાં છે.

(૫) ડાબી બાજુના સાતમા ખંડમાં—આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલા છે, શિષ્ય નમસ્કાર કરે છે અને ગુરુ તેમના ઉપર હાથ મૂકે છે. વળી, વચમાં બીજા આચાર્ય મહારાજ, જેઓ હાથ જોડીને નમસ્કાર કરે છે તેમની સામે ઠવણી–સ્થાપનાચાર્યજી પણ છે.

તેવી જ રીતે પહેલી છતમાં પણ એવા જ ભાવો છે—

એક છતમાં—આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા છે અને તેમની આગળ ચતુર્વિધ સંઘ આવીને ઉપદેશ સાંભળી રહ્યો છે. બીજા ભાગમાં આચાર્ય મહારાજ સાધુઓને દેશના આપી રહ્યા હોય એવો દેખાવ છે. ત્રીજામાં દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. તેની પાસેના ભાગમાં દેવોના નૃત્યનો દેખાવ આપેલો છે. સાતમા ભાગમાં ભગવાન મહાવીરસ્વામી દેશના આપી રહ્યા છે. ત્યાં ગણધર ભગવંતો બેઠેલા છે અને સંઘના માણસો જુદા જુદા વાહનો

ઉપર સવારી કરીને દેશના સાંભળવા આવી રહ્યા હોય એવો ભાવ આલેખ્યો છે.

આ બધા ભાવો નીચે આરસમાં ભાવોની સમજૂતીના અક્ષરો પણ કોતર્યા છે, અને તેમાં રંગ પૂર્યો છે.

આવા ભાવોનું આલેખન બીજે ક્યાંય જોવા મળતું નથી.

સભામંડપમાંથી બહાર નીકળતાં જે ચોકી આવે છે તેમાં બે ગોખલા છે અને ઉપર નાના છ ઘૂમટો છે. તેમાં સભામંડપના બારણા પાસેનો ઘૂમટ અદ્ભુત કારીગરીવાળો છે. તેમાં આરસના જે પડદા કોતરેલા છે તેની નકલ કાગળ ઉપર પણ કરવી અશક્ય છે. આવો ઘૂમટ ભાગ્યે જ બીજે જોવા મળે. બાકીના પાંચ ઘૂમટમાં પણ અદ્ભુત નકશીભર્યા ભાવો આલેખ્યા છે. તેમાં લટકતું લોલક કમળ છે અને પડદા પણ કોતર્યા છે.

ચોકીથી નીચે ઊતરતાં રંગમંડપમાંના ઘૂમટની કોરણી આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એવી છે. તેમાં જાણે છીપો જડી હોય એવો દેખાવ કરેલો છે. ઘૂમટની વચ્ચે આરસનું લટકતું ઝુમ્મર કમળ આકારે કોતરેલું છે.

આ બધું કલામય દશ્ય તો આબૂનાં દેલવાડાનાં મંદિરોથીયે ચડિયાતું હોય એમ જણાય છે.

દેવકુલિકાની ભીંતો હાલમાં બંધાવેલી છે, પણ શિખર જૂના પથ્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જૂનો છે. તેને પહેલાં બંને બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં

તે બારણાં પૂરી નાખેલાં છે. તેના ઠેકાણે માત્ર બે જાળિયાં રાખેલાં છે, જેથી અંદર અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું જ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારશાખોને નથી.

ડાબી અગર પશ્ચિમ બાજુએ બે જૂના સ્તંભોની સાથે બે નવા સ્તંભો છે, જે ઉપરના ભાંગેલા ચોરસના આધારરૂપ છે. દક્ષિણ ખૂણાની પૂર્વ બાજુમાં આવેલી ત્રીજી તથા ચોથી દેવકુલિકાની બારશાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધારરૂપ સ્તંભો ઉપર બે બાજુએ 'કીચક' (બ્રેકેટ્સ) જોવામાં આવે છે. આ બાબત ખાસ જાણવા જેવી છે, કારણ કે બીજે કોઈ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે હોતું નથી.

શ્રીમહાવીરસ્વામી ભ૦ પાસેના મૂળગભારામાં બે સ્તંભો ઉપર સુંદર નકશીવાળું તોરણ હતું તે હાલ સમવસરણના દરવાજા બહાર લાવીને ગોઠવ્યું છે. તેના ઉપર સં૦ ૧૨૧૩ નો લેખ છે.

આ દેરાસરનો પાછળનો ભાગ કોટ સુધી ખાલી છે. આથમણી બાજુએ દેરીઓ પાસે પાછળના ભાગમાં ઓરડી છે, તેમાં બે ખંડ છે, જેમાં ભોંયરું હોય એમ જણાય છે.

દેરાસરના પૂર્વ તરફના બારણામાંથી બહાર નીકળતાં જમણી બાજુએ આરસનું ઝીણી કારીગરીવાળું કમાન સાથેનું પરિકર પડેલું છે, તેને યોગ્ય સ્થળે મૂકવું જોઈએ.

આ મંદિર મંત્રી વિમળશાહે બંધાવેલું હશે અને તે વખતે તેમાં મૂળનાયક શ્રીઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠા કરી હશે. પાછળથી શ્રીઋષભદેવને બદલે શ્રી મહાવીરસ્વામીને સ્થાપન કર્યા હશે એમ લાગે છે.

## શ્રી. મહાવીરસ્વામી ભ૦ ના મંદિરના લેખો

( ૧–૨૨ )

મૂળનાયકની મૂર્તિની બેઠક નીચેનો લેખ—

ॐ ॥ संवत् ११११८ फाल्गुन सुदि ९ सोमे । आरासणाभिधानस्थाने तीर्थाधिपस्य प्रतिमा कारिता........

—સં૦ ૧૧૧૮ ના ફાગણ સુદિ ૯ ને સોમવારે આરાસણાનગરમાં તીર્થનાયકની પ્રતિમા ભરાવી.

( ૨–૨૩ )

મૂળનાયક શ્રીમહાવીરસ્વામી ભ૦ ની પલાંઠી પરનો લેખ—

संवत् १६७५ वर्षे माघ शुद्ध ४ शनौ श्रीऊकेशवंशीय वृद्धशाखीय सा० अहियाभार्या तेजलदेसुत गावा भा० गोरदे(*)-सुत सा० नानिआकेन भा० नामलदेसुत सोमजीयुतेन श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं च श्रीतपागच्छे भट्टारकश्रीहीरविजयसूरी(*)-श्वर पट्टप्रभाकर भ० श्रीविजयसेनसूरिपट्टालंकारभट्टारकश्रीविजयदेवसूरिभिः ॥ श्रीआरासणनगरे ॥ वु० राजपालो दामेन ॥

—સં૦ ૧૬૭૫ના માહ સુદિ ૪ને શનિવારે શ્રીઉકેશવંશીય વૃદ્ધશાખીય શા. અહિયાની ભાર્યા તેજલદે, તેના પુત્ર

ગાવા, તેની ભાર્યા ગોરદેના પુત્ર શા. નાનિઆકે, ભાર્યા નાનદેના પુત્ર સોમજીની સાથે શ્રી. મહાવીર ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની તપાગચ્છના ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરની પાટે સૂર્યસમા શ્રીવિજયસેનસૂરિના પટ્ટાલંકાર ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિએ આરાસણાનગરમાં પ્રતિષ્ઠા કરી. વુહરા ( વોરા ) રાજપાલે દામવડે ( પૂજા કરી. ? )

*

## ૩. શ્રીપાર્શ્વનાથ ભ૦નું મંદિર

શ્રીમહાવીરસ્વામી ભ૦ ના દેરાસરની પૂર્વ બાજુએ શ્રીપાર્શ્વનાથ ભ૦ નું ભવ્ય અને વિશાળ મંદિર છે. આ મંદિરની બાંધણી શ્રીનેમિનાથ ભ૦ ના મંદિર જેવી છે. આ મંદિરની પશ્ચિમ દિશાનું બારણું પેઢી આગળના ચોકમાં પડે છે અને એ બારણાથી વિશેષ અવરજવર રહેતી હોવાના કારણે ઉત્તર દિશાનું બારણું બંધ રાખવામાં આવ્યું છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છ ચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, બંને તરફ થઈને ૨૪ દેરીઓ, ૧ ગોખલો અને શિખરબંધી બનેલું છે. આખુંયે મંદિર આરસપાષણથી બંધાયું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની સુંદર પરિકરયુક્ત એકતીર્થી મૂર્તિ વિરાજમાન છે. તેના ઉપર શ્રીવિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો સં૦ ૧૬૭૫નો લેખ છે.

ગૂઢમંડપમાં શ્રીશાંતિનાથ તથા શ્રીપાર્શ્વનાથ પ્રભુની પરિકરયુક્ત બે કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે. તેના ઉપર

સં૦ ૧૧૭૬ના લેખો છે. ડાબા હાથ તરફ ત્રણુતીર્થીવાળું એક મોટું ખાલી પરિકર સ્થાપન કરેલું છે. તેમાં મૂળનાયકજીની મૂર્તિ નથી. પરિકરમાંથી છૂટી પડી ગયેલી ૩ કાઉસગ્ગિયા પ્રતિમાઓ અને એક અંબાજી માતાની મૂર્તિ પણ છે.

છચોકીઓમાં બંને બાજુના બે ગોખલાઓ પૈકી એક ગોખલામાં આખું પરિકર, સ્તંભો સહિત તોરણ વગેરે સુંદર કોરણીથી ભરેલું છે.

ગોખલાઓમાં પ્રતિમા નથી. એક ગોખલામાં ફકત પરિકરની ગાદી જ છે.

ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ ને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો, માથેનાં શિખરો અને પ્રત્યેક ગુમ્મજોમાં સુંદર કોરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોરણી છે.

મંદિરમાં ઉત્તર દરવાજાથી પ્રવેશ કરતાં જમણા હાથ તરફ મકરાણાના નકશીદાર બે સ્તંભો ઉપર મનોહર તોરણ છે અને ઉપરનું તોરણ બીજા સ્થળેથી લાવીને અહીં લગાવ્યું હોય એમ લાગે છે. તેમાંના એક સ્તંભ ઉપર સં૦ ૧૧૮૧નો લેખ છે.

બે દેરીઓમાં ખાલી પબાસન છે. પરિકર નથી. બે દેરીમાં અધૂરાં પરિકર છે. બે દેરીઓમાં નકશીદાર સ્તંભો યુક્ત સુંદર તોરણો લાગેલાં છે. બીજી દેરીઓમાં પરિકર અને પબાસન છે. એક ગોખલામાં પબાસન અને પરિકરની

ગાદી છે. દેરીઓમાંની પરિકરની ગાદી ઉપર ઘણે ભાગે તેરમી શતાબ્દિના મધ્યભાગના લેખો છે. સં૦ ૧૨૫૯ ના લેખમાં “ આરાસણમાં મંડલિક પરમાર ધારાવર્ષદેવનું વિજયી રાજ્ય ” એમ લખેલું છે.

છેલ્લા ગોખલાના પબાસનની ગાદી ઉપર સં૦ ૧૧૬૧ નો લેખ છે.

ગૂઢમંડપનો મુખ્ય દરવાજો અને નકશીવાળી બંને દેરીના દરવાજા માથે ચ્યવન કલ્યાણકનો ભાવ અને ૧૪ સ્વપ્નો કોતરેલાં છે.

આ મંદિરના મંડપના સ્તંભો તથા ગોઠવણી શ્રીમહાવીરસ્વામી ભ૦ અને શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના જેવી છે પણ શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરની માફક આમાં માત્ર ચાર તોરણો છે; જેમાંથી દેવકુલિકાની પરસાલની સામે આવેલા દાદર ઉપરનું એક જ હાલમાં બચી રહ્યું છે.

આમાં શ્રીનેમિનાથ ભ૦ ના ચૈત્યની માફક ઘૂમટની આજુબાજુએ વાંસના સળિયા લગાડેલા છે. દેવકુલિકાનો બહારનો ભાગ તેમજ ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જૂની બારશાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે, પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવી જ બારશાખો ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમ લાગે છે. કારણ કે ભીંત આગળ બે સ્તંભો ઊભા કરવામાં આવ્યા છે.

મૂળ દેવગૃહની બારશાખ ઉપર સારું કોતરકામ કરવામાં આવ્યું છે પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે.

દેરાસરની પાછળનો ભાગ કોટ સુધી ખાલી છે. સામાન રાખવા માટે પાછળ એક બાજુમાં બે ખંડવાળી ઓરડી છે. તેમાં પેઢીનો પરચૂરણ સામાન રહે છે. ઓરડીના અંદરના ખંડમાં ભોંયરું છે તે બંધ કરેલું છે.

## શ્રી. પાર્શ્વનાથ ભ૦ ના મંદિરના લેખો

(૧-૨૪)

મંદિરની એક મૂર્તિની બેઠક ઉપરનો લેખ—

संवत् ११६१ थिरापद्रीयगच्छे श्रीशीतलनाथबिंबं [ कारितं ]॥

—સં૦ ૧૧૬૧ માં થારાપદ્રીયગચ્છવાળાએ શ્રીશીતલનાથ ભ૦નું બિંબ ભરાવ્યું.

(૨-૨૫)

મંદિરની એક મૂર્તિ પરનો લેખ—

संवत् १२१४ फागण वदि........शुक्रवारे प्रहवंशोद( द्भ )व-संविग्नविहारिश्रीवर्धमानसूरिशिष्यश्रीजिनेश्वरसूरिशिष्य........श्रीशिष्य-परमानंदसूरिसमेतैः............................. ॥

—સં૦ ૧૨૧૪ના ફાગણ વદિ....ને શુક્રવારે પ્રહવંશ (?) માં ઉત્પન્ન થયેલા સંવિગ્નવિહારી શ્રીવર્ધમાનસૂરિના શિષ્ય શ્રીજિનેશ્વરસૂરિ, તેમના શિષ્ય....શિષ્ય શ્રીપરમાનંદસૂરિ વગેરેની સાથે........પ્રતિષ્ઠા કરી.

( ૩–૨૬ )

મંદિરના મૂળ ગર્ભાગારની બહારના નાના રંગમંડપના દરવાજાની જમણી બાજુએ આવેલા ગોખલાની વેદી પરનો લેખ—

संवत् १२१६ वैशाख सुदि २ श्रे० पासदेवपुत्रवीर-पुनाभ्यां भ्रातृजेहडश्रेयोर्थं श्रीपार्श्वनाथप्रतिमेयं कारिता श्रीनेमिचन्द्राचार्यशिष्यैः देवाचार्यैः प्रतिष्ठिता ॥

—સં૦ ૧૨૧૬ ના વૈશાખ સુદિ ૨ ના શ્રેષ્ઠી પાસદેવના પુત્રો વીર અને પુનાએ ભાઈ જેહડના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીનેમિચંદ્રાચાર્યના શિષ્ય શ્રીદેવાચાર્યે પ્રતિષ્ઠા કરી.

( ૪–૨૭ )

મંદિરની શ્રીસુમતિનાથ ભ૦ ની મૂર્તિની બેઠક ઉપરનો લેખ—

स्वस्तिश्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढसुदि २ शनौ आरासणमंडले( लि )क शुरशंभु[ : ] श्री.......... कुमारसुत श्रीसज्जनेन स्वश्रेयोर्थं श्रीसुमतिनाथबिंबं कारितं श्रीधर्मघोषसूरिभिः ॥

—વિ૦ સં૦ ૧૨૫૯ ના અષાડ સુદિ ૨ ને શનિવારે આરાસણા ગામના મંડલિક શુરશંભુ શ્રી........કુમારના પુત્ર શ્રીસજ્જને પોતાના કલ્યાણ માટે શ્રીસુમતિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૫–૨૮ )

મંદિરની શ્રીવાસુપૂજ્ય ભ૦ ની મૂર્તિની બેઠક ઉપરનો લેખ—

स्वस्तिश्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढसुदि २ शनौ बहु-

देवपुत्र्याः श्रे० मणिभद्रसलक्षणायाः श्रेयोर्थं वासुपूज्यबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—વિ૦ સં૦ ૧૨૫૯ ના અષાડ સુદિ ૨ ને શનિવારે બહુદેવની પુત્રી શ્રેષ્ઠી મણિભદ્ર(ની ભાર્યા ?) સલક્ષણાના કલ્યાણ માટે શ્રીવાસુપૂજ્ય ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૬–૨૯ )

મંદિરની શ્રીસંભવનાથ ભ૦ ની મૂર્તિની બેઠક પરનો લેખ—

स्वस्तिश्रीविक्रमसंवत् १२५९ [वर्षे] आषाढ सुदि २ शनौ श्रेष्ठिगोहडसुत श्रेष्ठिकुमारस्य श्रेयसे तत्पुत्रश्रेष्ठिसज्जनेन संभवनाथ-बिंबं कारितं [श्रीधर्मघोष ?] सूरिभिश्च प्रतिष्ठितं ॥

—વિ૦ સં૦ ૧૨૫૯ ના અષાડ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી ગોહડના પુત્ર શ્રે૦ કુમારના કલ્યાણ માટે તેના પુત્ર શ્રે૦ સજ્જને શ્રીસંભવનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૭–૩૦ )

મંદિરની એક મૂર્તિની બેઠક પરનો લેખ—

संवत् १२७६ माघ शुदि १३ रवौ श्रेष्ठिसलखणसुत........ ........ प्रतिष्ठितं धर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ ના માહ સુદિ ૧૩ ને રવિવારે શ્રે૦ સલખણના પુત્ર........ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૮–૩૧ )

મંદિરની ભમતીમાંની શ્રીસુમતિનાથ ભ૦ ની મૂર્તિની બેઠક પરનો લેખ—

[ सं० ] १२७६ अ( आ )षाढ सुदि बीज ( द्वितीया ) शनौ आरासणे मांडलिकसुरशंभुः श्रीधारावर्षदेवविजय( यि )राज्ये महं बृहत् ग....प्रान्त....अ....श्रीकुमारसुत श्रे० सज्जनेन स्वश्रेयसे श्रीमत्सुमतिनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीपद्म( धर्म )घोषसूरिभिः । मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૭૬ ના અષાડ સુદિ ૨ ને શનિવારે આરાસણા ગામમાં માંડલિક દેવોમાં મહાદેવ સમા શ્રીધારાવર્ષદેવના વિજયી રાજ્યમાં મહં...............શ્રીકુમારના પુત્ર શ્રેષ્ઠી સજ્જને શ્રીસુમતિનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીપદ્મ( ધર્મ )ઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૯–૩૨ )

મંદિરની ભમતીમાંથી શ્રીસુવિધિનાથ ભ૦ ની મૂર્તિની બેઠક પરનો લેખ—

[ सं० ] १२७६ वर्षे आषाढ सुदि बीज ( द्वितीया ) आसदेवसुतपुनाकेन....प्रतिष्ठायाम्...........श्रीसुविधिनाथबिंबं कारापितं........सूरिभिश्च प्रतिष्ठितं । मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૭૬ ના અષાડ સુદિ ૨ ના રોજ શ્રે૦ આસદેવના પુત્ર પુનાએ........પ્રતિષ્ઠા વખતે........શ્રીસુવિધિનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની ( ધર્મઘોષ ? )સૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૧૦-૩૩ )

મંદિરની ભમતીમાંની શ્રીમુનિસુવ્રતસ્વામી ભ૦ ની મૂર્તિની બેઠક પરનો લેખ—

संवत् १२७६ महाग(माघ) शुदि तेरश (त्रयोदश्यां) रवौ श्रेष्ठिसलखणसुतश्रेष्टि(ष्ठि)आसधरेण माता(तृ)श्रेयसे श्रीमुनिसुव्रतबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ ના મહા સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી સલખણના પુત્ર શ્રે૦ આસધરે માતાના કલ્યાણ માટે શ્રીમુનિસુવ્રતસ્વામીનું બિંબ ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

( ૧૧-૩૪ )

મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १६७५ वर्षे माघधवलेतर ४ शनौ श्रीओ(ऊ)-केशवंशीय वृद्धसज्जनीय सा० जगडुभार्या जमनादेसुत रहिआ भा० चांपलदे (*) सुत नानजीकेन भार्या नवरंगदेयुतेनात्मश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीतपागच्छेश्वरभट्टारकश्रीहीर-विजयसूरीश्वरपट्टोदय (*) दिनमणिभट्टारक श्रीविजयसेनसूरि पट्टा-लंकार भट्टारक श्रीविजयदेवसूरिभिः पं० कुशलसागरगणिप्रमुख-परिवारयुतैः ॥ बु० राजपालो दामेन ॥

—સં૦ ૧૬૭૫ ના માહ વદિ ૪ ને શનિવારે શ્રીઉકેશવંશીય વૃદ્ધસજ્જનીય શા. જગડુની ભાર્યા જમનાદેના પુત્ર રહિઆ, તેની ભાર્યા ચાંપલદે, તેના પુત્ર નાનજીએ,

ભાર્યા નવરંગદેની સાથે આત્મકલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની તપાગચ્છના અધીશ્વર ભટ્ટારક શ્રીહીરવિજયસૂરિના પટ્ટાલંકાર હાર સમા એવા ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિએ, પં૦ કુશલસાગરગણિ વગેરે પરિવાર સાથે પ્રતિષ્ઠા કરી. બુહરા (વોરા) રાજપાલે દામ વડે (પૂજા કરી ?)

## ૪. શ્રી. શાંતિનાથ ભ૦નું મંદિર

શ્રીમહાવીરસ્વામી ભ૦ ના દેરાસર આગળ રસ્તો મૂકીને શ્રીશાંતિનાથ ભ૦નું દેરાસર આવેલું છે. તેની રચના ભ૦ મહાવીરસ્વામીના દેરાસર જેવી જ છે. આ દેરાસરને પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફનાં દ્વાર છે. પશ્ચિમ તરફનું બારણું બંધ રહે છે. ઉત્તર તરફનું બારણું ખાસ કામ સિવાય બંધ રહે છે. માત્ર પૂર્વ તરફના બારણે અવરજવર ચાલુ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છ ચોકી, સભામંડપ, મુખ્ય દરવાજાની બંને બાજુએ આવેલી ૧૬ દેરીઓ અને ૧૦ ગોખલાઓ તેમજ શિખરથી સુશોભિત છે. મંદિરની પાછળનો ભાગ ખુલ્લો છે. ત્રણે બાજુના દરવાજાની શૃંગારચોકીઓ વગેરે બધું આરસપાષાણથી બનેલું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભ૦ ની પરિકર વિનાની પ્રતિમા વિરાજમાન છે.

ગૂઢમંડપમાં પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગિયા, ૨ ઇંદ્રો અને ૧ હાથ જોડીને ઊભેલા શ્રાવકની મૂર્તિ છે. આ બધુંયે ગૂઢમંડપમાં છૂટું મૂકી રાખેલું છે.

મૂળનાયકની નીચેની ગાદી ઉપર સં૦ ૧૩૦૨ નો લેખ છે પણ તે ગાદી જીર્ણોદ્ધાર વખતે ત્યાં લગાવવામાં આવી હશે એમ લાગે છે. આરાસણના શ્રાવકે તે ગાદી કરાવેલી છે અને તેમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ભરાવ્યાનું જણાવ્યું છે. જ્યારે મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાન છે.

છચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બંને બાજુએ સુંદર કોરણીવાળા બે ગોખલા છે. તે પૈકી એકમાં એકતીર્થીનું ખાલી પરિકર લગાડેલું છે.

છચોકી અને સભામંડપના ગુમ્મજો તથા સ્તંભોમાં આબૂ ઉપરના દેલવાડાનાં મંદિરો જેવી સુંદર કોરણી કરેલી છે. તેમાંયે છ સ્તંભોમાં વિશેષ કોરણી છે.

સભામંડપનું એક તોરણ કોરણીવાળું છે. ગૂઢમંડપમાં પ્રવેશ કરવાના દરવાજા ઉપર, તેની પાસેના સ્તંભો ઉપર, અને છચોકીના નીચેના ભાગમાં પણ કોરણી કરેલી છે.

, છચોકી અને સભામંડપની બંને બાજુની છતોના ૧૨ ખંડોમાં પણ આબૂ–દેલવાડાનાં મંદિરો જેવા જુદા જુદા પ્રકારના સુંદર ભાવો કોતરેલા છે પણ તેના ઉપર કોઈએ અજ્ઞાનતાવશ પાછળથી ચૂનાની સફેદી કરાવી દીધેલી હોવાથી ભાવોની સુંદરતામાં ઘણી જ ખામી આવી ગયેલી છે.

છતમાં જે ભાવો કોતરેલા છે તેમાં ખાસ કરીને પંચકલ્યાણક સાથેના તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગો, કલ્પસૂત્રમાં નિર્દેશેલી ઘટનાઓ, સ્થૂલિભદ્રનો પ્રસંગ વગેરે

ભાવો ઉત્કીર્ણ છે. તે દરેકની નીચે સમજૂતી માટે અક્ષરો કોરેલા છે. તે અક્ષરોમાં રંગ પૂરેલો ન હોવાથી દૂરથી વાંચી શકાતા નથી.

દરેક દેરીઓ અને ગોખલાઓમાં પબાસન અને પરિકરો છે. તેમાંની કેટલીક દેરીઓમાંથી પરિકરો તોડી–ફોડીને તેના ભાગો છૂટા છૂટા જયાં ત્યાં મૂકેલા છે. આ મંદિરની દેરીઓની પ્રતિમાઓ ઉપર સં૦ ૧૦૮૭, સં૦ ૧૧૧૦ તેમજ તે દેરીઓ ઉપર તથા તેની અંદરના પબાસનની ગાદીઓ ઉપર સં૦ ૧૧૩૮ ના લેખો છે. આ મૂળ મંદિર તો સં૦ ૧૦૮૭ અગર તેથીયે પહેલાં બન્યું હોય એમ લાગે છે.

અહીંનાં બધાં મંદિરોમાંથી મળી આવેલા લેખોમાં આ દેરાસરના લેખો પ્રાચીન જણાય છે. તેમાં સં૦ ૧૦૮૭ નો લેખ સૌથી પ્રાચીન છે.

મંદિરમાં ડાબા હાથ તરફના એક ખૂણામાં ચતુર્દ્વારની દેરીમાં સમવસરણના આકારવાળા સુંદર કોરણીભર્યા પબાસનમાં નીચે બે ખંડમાં ચારે દિશામાં ત્રણ–ત્રણ જિન-પ્રતિમાઓ કોરેલી છે. તેના ઉપર એક જ પથ્થરમાં ત્રણ ગઢયુક્ત ચતુર્મુખ ( ચાર પ્રતિમાવાળું ) સમવસરણ મૂકેલું છે, પણ તે બીજે ઠેકાણેથી લાવીને અહીં મૂકયું હોય તેમ લાગે છે. તેના પર લેખ છે.

મંદિરના પાછળના ભાગમાં પબાસન અને પરિકરની ગાદીઓ તેમજ પરિકરના ટુકડા છૂટા પડયા છે; તેને સંભાળ-પૂર્વક યોગ્ય સ્થળે મૂકવાની જરૂર છે.

આ મંદિરની બાંધણી અહીંના શ્રીમહાવીરસ્વામી ભ૦ના મંદિર જેવી જ છે. ફરક માત્ર એટલો જ છે કે, ઉપરની કમાનની બંને બાજુએ ભ૦ મહાવીરના મંદિરની માફક ત્રણ ગોખલા નહીં પણ ચાર છે. આ દરેક ગોખલામાં સં૦ ૧૧૩૮ ના લેખો છે અને એક લેખ સં૦ ૧૧૪૬ નો છે. વળી, મંડપના આઠ સ્તંભો, જે અષ્ટકોણાકૃતિમાં છે તે ઘૂમટને ટેકો આપે છે. તેના ઉપર ચાર તોરણો છે. આ બધાં તોરણો તૂટી ગયાં છે. ફક્ત પશ્ચિમ તરફનું અવશેષ બચી રહ્યું છે.

પાછળના ખાલી ભાગમાં એક દેરી છે, તેમાં નંદીશ્વરની રચના કરેલી છે. કેટલીક નાની નાની મૂર્તિઓ છે પણ મોટે ભાગે તે ખંડિત થયેલી છે. બહાર ઓટલા ઉપરના ગોખલાની ભીંતમાં ચોડેલી મૂર્તિ સૂર્ય યક્ષની છે. તેને કેટલાક 'ગણપતિની મૂર્તિ' કહે છે. તેની બંને બાજુએ ભીંતમાં બીજી કેટલીક મૂર્તિઓ ચોંટાડેલી છે. એમાં એક મૂર્તિ ચમરધારી છે.

આ શાંતિનાથ ભ૦ના મંદિરમાં વસ્તુતઃ સર્વ પ્રથમ મૂ૦ ના૦ શ્રીઋષભદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત હશે. પરિશિષ્ટમાં આપેલા સં૦૧૧૪૮ના લેખાંક : ૨૮ (૧૪૬)માં આ મંદિરનો '**श्रीमदादिजिनालये**' એવો ઉલ્લેખ કરેલો છે. એ સિવાય સંવત્ વિનાના લેખાંક : ૩૦ (૧૫૦)માં '**रि(ऋद)षभालये**' એવો ઉલ્લેખ મળે છે એટલે સં૦ ૧૧૪૮ પછીના કોઈ સમયે અહીંના મૂળનાયકમાં ફેરફાર થયો હશે.

## શ્રી. શાંતિનાથ ભ૦ ના મંદિરના લેખો

(૧-૩૫)

મંદિરની શ્રીશ્રેયાંસજિનની મૂર્તિ પરનો લેખ—

ॐ॥ संवत् ११३८ धांग (?) वल्लभदेवीसुतेन वीरकश्रावकेन श्रेयांसजिनप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૩૮ માં ધાંગ (?) અને વલ્લભદેવીના પુત્ર વીરક શ્રાવકે શ્રીશ્રેયાંસજિનની પ્રતિમા ભરાવી.

(૨-૩૬)

મંદિરમાંની શ્રીશીતલનાથ ભ૦ની મૂર્તિ પરનો લેખ—

ॐ॥ संवत् ११३८ सोमदेवसहोदरेण सुंदरीसुतेन शीतलजिनप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૩૮ માં સુંદરીના પુત્ર સોમદેવના ભાઈએ શ્રીશીતલજિનની પ્રતિમા ભરાવી.

(૩-૩૭)

મંદિરમાંની શ્રીસુવિધિજિન પ્રતિમા પરનો લેખ—

ॐ॥ संवत् ११३८ पहदेवमंडकासुतेन सहदेवश्रावकेन सुविधिजिनप्रतिकृतिः कारिता ॥

—સં૦ ૧૧૩૮ માં પહદેવ અને મંડકાના પુત્ર સહદેવ શ્રાવકે શ્રીસુવિધિજિનની મૂર્તિ ભરાવી.

(૪-૩૮)

મંદિરમાંની શ્રીવિમલ જિનની મૂર્તિ પરનો લેખ—

सं० ११३८ वीरकसलहिक्कासुतेन देवीग (?) सहोदरयुतेन जासकश्रावकेन विमलजिनप्रतिमायु................॥

—સં૦ ૧૧૩૮ માં વીરક અને સલહિકાના પુત્ર અને દેવીગના ભાઈ જાસક શ્રાવકે શ્રીવિમલજિનની પ્રતિમા ભરાવી.

( ૫–૩૯ )

મંદિરમાંની શ્રીવીરજિનની પ્રતિમાની મૂર્તિ પરનો લેખ—

ॐ ॥ संवत् ११४६ ज्येष्ठ सु० ९ शुक्रे पूर्णदेवभोलिकासुतेन पोहरिश्रावकेन भ्रातृवीरकसंयुतेन श्रीवीरजिनप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૪૬ ના જેઠ સુદિ ૯ ને શુક્રવારે પૂર્ણદેવ અને ભોલિકાના પુત્ર પોહરિ શ્રાવકે ભાઈ વીરની સાથે શ્રીવીર જિનની પ્રતિમા ભરાવી.

## સુરહીના પથ્થરો

શ્રીશાંતિનાથ ભ૦ નું મંદિર અને જૈન ધર્મશાળાની વચ્ચેના પીંપળાના ઝાડ નીચે સુરહીના બે પથ્થરો ઊભા છે. તે બંને ઉપર સં૦ ૧૩૩૧ ના લેખો કોતરેલા છે. તેમાં આ ગામનાં મંદિરો ( પાંચ મંદિરો ) ની પૂજા માટે ગામના લોકો તથા વ્યાપાર ઉપર લગાવેલા લાગા ( કર )ની વ્યવસ્થા લખેલી છે, તે ઉપરથી જાણી શકાય છે કે, અહીં પહેલાં સારા પ્રમાણમાં વસ્તી હશે અને આરાસણ વેપાર–ધંધાનું કેંદ્ર મોટું નગર અને વેપારની મંડી હશે.

## ૫. શ્રી. સંભવનાથ ભ૦ નું મંદિર

શ્રીનેમિનાથ ભ૦ના દેરાસરની દક્ષિણે લગભગ બસો વાર દૂર શ્રીસંભવનાથ ભ૦નું મંદિર આવેલું છે. બધાં

મંદિરો કરતાં આ મંદિરની બાંધણી જૂદી પડે છે અને પ્રમાણમાં નાનું પણ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, કોટ તેમજ શિખરબંધી છે. મંદિરમાં પ્રદક્ષિણા-પથ–ભમતી નથી. મંદિર પાષાણનું છે. દરેક દરવાજામાં પ્રાયઃ કોરણી છે અને શિખરમાં પણ કોરણી કરેલી છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રીસંભવનાથ ભ૦ની મૂર્તિ વિરાજમાન છે. તેને એક પ્રાચીન વેદી ઉપર બેસાડેલી છે. કોઈને એ મૂર્તિ ઉપર સિંહનું લાંછન જણાતાં તેને મૂ૦ ના૦ શ્રીમહાવીરસ્વામીની મૂર્તિ હોવાનુ પણ કહે છે પરંતુ અત્યારે આ મંદિર શ્રીસંભવનાથ ભ૦નું કહેવાય છે. પ્રાચીન ગ્રંથો અને 'તીર્થમાળાઓ'માં સંભવનાથના મંદિરનો ઉલ્લેખ નથી. વસ્તુતઃ પ્રાચીનકાળની ચિત્રશૈલીમાં સિંહની આકૃતિ ઘોડા જેવી જ હોય છે એટલે આ મંદિર 'શ્રીમહાવીરસ્વામીનું મંદિર' હશે એમ લાગે છે.

ગૂઢમંડપના એક ગોખલામાં પરિકર સાથેની પંચતીર્થીની એક પ્રતિમા સ્થાપન કરેલી છે. ગૂઢમંડપના દરેક ગોખલામાં મૂર્તિ વિનાનાં ખાલી પરિકરો નં. ૧૦ છે; તેમજ એક શ્રાવક–શ્રાવિકાનું યુગલ છે.

## શિવાલય

શ્રીસંભવનાથ ભ૦ના દેરાસરની પાસે જ એક કુંભેશ્વર મહાદેવનું મંદિર છે. આખુંયે મંદિર અણીશુદ્ધ છે અને પ્રાચીન જણાય છે. મંદિર એક કૃત્રિમ ટેકરા પર

છે, એટલે એ ટેકરો ખાસ ઈરાદાપૂર્વક બનાવેલો હોય એમ લાગે છે. સંભવ છે કે, તેની નીચે ભોંયરું બનાવવામાં આવ્યું હોય. મંદિરના મહાપીઠમાં ગજથર અને અશ્વથર છે. તેના પ્રાસાદના મંડોવર (મૂળ ગભારાની ભીંતનો ભાગ) અત્યંત સુંદર છે. શિખરનું પાછળથી સમારકામ કરવામાં આવ્યું છે.

ડૉ૦ ભાંડારકર આ દેવાલયની પ્રાચીનતા વિશે નોંધ આપે છે કે—

"કુંભારિયાના કુંભેશ્વર મહાદેવના વૈદિક દેવાલય વિશે એમ કહેવામાં આવ્યું છે કે તેનું દેવકુલિકાનું દ્વાર તથા ભીંતમાં જડેલા સ્તંભો મોઢેરાના દેવાલયના દ્વાર તથા સ્તંભો જેવા છે. આની મિતિ ડૉ૦ બર્જેસ તથા મિ૦ કાઉસેન્સે તેની શૈલી ઉપરથી ભીમદેવ પહેલા (ઈ. સ. ૧૦૨૨–૧૦૬૩)ના રાજ્યમાં અગર અગિયારમી સદીમાં છે એમ નક્કી કરી છે. વળી, આ શોધકોએ એમ પણ દર્શાવેલું છે કે, કારીગરી ઉપરથી મોઢેરાનું દેવાલય તથા વિમલશાહનું દેલવાડાનું દેવાલય લગભગ એક મિતિનાં છે."

## સુરહીના બીજા પથ્થરો

આ મંદિરની પાસે બે પથ્થરો ઊભા છે તેમાં સં૦ ૧૨૬૩નો બીજા ભીમદેવના સમયનો લેખ છે અને સં૦ ૧૩૪૬ના લેખમાં રાજા વિસલદેવના રાજકાળમાં રાજાજ્ઞા ફરમાવી છે તેનો જે લોપ કરે તેને માટે ભૂંડી ગાળ આપી છે.

## ધર્મશાળા અને વહીવટ

અહીં સં૦ ૧૯૬૦ માં શેઠ મનસુખભાઈ ભગુભાઈએ એક ધર્મશાળા બંધાવેલી છે તેમજ કારખાનાની મેડી પણ ધર્મશાળા તરીકે ઉપયોગમાં લેવાય છે.

એ મેડી ઉપર એક ઓરડીમાં મણિભદ્રવીરની સ્થાપના કરેલી છે. આ મકાન સં૦ ૧૯૭૮ માં બન્યું છે.

ધર્મશાળાની આથમણી બાજુએ એક બાંધેલો કુંડ છે.

કુંભારિયાજી તીર્થની સામે જ બે-ત્રણ માઈલમાં આરસપાષાણની ખાણો છે. જરીવાવ પાસેની ખાણમાંથી હજીયે આરસ નીકળી આવે છે.

આસપાસમાં ખંડિયેરો પડેલાં છે. મકાનના પાયા અને જમીનમાંથી મોટી ઈંટો નીકળી આવે છે. કાટોડાના કાળા કોલસા જેવા ઢગલાઓ જ્યાં ત્યાં પડેલા નજરે પડે છે.

## પ્રાચીન સ્થિતિ

—०—

આરાસણ નગર ક્યારે વસ્યું એ સંબંધી શિલાલેખીય કે ગ્રંથસ્થ કોઈ પુરાવો મળતો નથી અને અહીંનાં મંદિરો ક્યારે બંધાયાં એનો ચોક્કસ સમય પ્રાપ્ત થતો નથી. અહીંનાં દેરાસરો વગેરેમાંથી લીધેલા ૨૬૧ પ્રતિમાઓ વગેરેના લેખોનો સંગ્રહ અમે મંદિરોના વર્ણનમાં અને પુસ્તકની અંતે પરિશિષ્ટમાં આપ્યો છે પણ તે પૈકી કોઈ લેખમાં દેરાસરના બંધાવનારનું નામ મળતું નથી.

અહીં જે જૂની–પુરાણી ખંડિત પ્રતિમાઓ વગેરેના અવશેષો સંઘરી રાખેલા છે, તેમાં શોધ કરવામાં આવે તો આ નગરના સ્થાનિક ઇતિહાસ વિશે અને દેરાસરોના બંધાવનાર વિશે હકીકત પ્રાપ્ત થવાનો સંભવ ખરો. અલબત્ત, જે કંઈ શિલાલેખીય અને ગ્રંથસ્થ સામગ્રી મળી આવે છે તેના ઉપરથી અનુમાન જરૂર તારવી શકાય. અમે એ જ આધારે અહીં હકીકત રજૂ કરીએ છીએ.

આરાસણ નગર ગમે ત્યારે વસ્યું હોય પણ આરાસણની તીર્થ તરીકેની પ્રસિદ્ધિનો ઇતિહાસ ગૂર્જરેશ્વર ભીમદેવ અને મંત્રી વિમલશાહના સમયથી શરૂ થાય છે એમ કહેવામાં ઐતિહાસિક દૃષ્ટિએ બાધ નથી.

પ્રતિમાલેખોમાંથી ગૂર્જરેશ્વર ભીમદેવ, કુમારપાલ, બીજો ભીમદેવ અને વીસલદેવ રાજાઓનાં નામો મળે છે. એમના સમયમાં અહીં ચંદ્રાવતીના પરમારો ગૂજરાતના માંડલિકો તરીકે રાજ્ય કરતા હતા. એ પરમાર રાજાઓ પૈકી ધારાવર્ષદેવનું નામ આ લેખોમાંથી પ્રાપ્ત થાય છે. એ સમયના ચંદ્રાવતીના પરમારો વિશે ઇતિહાસમાંથી આ પ્રકારે માહિતી મળે છે—

ગૂજરાતના રાજવી પહેલા ભીમદેવના સમયે જ્યારે ચંદ્રાવતીના રાજા ધંધૂકે સ્વતંત્ર થવાને માથું ઊંચક્યું ત્યારે જ ગૂર્જરેશ્વર ભીમદેવે મંત્રી વિમલશાહને દંડનાયક બનાવી, સૈન્ય સાથે ચંદ્રાવતી મોકલ્યા. ધંધૂક તો વિમળશાહનું નામ સાંભળીને ચંદ્રાવતીથી નાઠો અને માલવાના

ભોજરાજને શરણે ગયો. મંત્રી વિમલશાહે ચંદ્રાવતીનો કબજો લીધો ને ધંધૂકને પાછો બોલાવી, સમજાવીને ફરીવાર ગૂજરાતનો મહામંડલેશ્વર બનાવ્યો. તે પછી સં૦ ૧૦૮૮માં મંત્રી વિમલશાહે આબૂ ઉપર 'વિમલવસહી' નામનું અનુપમ મંદિર બંધાવ્યું.

ધંધૂક પછી પુણ્યપાલ (સં૦ ૧૦૯૯ થી ૧૧૦૨માં) રાજા થયો. તે પછી બીજો કૃષ્ણરાજ ચંદ્રાવતીનું શાસન કરતો હતો.

આરાસણનાં મંદિરો રાજા ધંધૂક, પુણ્યપાલ અને બીજા કૃષ્ણરાજના સમયમાં બંધાયાં હશે એમ અહીંથી મળી આવેલા લેખોથી અનુમાન કરી શકાય.

બીજા કૃષ્ણરાજ પછી ધ્રુવભટ થયો. તે પછી રામદેવ અને તે પછી વિક્રમસિંહ થયો. વિક્રમસિંહે કરેલા વિશ્વાસઘાતના કારણે ગૂર્જરેશ્વર કુમારપાલે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો હતો. તેના પછી સં૦ ૧૨૦૨માં યશોધવલ નામે રાજા હતો. તે પછી ધારાવર્ષદેવ સં૦ ૧૨૨૦ થી સં૦ ૧૨૭૬ સુધી ચંદ્રાવતીની ગાદીએ હતો.

ઉપર્યુક્ત રાજાઓના અને તે પછીના સમયના આરાસણના મંદિરોના પ્રતિમાલેખો મળે છે—

૧. શ્રી નેમિનાથ ભ૦ ના દેરાસરમાંથી સં૦ ૧૧૯૧, ૧૨૦૪, ૧૨૦૫, ૧૨૦૬, ૧૨૦૮, ૧૨૧૪, ૧૨૩૬, ૧૨૫૯, ૧૩૧૦, ૧૩૧૪, ૧૩૨૩, ૧૩૨૭, ૧૩૩૫, ૧૩૩૮, ૧૩૪૩, ૧૩૪૪, ૧૩૪૫, ૧૩૫૧, ૧૩૬૬,

૧૩૮૨, ૧૩૮૬, ૧૩૮૯, ૧૩૯૧, ૧૩૯૪, ૧૫૨૬, ૧૬૭૫.

૨. શ્રી મહાવીરસ્વામીના દેરાસરમાંથી સં૦ ૧૧૧૮, ૧૧૧૯, ૧૧૪૦, ૧૧૩૨, ૧૧૪૫, ૧૧૪૬, ૧૧૪૭, ૧૧૪૮, ૧૧૭૬, ૧૧૮૧, ૧૨૨૩, ૧૬૭૫.

૩. શ્રી પાર્શ્વનાથ ભ૦ ના દેરાસરમાંથી સં૦ ૧૧૬૧, ૧૨૧૪, ૧૨૨૬, ૧૨૫૯, ૧૨૬૫, ૧૨૭૬, ૧૨૮૭, ૧૩૧૫, ૧૬૭૫.

૪. શ્રી શાંતિનાથ ભ૦ ના દેરાસરમાંથી સં૦ ૧૦૮૭, ૧૧૧૦, ૧૧૩૮, ૧૧૪૫, ૧૧૪૬, ૧૧૪૮, ૧૨૬૬, ૧૩૦૪.

આ બધા સંવતોવાળા લેખો જોતાં આ મંદિરોનો સમય એથીયે પ્રાચીન ગણી શકાય, છતાં એમ કહેવામાં હરકત નથી કે ઉપર્યુક્ત રાજાઓના સમયમાં એટલે અગિયારમી–બારમી શતાબ્દીમાં આરાસણનાં ચાર ભવ્ય અને શિલ્પકલાભર્યાં અત્યુત્તમ મંદિરો બંધાઈ ચૂક્યાં હતાં.

પાંચમા શ્રીસંભવનાથના કહેવાતા મંદિરમાંથી કોઈ લેખ પ્રાપ્ત થયો નથી. છતાં આરાસણ નગરના રહેવાસીઓએ એ મંદિર બંધાવ્યું હોય એમ લાગે છે.

મંદિરોના વર્ણનમાં જોયું કે, આરાસણનાં આ ચાર મંદિરોનું શિલ્પ–સ્થાપત્ય, સ્તંભો, કમાનો, છતોમાં આલેખેલા ભાવો અને રચના આબૂ ઉપરના દેલવાડાના વિમલવસહી મંદિર જેવાં છે એટલે સં૦ ૧૦૮૮ માં વિમલવસહીની પ્રતિષ્ઠા

થઈ તે પહેલાં એક વર્ષ અગાઉ અહીંના શ્રી શાંતિનાથ ભ૦ ના મંદિરમાંથી મળી આવતા પહેલી દેરીના સં૦ ૧૦૮૭ ના લેખના આધારે કહી શકાય કે એ સમય પહેલાં આરાસણમાં મંદિરો બાંધવાનો પ્રારંભ થયો.

આ મંદિરો કોણે બંધાવ્યાં એ વિશે કોઈ નિર્ણયાત્મક હકીકત મળી નથી. છતાં શ્રી શીલવિજયજી પોતાની 'તીર્થ-માલા' માં નોંધે છે કે—

"આરાસણિ છિં વિમલવિહાર, અંબાદેવી ભુવન ઉદ્ધાર."

(જૂઓ, પ્રાચીન તીર્થમાલા ભા૦૧ પૃ૦ ૧૦૩, કડી : ૩૧)

શ્રી સૌભાગ્યવિજયજીએ સં૦ ૧૭૫૦ માં રચેલી 'તીર્થ-માલા' માં પણ જણાવ્યું છે—

"આરાસણ આબૂગઢેં જે નર ચઢેં રે,
વિમલવસી વિસતાર."

વળી, ખીમાકૃત 'ચૈત્ય-પરિપાટી' ગાથા : ૧૭ માં જણાવ્યું છે કે—

"આરાસણિ અરબદ શિરે, વંદુ વિમલવિહાર."

('જૈનયુગ' પુસ્તક : ૪, અંક : ૬–૮, પૃ૦ ૨૫૨)

'વિજયપ્રશસ્તિ મહાકાવ્ય' સર્ગ : ૨૧, શ્લો૦ ૬૦ની ટીકામાં પણ એ જ વાતનું સમર્થન મળે છે કે—

'अपि पुनः आरासणपुरे श्रीविमलमन्त्रिकारितप्रासादेषु'

આ બધા ઉલ્લેખો અહીંના બધાં મંદિરો મંત્રી વિમ-

લશાહે બંધાવ્યાનું જણાવે છે.

"જૈન પરંપરાનો ઇતિહાસ" ભા૦ ૧ ના પૃ૦ ૨૯૯માં જણાવ્યું છે કે—

"સામાન્ય માન્યતા એવી છે કે, મંત્રી વિમલશાહે જ આ મંદિરો બંધાવ્યાં છે. વિમલવસહી બંધાવતાં પથ્થરો બચ્યા હતા, આરસની ખાણ પણ પાસે જ હતી. સિદ્ધહસ્ત કારીગરોને જ કામે લગાડયા હતા અને મુસલમાનોના હુમલાથી બચી શકે એવું એકાંત સ્થાન નજીકમાં આ જ હતું. એટલે સંભવ છે કે, મંત્રી વિમલશાહે આ બધાં દેરાસરો બંધાવ્યાં હોય. આજ સુધી આ મંદિરો ટકી શકયાં છે તે ઉપરનાં કારણોને આભારી છે."

"મંત્રી વિમલશાહને આરાસણની પહાડીઓમાંથી સોનાની ખાણો મળી આવી હતી. એ ખાણોનું ખનિજ લાવીને ભઠ્ઠીમાં ગળાવી સોનું એકઠું કર્યું હતું. તેનાથી જિનપ્રતિમાઓ અને ઉપર્યુક્ત દેવાલયો બંધાવ્યાં હતાં, આજે પણ કુંભારિયામાં એ ખનિજ ગાળવાની ભઠ્ઠીઓનાં નિશાનો દેખાય છે."

પરંતુ ઉપર્યુક્ત માન્યતાના વિકલ્પમાં એ જ ગ્રંથમાં પૃ૦ ૨૯૮ માં અનુમાન કર્યું છે કે—

"મંત્રી વિમલશાહે સં૦ ૧૦૮૦ માં વિમલવસહી સ્થાપન કર્યું, તે પછી તરતમાં એમના વંશજોએ કે ચંદ્રાવતીના ધનાઢ્ય જૈનોએ આરાસણમાં વિમલવસહી જેવા સુંદર કોતરણીવાળા વિમલવસહીના કારીગરો પાસે વિશાળ જૈન મંદિરો બંધાવ્યાં."

આ બધી પરંપરાગત માન્યતા અને અનુમાનો છે. મંત્રી વિમલશાહ ક્યાં સુધી હયાત હતા એ વિશે પણ હજી નિર્ણય થયો નથી. એટલે બધાં મંદિરો નહીં પણ સંભવ છે કે, અહીંના કોઈ એકાદ મંદિરની શરૂઆત તેમના હાથે થઈ હોય, પણ એ વિશે કોઈ ચોક્કસ ઉલ્લેખ ન મળે ત્યાં સુધી કાંઈ કહી શકાય નહીં.

શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે અહીંનાં મંદિરો વિશે જણાવે છે કે—

"આરાસણ નામ આ પ્રદેશ માટે ક્યારે પ્રચારમાં આવ્યું તેની ચોક્કસ તવારીખ આપણી પાસે નથી, પરંતુ તેનો પહેલવહેલો ઉલ્લેખ કુંભારિયાનાં મંદિરો પૈકી શાંતિનાથના મંદિરમાં એક પ્રાચીન પ્રતિમા નીચેના સં૦ ૧૦૮૭ના શિલાલેખમાંથી મળે છે. આ શિલાલેખમાં ગૂર્જરેશ્વર ભીમદેવ સોલંકી તે કાળે રાજ કરતા હોવાનું જણાવવામાં આવેલ છે. તેનો દંડનાયક વિમલશાહ જે ચંદ્રાવતીમાં રહેતો હતો તેણે આબૂ ઉપરનાં ભારતપ્રસિદ્ધ મંદિરો ફક્ત એક વર્ષ બાદ બંધાવ્યાં હતાં. આથી આ મંદિરો અગાઉ આરાસણનાં મંદિરો બંધાવ્યાં હોવાનું શિલાલેખથી સૂચન મળે છે. ટૂંકમાં કુંભારિયાનાં જૈન–જૈનેતર મંદિરો સંવત અગિયારમી શતાબ્દીમાં બંધાઈ ચૂક્યાં હતાં એમ માલૂમ પડે છે, તેટલું જ નહિ પણ આરાસણ નામ દશમી–અગિયારમી શતાબ્દી પહેલાં પ્રચલિત હતું એમ પણ સાથે સાથે જાણવા મળે છે."[1]

---

૧. બુદ્ધિપ્રકાશ.

## આરાસણની આરસપાષાણની ખાણો

મંત્રી વિમલશાહે આબૂ ઉપર જે વિમલવસહી પ્રાસાદ બંધાવ્યો તેમાં વપરાયેલો સમગ્ર આરસપાષાણ આરાસણની ખાણમાંથી લાવવામાં આવ્યો હતો અને એ આરસપથ્થરને આબૂ ઉપર ચડાવવા માટે આરાસણ તરફની સીધી પાજ (રસ્તો) બાંધવામાં આવી હતી. મેહ કવિ (સં. ૧૪૯૯) પોતાની 'તીર્થમાળા'માં એ વિશે આ પ્રકારે જણાવે છે—

"દિગવિજઈ કરી શ્રીવિમલ ઘરિ આવિઆ,
ગુરૂતણે વચને પ્ર(પ્રા)સાદ મંડાવિયા;
મોકલિયા જણ ખાણિ **આરાસણે**,
રૂપમઈ થાંભ તુમ્હે કાઢિજો તિહાં ખણી.
પાટ થંભા સિરાં ઘાટ દેઉલતણાં,
ખાણિ તીરઈ રહિઅ ઘડઉ અતિઘણાં;
જોતરિયા રહકલ વૃષભ કૂલિરિ ચરઇં,
દેવિ અંબાઈ વિનઈ સદા નેવજ કરઇં. ૪૩

વાટ રહકલ તીણી ગામ વાસિયાં ઘણાં,
પૂરવી ચિતવિઉં સાર સવિહં તણઉં;
નયર ચંદ્રાવતી ઘાટ આવિઉ ઘડિઉ,
પાજ **આરાસણ**તણી વેગિ ઊપરિ ચડિઉ;
પૂરિયાં ભિડલાં પીઠ બાંધ્યાં ઘણાં,
નીપનઉ ઝભારઉ શ્રીવિમલવસહીતણઉ." ૪૪

આ જ પ્રકારે મંત્રીશ્વર વસ્તુપાલ–તેજપાલે આબૂ ઉપર લૂણવસહી મંદિર બંધાવેલું તેમાં વપરાયેલો બધો

આરસપાષાણ આ આરાસણમાંથી જ લઈ જવામાં આવ્યો હતો. તે વિશે પણ કવિ પોતે આગળ કહે છે—

"નેમિભુવણ જિસિઉ રૂલિઆમણઉ,
વસ્તુપાલ વિત વેચિઉં ઘણઉં;
આરાસણ અ(આ)ણિઉ પાષાણ,
નેમિભુવણ જિસિઉં ઇંદવિમાણ." ૫૫–૫૬

## ધાતુની ખાણો અને મંદિર

આ આરાસણમાં આરસપાષાણની જેમ સોના–રૂપાની ખાણો હતી અને અહીં પાંચ મંદિરો હોવાની માહિતી પણ એ જ કવિ આપે છે—

"તીરથ આરાસણિ મંડાણિ, જિહાં રૂપા સોનાની ખાણિ;
સાત ધાત કહીઈ જૂજઈ અઈ, ત્રાંબા તરૂઆની છઈ કૂઈ. ૨૪
સરલ તરલ વનસ્પતિ ઘણી, આદિ નેમિ લોડણ તિહિ ધણી;
સંતિ વીર પૂજઉં નિતુ ભાવિ, વિઘન સવે ટાલઈ અંબાવિ." ૨૫

આ ઉલ્લેખ ઉપરથી જણાય છે કે, અહીં સં૦ ૧૪૯૯ પહેલાં ૧ ભ૦ આદીશ્વર, ૨ ભ૦ નેમિનાથ, ૩ ભ૦ લોડણ પાર્શ્વનાથ, ૪ ભ૦ શાંતિનાથ અને ૫ ભ૦ મહાવીરસ્વામીનાં મંદિર હતાં.

આમાં આજે વિદ્યમાન એવા ભ૦ સંભવનાથના મંદિરનો ઉલ્લેખ નથી, જ્યારે ભ૦ આદિનાથનું મંદિર ન હોવા છતાં આમાં જણાવ્યું છે. વસ્તુતઃ અહીંનાં મંદિરોના મૂ૦ ના૦માં પાછળથી વારંવાર ફેરફાર થવાના કારણે કયું મંદિર કયા મૂળનાયકનું હતું તે જાણવાનું મુશ્કેલ છે.

અગાઉ અમે જણાવ્યું છે તેમ શ્રીશાંતિનાથનું મંદિર શ્રીઆદિનાથનું મંદિર હોવાનું શિલાલેખથી જણાય છે, ત્યારે શ્રીશાંતિનાથનું મંદિર કયું તે જાણવાનું રહે છે.

## પ્રતિષ્ઠાપક આચાર્યો

અહીંનાં મંદિરોમાંથી સં૦ ૧૦૮૭ થી લઈને સં૦ ૧૬૭૫ સુધીના લેખો મળી આવે છે તેમાંથી નીચે જણાવેલી સાલોમાં તે તે આચાર્યોએ આ નગરમાં પધારીને પ્રતિમાઓ વગેરેની પ્રતિષ્ઠા કરી હતી.

| | |
|---|---|
| સં૦ ૧૦૮૭ | શ્રીસર્વદેવસૂરિ |
| સં૦ ૧૧૧૦ | શ્રીનન્નાચાર્ય સંતાનીય સૂરિ |
| સં૦ ૧૧૪૭ | શ્રીમાનતુંગસૂરિ |
| સં૦ ૧૧૪૮ | શ્રીસર્વદેવસૂરિ |
| સં૦ ૧૧૭૫ | શ્રીપદ્મદેવસૂરિ |
| સં૦ ૧૧૯૧, ૧૨૦૪,૧૨૦૬ | શ્રીવિજયસિંહસૂરિ |
| સં૦ ૧૨૦૪, ૧૨૦૮ | શ્રીચક્રેશ્વરસૂરિ |
| સં૦ ૧૨૦૫ | શ્રીજિનભદ્રસૂરિ |
| સં૦ ૧૨૦૬ | શ્રીકકુદાચાર્ય |
| સં૦ ૧૨૧૪, ૧૩૧૦, ૧૩૧૪, ૧૩૨૩, ૧૩૩૫, ૧૩૩૮, ૧૩૪૩ | શ્રીપરમાનંદસૂરિ |
| સં૦ ૧૨૧૬ | શ્રીદેવાચાર્ય |
| સં૦ ૧૨૩૬ | શ્રીધનેશ્વરસૂરિ |
| સં૦ ૧૨૫૯, ૧૨૬૬, ૧૨૭૬, ૧૩૩૫, ૧૩૩૬ | શ્રીધર્મઘોષસૂરિ |

| | |
|---|---|
| સં૦ ૧૨૫૯ | શ્રીસાગરચંદ્ર ગણિ |
| સં૦ ૧૩૧૦, ૧૩૪૫ | શ્રીરત્નપ્રભસૂરિ |
| સં૦ ૧૩૩૫ | શ્રીવિનયપ્રભ |
| સં૦ ૧૩૩૮ | શ્રીદેવેન્દ્રસૂરિ |
| સં૦ ૧૩૪૪ | શ્રીચંદ્રસૂરિ |
| સં૦ ૧૩૫૧ | શ્રીવીરપ્રભસૂરિ |
| સં૦ ૧૩૫૫, ૧૩૯૧ | શ્રીભાવદેવસૂરિ |
| સં૦ ૧૩૮૬ | શ્રીજિનભદ્રસૂરિ |
| સં૦ ૧૩૯૪ | શ્રીરત્નાકરસૂરિ |
| સં૦ ૧૬૭૫ | શ્રીવિજયદેવસૂરિ |

જે સંવતોમાં પ્રતિષ્ઠાપક આચાર્યોનાં નામ નથી આપ્યાં, તેની સંખ્યા ઉમેરીએ તો અહીં આવી ગયેલા આચાર્યોની સંખ્યા વધી જાય.

## લઘુસાજનશાખાની ઉત્પત્તિ

સં૦ ૧૧૮૫માં આ આરાસણા નગરમાંથી 'લઘુસાજનશાખા' નીકળી, એ વિશે એવી હકીકત જાણવા મળે છે કે—

જિનદાસ નામે એક શેઠ બેણપમાં રહેતો હતો. તે કામદેવ જેવો રૂપાળો હતો. એ સમયે બેણપમાં ભીમ નામે રાણો હતો. તેને જોગા નામે દિવાન હતો. રાજાને કોઈ સંતાન નહોતું તેથી તેણે જોગાની પુત્રી માનાને પોતાની પુત્રી કરીને રાખી હતી.

એક વેળા દિવાળીના દિવસે રાજા માનાકુમારીને પોતાના ખોળામાં લઈ રાજસભામાં બેઠો હતો. તે વખતે

શેઠ જિનદાસ જુહાર કરવાને રાજસભામાં આવ્યો. માનાકુમારી તેને જોઈને મોહિત થઈ ગઈ. રાજાએ તેને જિનદાસ સાથે પરણવા માટે પૂછ્યું; ત્યારે માનાએ હા પાડી. પછી જિનદાસે વાંધો લીધો કે, 'અમે વીશા શ્રીમાલી છીએ, જ્યારે જોગો દશા શ્રીમાલી છે. એટલે તે કન્યાને હું પરણી શકું નહીં.' રાજાએ બળજબરીથી તે બંનેનાં લગ્ન કર્યાં. શેઠ જિનદાસ ત્યાંથી નીકળી આરાસણમાં જઈને વસ્યો અને તેનાથી સં૦ ૧૧૮૫માં 'લઘુસાજન શાખા' નીકળી.

એક સાલ આરાસણમાં ભયંકર મરકી ફાટી નીકળી. આરાસણ ઉજ્જડ બન્યું. શેઠ જિનદાસના વંશજો ત્યાંથી નીકળી ઈડર જઈને વસ્યા.

*

આરાસણનિવાસી શરણદેવ નામના શ્રેષ્ઠીને સુહડાદેવી નામે પત્ની હતી. તેમને વીરચંદ, પાસડ, આંબડ, તેમજ રાવણ નામે પુત્રો હતા. તેણે સં૦ ૧૨૭૫માં આરાસણના દેરાસરમાં બે દાઢાધર બનાવ્યા.

શેઠ શરણદેવને વીરચંદ નામે પુત્ર હતો. તેને સુખમણી નામે પત્ની હતી. તેમને પૂના નામે પુત્ર અને સોહગદેવી નામે પુત્રવધૂ હતી. શેઠ વીરચંદે સં૦ ૧૩૩૮માં આરાસણમાં ભ૦ વાસુપૂજ્યની પ્રતિમા ભરાવી હતી અને તેની પ્રતિષ્ઠા વડગચ્છના આ૦ શ્રીપરમાનંદસૂરિના હાથે કરાવી હતી.

## નગર તરીકે આરાસણ

આ ઉલ્લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, એક કાળે

આરાસણ મોટું નગર હતું. અહીંના સુરહીના લેખો આ નગર વેપારનું કેંદ્ર હોવાનું સૂચન આપે છે અને અનેક વિશિષ્ટ આચાર્યોએ આ નગરમાં પદાર્પણ કરી જીર્ણોદ્ધારો, પ્રતિષ્ઠાઓ વગેરે કરાવ્યાં એથી જણાય છે કે, આ નગરમાં શ્રાવકોની બહોળી વસ્તી હશે અને મોટે ભાગે તેઓ સંપન્ન હશે. ઉપર્યુક્ત શેઠ જિનદાસ, શેઠ શરણદેવ વગેરેની હકીકતથી એ વાતને પુષ્ટિ મળે છે.

આ નગરના નામ ઉપરથી થારાપદ્રીયગચ્છના આચાર્ય શ્રીયશોદેવસૂરિ સં૦ ૧૧૮૪થી 'આરાસણગચ્છ' નીકળ્યો હતો. એટલે અહીં આચાર્યોનાં ચતુર્માસ નિરંતર થતાં રહ્યાં હશે.

આ સિવાય વાદી દેવસૂરિએ સં૦ ૧૧૯૩માં અને સં૦ ૧૨૦૪માં આ આરાસણ તીર્થના શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિષ્ઠા કરી હતી.

વળી, ચૌદમા સૈકાની આસપાસ થયેલા શ્રીમુનિશેખરસૂરિના પટ્ટધર શ્રીધર્મદેવસૂરિએ આરાસણાતીર્થની પ્રતિષ્ઠા કરી હતી એમ 'વિવિધગચ્છીયપટ્ટાવલીસંગ્રહ'માંની 'બૃહત્પોસાલિકપટ્ટાવલી' (પૃ૦૨૭)માં કરેલા આ પ્રકારના ઉલ્લેખથી જાણવા મળે છે—

"तस्मात् श्रीदेवधर्मसूरिः क्लृप्तारासनतीर्थसत्प्रतिष्ठः ॥"

—શ્રી ધર્મદેવસૂરિએ આરાસણા તીર્થમાં પ્રતિષ્ઠા કરી.

આ પ્રતિષ્ઠા કયા મંદિરની ક્યારે કરી એ જાણવામાં આવ્યું નથી.

પેથડ પુત્ર ઝાંઝણે સં૦ ૧૩૪૦ના માહ સુદિ ૫ ના દિવસે માંડવગઢથી તીર્થયાત્રાની શરૂઆત કરી હતી. તેણે આ૦ ધર્મઘોષસૂરિ ગુરુને સાથે રાખ્યા હતા. તેણે ચિત્રકૂટ જઈને ત્યાંથી આઘાટપુર, નાગદ્રહ, જીરાપલ્લી, અર્બુદગિરિ, ચંદ્રાવતી પછી આરાસણ જતાં મુંજાલ ભીલને વશ કર્યો અને આરાસણ જઈ ત્યાંથી તારણગિરિ પ્રહ્લાદપુર પછી શત્રુંજય તીર્થની યાત્રા કરી.

બસ, એ સમય પછી એટલે ચૌદમા સૈકાના મધ્ય કાળમાં આ તીર્થમાં સ્થાપના, પ્રતિષ્ઠાઓ અને જીર્ણોદ્ધારનું કામ બંધ પડે છે. કેમકે સં૦ ૧૩૯૪ પછી લગભગ સવા ત્રણસો વર્ષ પછી એટલે સં૦ ૧૬૭૫માં આ તીર્થનો જીર્ણોદ્ધાર વિજયદેવસૂરિના હાથે થયો.

## આરાસણનું પતન

આ હકીકત આપણને એમ માનવા પ્રેરે છે કે, ચૌદમા સૈકાના મધ્યકાળમાં ગૂજરાત ઉપર જે નાશની નોબત ગગડી તેમાં આ આરાસણ તીર્થ પણ બચી શક્યું નહીં. આબૂનાં દેલવાડાનાં મંદિરો ઉપર પણ મુસ્લિમ ધાડાંએ ઘા કરવાનું છોડ્યું નહીં. ચંદ્રાવતી જેવાં નગરોને તો મુસલમાનોએ પાધર જેવાં બનાવી મૂક્યાં, જેનું આજે નામોનિશાન રહ્યું નથી.

આ નાશમાં ગૂજરાતનો રાજા કરણ ઘેલો અને તેનો નાગર મંત્રી માધવ કારણભૂત હતા. એ વિશે આ પ્રકારે હકીકત જાણવા મળે છે.

પાટણમાં વાઘેલા વંશનો છેલ્લો રાજા કરણ વાઘેલો

નામે હતો. તેને માધવ અને કેશવ નામના બે નાગર બ્રાહ્મણ ભાઈઓ પ્રધાન હતા. કેશવની પત્ની કમલાવતી અત્યંત રૂપવતી હતી એટલે રાજા કરણ આ સ્ત્રીને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતો હતો. પરંતુ બંને પ્રધાનો જ્યાં સુધી પાટણમાં હોય ત્યાં સુધી પોતાના મનની મુરાદ પૂરી નહીં થાય એમ વિચારી કોઈ પણ બહાનાથી તેણે માધવને બહાર ગામ મોકલી દીધો. માધવના ગયા પછી કેશવની સ્ત્રીને રાજમહેલમાં લાવવા માટે અનેક પ્રકારના પ્રપંચો ખેલાયા. કેશવે પોતાની આબરુ બચાવવા માટે બને તેટલું બળ અજમાવ્યું પરંતુ તેમાં તે ફાવ્યો નહીં. છેવટે રાજાના માણસો સાથે ઝૂઝતાં તે ઘવાયો ને મરણ પામ્યો. કેશવની પત્ની કમલાદેવીને રાજમહેલમાં લાવવામાં આવી.

માધવ જ્યારે બહાર ગામથી આવ્યો ત્યારે તેને પોતાના ભાઈના મૃત્યુના સમાચાર મળ્યા અને કમલાદેવીને બળાત્કારથી ઉઠાવી જવાની બધી હકીકત જાણવામાં આવી. તે એકદમ ક્રોધથી ભભૂકી ઊઠ્યો. પણ તે એકલો કંઈ કરી શકે તેમ નહોતો, તેથી પાટણથી નીકળી તે દિલ્હી પહોંચ્યો.

એ સમયે દિલ્હીના તખ્ત ઉપર અલ્લાઉદ્દીન બાદશાહ હતો. તેને માધવે ગૂજરાત ઉપર ચડાઈ કરવા સમજાવ્યો. બાદશાહને તો એટલું જ જોઈતું હતું. તેણે ગૂજરાત જીતવા માટે પૂરેપૂરી તૈયારી કરી અને સં૦ ૧૩૫૬ માં બાદશાહે તેના નાના ભાઈ ઉલૂઘખાનને મોટું સૈન્ય આપી ગૂજરાત જીતવા મોકલ્યો. ઉલૂઘખાન મોટું લશ્કર લઈને ગૂજરાત

આવવાના માર્ગે નીકળ્યો.[1] તે માર્ગે આવતાં ગામો, મંદિરો અને મૂર્તિઓનો કચ્ચરઘાણ વાળતો ચાલ્યો. ચારે તરફ ગામે ગામ આ વાત પ્રસરી ગઈ. આ વાત આરાસણ નગરના જૈનોના કાને પણ આવી.

આરાસણના જૈનોએ દેરાસર અને દેરીઓમાં રહેલ પ્રભુજીની મૂર્તિઓ ઉત્થાપન કરીને કોઈ ઠેકાણે ભંડારી દીધી. ઉલૂઘખાન લશ્કર લઈ ને આરાસણમાં આવ્યો અને મંદિરમાં મૂર્તિઓ ન જોવાથી ગુસ્સે થયો. તેણે દેરાસરનાં નકશીભર્યાં સુંદર તોરણો, છતનાં કારીગીરીભર્યાં ભાવાલેખનો, દેરીઓ, દરવાજા, થાંભલા વગેરે તોડી નાખ્યા. ભયભીત થયેલા લોકોને લૂંટી લીધા, કેટલાકને મારી નાખ્યા, કેટલાક નાસી ગયા. આ રીતે ગામને લૂંટી બાળીને તે આગળ ચાલતો થયો.

ખરી રીતે અલ્લાઉદ્દીનના ભાઈ ઉલૂઘખાને જ આ નગરને બાળતી વખતે આ દેરાસરોને પણ આગ લગાડી.

---

૧. શ્રી જિનપ્રભસૂરિએ 'વિવિધ તીર્થકલ્પ' માં આ ચડાઈ વિશે પ્રાકૃતમાં આ રીતે ઉલ્લેખ કર્યો છે—

"अह तेरहसय छप्पण विक्कमवरिसे अल्लावदीण सुरताणस्स कणिट्ठो भाया उलुखान नामधिज्जा ढिल्लीपुराओ मंतिमाहवपेरिओ गुज्जरधरं पट्ठिओ ॥"

—વિક્રમના સં० ૧૩૫૬ ની સાલમાં અલ્લાઉદ્દીન સુલતાનના ભાઈ ઉલૂઘખાને મંત્રી માધવની પ્રેરણા થતાં દિલ્હીથી ગૂજરાત તરફ (ચડાઈ કરવાને) પ્રસ્થાન કર્યું.

તેથી અને વરસાદમાં જામેલી લીલના કારણે દેરાસરો ઉપર કાળાશ છવાયેલી જોવાય છે.

અહીં ૩૬૦ દેરાસરો હતાં અને તે અંબિકાદેવીએ બાળી નાખ્યાં એવી હકીકત જે પુસ્તકોમાં લખેલી મળે છે તે બ્રાહ્મણોએ દેવીનું માહાત્મ્ય વધારવા ઉપજાવી કાઢેલી છે એમાં શંકા નથી.

અહીં ૩૬૦ દેરાસરો હોય એવો કોઈ ઉલ્લેખ ક્યાંયથી પણ જોવા–જાણવામાં આવ્યો નથી. એટલાં મંદિરો માટે અહીં એટલી જમીનનો અવકાશ જ નથી અને દેવીએ જો દેરાસરોને બાળ્યાં હોય તો પાંચ દેરાસરોને સાબૂત કેમ રાખે? સ્પષ્ટ છે કે, આવી વાતો પાછળ કંઈ તથ્ય નથી.

ભંડારેલી પ્રતિમાઓ હાલ ક્યાં છે તે હજુ સુધી જાણવામાં આવ્યું નથી. જેમ આબૂ ઉપર હજી વિમલશાહ અને વસ્તુપાલ–તેજપાલનાં દેરાસરોની પ્રાચીન મૂર્તિઓનો પત્તો લાગ્યો નથી તેવી હકીકત આ આરાસણની પ્રતિમાઓ વિશે પણ બની હોય એમ લાગે છે.

## આરસ પાષાણની ખાણોના માલિક

ઉપર જણાવ્યું તેમ સં૦ ૧૩૯૪ પછી આરાસણનાં મંદિરો વિશે ઉલ્લેખ મળતો નથી પણ આરાસણની ખાણમાંથી જિનપ્રતિમાઓ માટે આરસપાષાણ લેવાતો હતો તેના ઉલ્લેખો મળે છે. આરાસણના રાજા ખાણના માલિક રાજા મહીપાલદેવ, જેમનો ઉલ્લેખ શિલાલેખોમાં પણ આવે છે તેમની કથા 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ' માં આપી છે તે જાણવા જેવી છે.

સમરશાહે સં૦ દેશલના આદેશ પ્રમાણે આરાસણની ખાણમાંથી જિનબિંબ માટે આરસપાષાણ લાવવા માટે માણસોને મોકલ્યા હતા. સમરાશાહ તરફથી વિજ્ઞપ્તિપત્ર અને ભેટણું લઈ તે લોકો આરાસણની ખાણના સ્વામી પાસે ગયા તે વખતે કુમારપાલ જેવો મહીપાલદેવ ( આરાસણની ખાણોનો સ્વામી ) ત્રિસંગમપુરમાં રાજ્ય કરતો હતો. તેણે જન્મથી જ માંસ, વિજયા, મદિરા વગેરેનું સેવન છોડી દીધું હતું અને બીજાઓને પણ તેનાથી તે રોકતો હતો. દિવસમાં તે એક જ વખત ભોજન કરતો હતો. અહિંસાધર્મનું તે પાલન કરતો. હિંસક તેના રાજ્યમાં રહી શકતો નહીં. નાના બોકડા કે પાડાને નહીં મારવાની તેના રાજ્યમાં સખત આણ પ્રવર્તતી હતી. જૂ મારવામાં પણ પણ લોકો ડરતા હતા. કોઈ શય્યા–પથારીને તડકે નાખી શકતું નહીં. એના ઘોડાઓ પણ ગળણાથી ગળેલા પાણીને પીતા હતા. માહેશ્વર–શૈવ હોવા છતાં જૈનધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળો તે રાજા દિવસે જ ભોજન કરતો હતો.

તેને પાતા નામે મંત્રી હતો. તે ગંભીર પ્રકૃતિનો અને ગુણવાન હતો. સમરાશાહના માણસો ભેટણા સાથે વિજ્ઞપ્તિ લઈ રાણા મહીપાલદેવના દર્શને ગયા. રાણાના આદેશથી મંત્રીએ ઊંચા સ્વરે વિજ્ઞપ્તિ વાંચી. તે સાંભળીને મહીપાલે જણાવ્યું : ‘સમરસિંહ ધન્ય છે. એનો જન્મ સફળ છે, જેની મતિ આ કલિયુગમાં પણ કૃતયુગને અનુકૂળ છે. હું પણ ધન્યવાદને પાત્ર છું કે જેના અધિકારમાં આરાસણ અને ત્યાંના પાષાણોની ખાણ છે. અન્યથા આ વિષયમાં

હું સ્મરણોચિત ક્યાંથી થાત? મંત્રીશ્વર! સમરાશાહની ભેટ પાછી આપો. આવા પુનિત કાર્ય માટે ધન કેમ લેવાય? ધન, પરિવાર અને જીવિત વડે પણ ધર્મ કરાય છે તો તે ભેટ માત્રથી વૃથા કેમ હારી જવાય? તેમજ બિંબો માટેનો દલવિભાગ ગ્રહણ કરનારાઓ પાસેથી રાજાનો જે વિભાગ –કર લેવાય છે, તે પણ મેં હાલ પડતો મૂક્યો છે. આ કાર્ય કરવામાં જે કંઈ પણ જોઈએ ત્યાં ત્યાં મને પણ પુણ્યનો અંશ હો એમ હું કહીશ."

એ પ્રમાણે કહી રાજા મહીપાલ સમરસિંહના માણસો અને મંત્રી પાતા સાથે આરાસણની ખાણ ઉપર ગયા. ત્યાં દલ પાલન કરનાર સર્વ સૂત્રધારોને સમ્માનપૂર્વક બોલાવી મૂલ બિંબની કલ્પના કરી. સૂત્રધારોએ યથેષ્ટ માગવા છતાં મહીપાલ રાજાએ તેનાથી અધિક માગવાની ઇચ્છા પ્રદર્શિત કરી. ખાણનો પૂજાપૂર્વક આરંભ કરાવ્યો. તે વખતે સમરાશાહના માણસોએ સોનાનાં આભૂષણો, વસ્ત્રો, તાંબૂલ, ભોજન વગેરેથી સૂત્રધારોનું સમ્માન કર્યું હતું. મહોત્સવ કરી, દાન આપી, સત્રાગાર—ભોજનશાળા ખુલ્લી મૂકી.

આ મહીપાલદેવ વિશે ડૉ૦ ભાંડારકર 'પ્રોગ્રેસ રિપોર્ટ ઓફ ધી આર્કર્યોલૉજિકલ સર્વે ઓફ ઇંડિય–વેસ્ટર્ન સર્કલ, સને ૧૯૦૫–૬'માં જણાવે છે કે—

> "ઈ૦ સ૦ ૧૨૭૪ (સં૦ ૧૩૩૧) ની મીતિવાળો એક પાળિયા–લેખ મળી આવ્યો છે, જેમાં મહીપાલ નામે કોઈ આરાસણનો રાજા હતો એમ કહેલું છે."

(જૂઓ પરિશિષ્ટ લેખાંક: ૭–૧૫૮)

સમરશાહની આ વિજ્ઞપ્તિ સં૦ ૧૩૭૧ પહેલાં એકાદ-એ વર્ષે થઈ હશે એટલે આ મહીપાલદેવ આરાસણની ગાદી ઉપર સં૦ ૧૩૭૧ થી આગળ એટલે ૪૦ વર્ષ કરતાં વધુ સમય સુધી રહ્યો હશે.

સમરાશાહે રાણા મહીપાલદેવ પાસેથી ખાણમાંથી સરસ ફલહી-પાષાણની લાંબી પાટો મેળવી. તેમાંથી શત્રુંજયના મુખ્ય મંદિરના મૂળનાયક શ્રીઆદીશ્વર ભ૦ની પ્રતિમા ઘડાવી. સં૦ ૧૩૭૧માં પોતાના પિતા દેસલ શાહને સંઘાધિપતિ કરી સમરાશાહે પોતાના બંધુઓ વગેરેની સાથે શત્રુંજયનો સંઘ કાઢી ત્યાં ઉપકેશગચ્છના શ્રીદેવગુપ્તસૂરિના શિષ્ય આ૦ સિદ્ધસૂરિ પાસે આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી હતી.[૧]

એ પછી ગોવિંદ સાધુ-શેઠ સંઘપતિ થઈ શત્રુંજય અને ગિરનારની, તથા સોપારક તીર્થની યાત્રા કરી તેણે તારણગિરિ (તારંગા)નાં દર્શન કર્યાં. પછી તેમાં શ્રીઅજિતનાથ પ્રભુનું મોટું બિંબ આરાસણની ખાણના ખાસ આરસમાંથી કરાવી તેમાં (તારંગામાં) શ્રીસોમસુંદરસૂરિના હાથે સં૦ ૧૪૭૯માં પ્રતિષ્ઠિત કરાવ્યું. તે ઉત્સવ વખતે પુંજારાવના સુભટો લોકોનું રક્ષણ કરતા હતા.[૨]

## જીર્ણોદ્ધાર

એ પછી શ્રીવિજયસેનસૂરિના ઉપદેશથી તારંગા, શંખેશ્વર, સિદ્ધાચલ, પંચાસર, રાણપુર, **આરાસણ** અને

---

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૪૨૬
૨. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ૦ ૪૫૪

વીજાપુર વગેરેનાં મંદિરોનો ઉદ્ધાર (સં૦ ૧૬૩૯થી ૧૬૪૬) સુધીમાં થયો.[૧]

શ્રીવિજયસેનસૂરિ મહારાજે જે તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેમાં આરાસણાનું પણ નામ છે.

શ્રી. ધર્મસાગરની 'તપાગચ્છીયપટ્ટાવલી'માં જણાવ્યું છે કે—

विमलाचल-तारङ्ग-नारंगपुर-शङ्खेश्वर-पंचासर-राणकपुरारासण-विद्यानगरादिषु जीर्णोद्धारान् पुण्योपदेशद्वारा कारायन्तः ।

*

એક વખત શ્રીવિજયદેવસૂરિ પોસીના આવ્યા. એમના સમયમાં પોસીના મોટું ગામ હતું. તીર્થરૂપ હતું. શ્રાવકોની વસ્તી બહોળી હતી પણ આજે તો ૧૫–૨૦ શ્રાવકોની માત્ર વસ્તી છે. પાંચ જૈન દેરાસર વિદ્યમાન છે. તેનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો.

આ પોસીનાના શ્રેષ્ઠીઓ પાસેથી આચાર્યશ્રીએ આરાસણા તીર્થ વિશે જાણ્યું. આરાસણ જવાનો રસ્તો જાણી લીધો. તેઓ પોસીનાથી શ્રીસંઘ સાથે ૧૨ ગાઉ દૂર આવેલા આરાસણ તીર્થમાં આવ્યા.

જંગલમાં સુંદર દેવવિમાન જેવાં મંદિરોની જીર્ણ અને નોંધારી સ્થિતિ હતી. આસપાસ ઝાડી ને ઝાંખરા થઈ ગયાં હતાં. વરસાદનું પાણી તડોમાંથી પડતાં લીલફૂલ બાઝી ગઈ હતી અને તેથી મંદિરનો શ્વેત આરસ પણ

---

૧. ઐતિહાસિક સજ્ઝાયમાલા ભા. ૧ સંપાદક : મુનિ વિદ્યાવિજયજી, પરિચય લેખક–વિજયધર્મસૂરિ પૃ૦ ૧૨

કાળો પડી ગયો હતો. જ્યાં ત્યાં કચરાના ઢગલા પડ્યા હતા. કેટલેક સ્થળે ચૂનો ઊખડી ગયો હતો. મંદિરની મૂર્તિઓ ખંડિત બની હતી. છતોમાંથી પાણી પડતું જણાતું હતું.

આવી કરુણ સ્થિતિ જોઈને આચાર્યશ્રીને ભારે દુઃખ થયું. તેમણે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવાનો નિર્ણય કર્યો. આજુબાજુના જૈન સંઘને બોલાવી તેમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો. શ્રીસંઘે આચાર્યશ્રીના નિર્ણયને વધાવી લીધો. મંદિરોના જીર્ણોદ્ધારનું કામ તડામાર શરૂ થયું. બધી રીતે યોગ્ય પ્રબંધ કરાવી તેમના શિષ્ય પં૦ કુશલસાગર ગણિના નેતૃત્વ નીચે કામ શરૂ થયું.

દેરાસરની અંદર અને બહાર સાફ કરવાનું કામ અશક્ય જણાવાથી માત્ર દેરાસરોના અંદરના ગભારા અને સભામંડપોને સાફ કરાવી રંગ પૂર્યો. કેટલીક નવી મૂર્તિઓ ભરાવી ને સં૦ ૧૬૩૫ માં નવી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. આ સંબંધીના લેખો શ્રી નેમનાથ ભ૦, શ્રી મહાવીરસ્વામી ભ૦ અને શ્રી પાર્શ્વનાથ ભ૦ના દેરાસરોના મૂળનાયકની નીચે ઉત્કીર્ણ થયેલા છે, જે અગાઉ અમે આપ્યા છે.

સં૦ ૧૬૭૯ પહેલાં શ્રીવિજયસેનસૂરિ મહારાજે અહીં જીર્ણોદ્ધાર કરાવેલો પરંતુ અમુક દેરાસરનો જ જીર્ણોદ્ધાર થયેલો જણાતો હતો. સંભવ છે કે, શ્રીવિજયદેવસૂરિજીને આ જીર્ણોદ્ધાર વિશે કંઈ માહિતી ન પણ હોય.

## વહીવટ

શ્રીવિજયદેવસૂરિએ જીર્ણોદ્ધાર કરાવ્યા પછી આ મંદિરોનો વહીવટ કોને સોંપવો એ પ્રશ્ન ઊભો થયો. આરા-

સણ તો ઉજ્જડ બની ગયું હતું. ત્યાં કોઈની વસ્તી નહોતી. ચંદ્રાવતીનો સંપૂર્ણ નાશ થઈ ગયો હતો. એટલે પોસીના સિવાય નજીકમાં બીજું મોટું ગામ નહોતું, તેથી આ તીર્થની દેખરેખનું કામ પોસીના શ્રીસંઘને સોંપવામાં આવ્યું.

એ સમયે આજના જેવી સગવડો નહોતી. પંદર ગાઉ દૂર રહીને તીર્થની સંભાળ લેવાનું કામ મુશ્કેલ હતું.

પછી તેનો વહીવટ મુંબઈવાસી શેઠ પ્રેમચંદ રાયચંદના હસ્તક આવ્યો. તે પછી અમદાવાદના નગરશેઠે પણ આ તીર્થનો વહીવટ કરવાનું માથે લીધું. છેવટે દાંતાના શ્રીસંઘે અહીંનો વહીવટ કરવા માંડયો ને અહીં એક પૂજારી રહેવા લાગ્યો. પણ કોઈના વહીવટમાં યાત્રાળુ માટેની સગવડમાં ફેર ન પડયો. મંદિરોની સ્થિતિ પણ જેવી ને તેવી બની રહી.

સં૦ ૧૯૫૭માં અહીં યાત્રાળુ માટે ધર્મશાળા બની હતી.

પછી સં૦ ૧૯૭૬ ની સાલમાં આ૦ શ્રીવિજયનેમિસૂરિજી અહીં પધાર્યા. આ ભવ્ય દેરાસરોની દુર્દશા જોઈ તેમને ભારે દુઃખ થયું. અહીંના વહીવટ માટે પણ એમને લાગી આવ્યું. આ રીતે બધું વ્યવસ્થિત કરવાનો એમણે નિર્ણય કર્યો.

ત્રણસો વર્ષ પછી આચાર્યશ્રી એનો જીર્ણોદ્ધાર કરાવવાને ઉદ્યુક્ત થયા.

તેમણે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સભ્યો–શેઠિયાઓને કુંભારિયાજીમાં બોલાવ્યા. સૌ એકઠા થયા અને સં૦ ૧૯૭૬ માં દાંતા શ્રીસંઘ પાસેથી વહીવટ લઈ ને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપવામાં આવ્યો.

પછી જીર્ણોદ્ધારનું કામ શરૂ થયું. ગભારા અને સભા-મંડપને સાફ કરાવ્યા. આરાસણની ખાણમાંથી આરસ કઢાવવામાં આવ્યો.

કુશળ કારીગરોના હાથે જૂના પડેલા કે તૂટી ગયેલા ભાગને સમરાવવા માંડયો. થાંભલા, પાટ વગેરે નવાં થયાં. જૂનાને આંચ ન આવે એ રીતે નવું કામ થવા લાગ્યું. આ કામ ત્રણ વર્ષ સુધી સતત ચાલ્યા કર્યું.

સં૦ ૧૯૯૦ માં જૂના ધ્વજા–દંડને સ્થાને નવા ચડાવ્યા. યાત્રાળુ માટે બધી રીતે સગવડ આપવાનું વિચારવામાં આવ્યું.

આ રીતે પેઢીએ આ તીર્થના જીર્ણોદ્ધારમાં લાખો રૂપિયાનો ખરચ કર્યો અને વહીવટી તંત્ર વ્યવસ્થિત કર્યું.

અગાઉ દાંતા રાજ્ય તરફથી મુંડકુ લેવામાં આવતું હતું પણ ભારતને સ્વરાજ મળ્યા પછી અને દાંતા સ્ટેટનો વહીવટ મુંબઈરાજ્યને હસ્તક ગયા પછી મુંડકુ લેવાનું બંધ થયું છે.

યાત્રાળુઓ માટે આ તીર્થમાં જવાની હવે બધી સગવડ છે.

અંબાજીથી કોટેશ્વર જતી બસમાં યાત્રાળુ કુંભારિયાજી ઊતરી શકે છે. અંબાજીથી બીજાં વાહનો પણ મળે છે.

અંબાજીથી એકાદ માઈલ દૂર રહેલા આ તીર્થની યાત્રા તો પગરસ્તે ચાલીનેય થઈ શકે.

આપણાં વિભૂતિમાન ભવ્ય મંદિરોને જોવાં એ એક જીવનનો અમૂલ્ય લહાવો છે. એને કોઈએ જતો કરવો ન જોઈએ.

*

# પરિશિષ્ટ

[ આ પુસ્તકમાં મંદિરોના વર્ણનની અંતે આપેલા શિલાલેખો બધા મળીને ૩૯ છે અને બીજા ૧૨૨ લેખો અમને સાક્ષરવર્ય શ્રીજિનવિજયજી પાસેથી મળ્યા તે બધા મળીને ૧૬૧ લેખોનો અહીં ક્રમવાર સંગ્રહ કરવા આ પરિશિષ્ટમાં ક્રમાંક નીચે સંવતનો નિર્દેશ કર્યો છે એટલે તે લેખો જોવા માટે આ પુસ્તકનો પૃષ્ઠ નંબર અને શિલાલેખ નંબર દર્શાવ્યો છે. ]

## શ્રીનેમિનાથ ભ૦ના મંદિરના લેખો

[ १ ]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરમાંની એક મૂર્તિ ઉપરનો લેખ—

संवत् ११९१ वर्षे फालुग्न(ल्गुन) सुदि २ सोमे श्रीअरिष्टनेमि[:] प्रतिष्ठितो(तः) श्री देवाचा(*)र्यगच्छे श्रीविजयसिंहाचार्येन प्रतिष्ठा कृता जिनदेवगुरुभक्तान(नां) भक्तेन सकलगोष्ठीसु(षु) स्थायित्ये(त्वे)न छेहडेन ब्यं(बिं)बं कृतं सुतो(तः) श्री........... दुल्लहं सुतेन पुन्नदेव्योदरो... ........

—(આ લેખ ખૂબ અશુદ્ધ છે—) સં૦ ૧૧૯૧ના ફાગણ સુદિ ૨ ને સોમવારે શ્રીઅરિષ્ટનેમિચૈત્યમાં જિનેશ્વર દેવ અને ગુરુના ભક્તોના ભક્ત એવા સમગ્ર ગોષ્ઠીમાં સ્થાયીરૂપે રહેલ શ્રેષ્ઠી છેહડે એક મૂર્તિ ભરાવી અને તેની શ્રીદેવાચાર્યગચ્છના શ્રીવિજયસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ २ ]

સં० ११९१ । (જૂઓ પૃ૦ ૨૧, લે૦ નં૦ ૧)

[ ३ ]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરમાં શ્રીશાંતિનાથ ભ૦ની મૂર્તિ પરનો લેખ—

संवत् १२०४ फागुन वदि ११ कुजे श्रीप्राग्वाटवंशीय श्रे० सहदेवपुत्र वटतीर्थवास्तव्यमहं रिसिदेवश्रावकेन स्वपितृव्यसुत-भ्रातृ उद्धरण स्वभ्रातृ सरणदेवसुतपूता रिसिदेव(*)भार्या मोहीसुत शुभंकर शालिग बाहड क्रमेण तत्पुत्र धवल घूचू पारसपुत्रपुत्रीप्रभृति-स्वकुटुंबसमेतेन आरासनाकरे श्रीनेमिनाथचैत्ये मुखमंडपखत्तके श्री(*)शांतिनाथबिंबं आत्मश्रेयसे कारितं ॥ श्रीचंद्रबृहद्गच्छे श्रीवर्धमानसूरीयैः श्रीसंविग्नविहारिभिः प्रतिष्ठितमिदं बिंबं श्रीचक्रेश्वर-सूरिभिः ॥

—સં૦ ૧૨૦૪ ના ફાગણ વદિ ૧૧ ને મંગળવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી સહદેવ, તેના પુત્ર વટતીર્થના રહેવાસી મહં૦ રિસિદેવ શ્રાવકે; પોતાના કાકા, પુત્ર ભાઈ ઉદ્ધરણ, પોતાના ભાઈ સરણદેવ તેના પુત્ર પૂતા; રિસિદેવની પત્ની મોહી, તેના પુત્રો શુભંકર, શાલિગ, બાહડ, તેમના ક્રમશઃ પુત્રો ધવલ, ઘૂચૂ, અને પારસ વગેરે પુત્ર, પુત્રીઓ અને પોતાના કુટુંબ સાથે આરાસનાકરમાં શ્રીનેમિનાથ ભ૦ ચૈત્યના મુખ્ય મંડપના ગોખલામાં પોતાના કલ્યાણ માટે શ્રીશાંતિનાથ

ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીચંદ્રગચ્છના શ્રીવર્ધમાન-સૂરિના સંવિગ્નવિહારી શ્રીચક્રેશ્વરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ४ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १२०४ ज्येष्ठ सुदि ९ मंगलदिने श्रे० सहजिगसुतेन उद्धा परमश्रावकेण निजानुजभोदा भागिनेय मुमा भगिनी लोली प्रभृति स्वकुटुंब(*)समन्वितेन निजकलत्र सलक्षणश्रेयोनिमित्तं श्रीपार्श्वजिनबिंबं कारापितं प्रतिष्ठितं श्रीअजितदेवसूरिशिष्यैः श्रीविजयसिंहसूरिभिः ॥

—સં૦ ૧૨૦૪ના જેઠ સુદિ ૯ ને મંગળવારે શ્રેષ્ઠી સહજિગ, તેના પુત્ર ઉદ્ધા નામક પરમ શ્રાવકે પોતાના નાના ભાઇ ભોદા, ભાણેજ મુમા, બેન લોલી વગેરે પોતાના કુટુંબ સાથે પોતાની પત્ની સલક્ષણના કલ્યાણ નિમિત્તે શ્રીપાર્શ્વનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીઅજિત-દેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ५ ]

મુખમંડપની જમણી બાજુના ખત્તકમાં પબાસન પરનો લેખ—

संवत् १२०४ ज्येष्ठ सुदि ९ मंगलवारे श्रे० पूनासुतेन धाइय परमश्रावकेण निजपुत्र दादूसमन्वितेन बृहद्भ्रातृवोसरि-श्रावकस्य कल्याणपरं(*)परानिमित्तं आत्मश्रेयोर्थं च श्रीशांतिनाथ-

प्रतिमा कारापिता। प्रतिष्ठिता श्रीअजितदेवसूरिशिष्यैः श्रीमद्-विजयसिंहसूरिपूज्यपादैरिति ॥

—સં૦ ૧૨૦૪ જેઠ સુદિ ૯ ને મંગળવારે શ્રેષ્ઠી પૂનાના પુત્ર ધાઈય નામના પરમશ્રાવકે પોતાના પુત્ર દાહૂની સાથે મોટા ભાઈ વોસરિ શ્રાવકની કલ્યાણપરંપરા નિમિત્તે અને આત્મકલ્યાણ માટે શ્રીશાંતિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી, અને તેની શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિ પૂજ્યપાદે પ્રતિષ્ઠા કરી.

[ ૬ ]

સં૦ ૧૨૦૪। (જૂ૰ એ૦ પૃ૦ ૨૨, લે૦ નં૦ ૩)

[ ૭ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઋષભદેવ ભ૦ની મૂર્તિ નીચેનો લેખ—

ॐ ॥ संवत् १२०५ ज्येष्ठ शुदौ ९ भौमे नीतोडकवास्तव्य प्राग्वाटवंशसमुद्भव श्रे० ब्रह्माकसत्क सत्पुत्रेण देवचं(*)द्रेण अंबा वीर तनुजसमन्वितेन श्रेयोमालानिमित्तं आत्मनः श्रीयुगादिदेवप्रतिमा कारिता श्रीबृहद्गच्छे (*) मेरुकल्पतरुकल्पपूज्यश्रीबुद्धिसागरसूरि-विनेयानां श्रीअभयदेवसूरीणां शिष्यैः श्रीजिनभद्रसूरिभिः प्रतिष्ठितं॥

—સં૦ ૧૨૦૫ ના જેઠ સુદિ ૯ ને મંગળવારે નીતોડાના રહેવાસી પોરવાડજ્ઞાતિમાં ઉત્પન્ન શ્રેષ્ઠી બ્રહ્માના પુત્ર દેવચંદ્રે, પોતાના પુત્રો અંબા અને વીરની સાથે પોતાના કલ્યાણ નિમિત્તે શ્રીઆદિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને

તેની બૃહદ્‌ગચ્છના શ્રેષ્ઠ કલ્પતરુ સમાન આચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિ, તેમના શિષ્ય શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ८ ]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १२०५ ज्येष्ठ शुदा ९ भौमे प्राग्वाटवंशज श्रे० नींबकसुत श्रे० सोहिकासत्क सत्पुत्र श्रोवच्छेन श्रीधर निजानुजसहितेन (*)स्वकीयसामंततनूजानुगतेन स्वजननो जेइकाश्रेयसे आत्मकल्याणपरंपराकृतये च अन्येषां चात्मीयबन्धूनां भाग्यहे (?)(*) निवहनिमित्तं श्रीमन्नेमिजिनराजचैत्ये श्रीपार्श्वनाथबिंबं कारापितं श्रीबृहद्गच्छगगनांगणसोमसमानपू( * )ज्यपादसुगृहीतनामधेयश्रीबुद्धिसागरसूरिविनेयानां श्रीअभयदेवसूरीणां शिष्यैः श्रीजिनभद्रसूरिभिः प्रतिष्ठितं॥

—સં૦ ૧૨૦૫ના જેઠ સુદિ ૯ ને મંગળવારે પોરવાડજ્ઞાતીય શ્રે૦ નીંબકના પુત્ર શ્રે૦ સોહિકાના પુત્ર શ્રીવચ્છે; શ્રીધર નામના પોતાના નાના ભાઈની સાથે અને પોતાના સામંત નામક પુત્રની સાથે, પોતાની માતા જેઈકાના કલ્યાણ નિમિત્તે અને પોતાની કલ્યાણપરંપરા વધારવા માટે, બીજા જે પોતાના બંધુઓ તેના ભાગ્ય માટે શ્રીનેમિનાથ ભ૦ના જિનચૈત્યમાં શ્રીપાર્શ્વનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્‌ગચ્છરૂપ આકાશમાં ચંદ્ર સમાન દીપતા પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય નામે શ્રીબુદ્ધિસાગરસૂરિ, તેમના

શિષ્ય શ્રીઅભયદેવસૂરિ અને તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૯ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ ઉપરનો લેખ—

सं० १२०६ कार्तिक वदि ६ आरासणे श्रीकुमारपालदेवाज्ञया श्रीसं(*)घादेशेन श्रीककुदाचार्यैः श्रीपार्श्वनाथबिंबं प्रतिष्ठितं॥

—સં૦ ૧૨૦૬ના કાર્તિક વદિ ૬ ના રોજ આરાસણામાં શ્રીકુમારપાલદેવ–રાજાની આજ્ઞાથી અને શ્રીસંઘના આદેશથી શ્રીકકુદાચાર્યે શ્રીપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

[૧૦]

सं० १२०६। (જૂઓ પૃ૦ ૨૨, લે૦ નં૦ ૪)

[૧૧]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ। संवत् १२०८ फागुण सुदि १० रवौ श्रीबृहद्गच्छीयसंविज्ञविहारी(रि)श्रीवर्धमानसूरिशिष्यैः श्रीचक्रेश्वरसूरि(*)भिः प्रतिष्ठितं प्राग्वाटवंशीय श्रे० पूतिग सुत श्रे० पाहडेन वीरक भा० देझली भार्या पुत्र यशदेव पूल्हण पासू पौत्र(*) पार्श्ववधादिमानुषैश्च समेतेन आत्मश्रेयसे आरासनाकरे श्रीनेमिनाथचैत्यमुखमंडपे श्रीने(*)मिनाथबिंबं कारितं इति मंगलं महाश्रीः॥

—સં૦ ૧૨૦૮ ના ફાગણ સુદિ ૧૦ ને રવિવારે પોરવાડવંશના શ્રેષ્ઠી પૂતિગના પુત્ર શ્રે૦ પાહડે; વીરક, તેની ભાર્યા દેઝલીના પુત્ર યશદેવ, પૂલ્હણ, પાસૂ, પૌત્ર પાર્શ્વ, વધ વગેરે શ્રેષ્ઠીઓની સાથે આત્મકલ્યાણ માટે આરાસનાકરના શ્રીનેમિનાથ ભ૦ ના જિનચૈત્યના મુખમંડપમાં શ્રીનેમિનાથ ભ૦ ની મૂર્તિ ભરાવી અને તેની બૃહદ્ગચ્છના સંવિજ્ઞવિહારી શ્રીવર્ધમાનસૂરિના શિષ્ય શ્રીચક્રેશ્વરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[१२]

सं० १२०८। (જૂઓ પૃ૦ ૨૩, લે૦ નં૦ ૫)

[१३]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં પહેલા કાઉસગ્ગિયા પરનો લેખ—

संवत् १२१४ फागुन वदि ७ शुक्रवारे श्रीबृहद्गच्छोद्भव-संविग्नविहारिश्रीवर्धमानसूरीयश्रीचक्रेश्वरसूरिशिष्य..........श्री परमानंदसूरिसमेतैः........प्रतिष्ठितं॥ तथा पुरा नंदिग्रामवास्तव्यप्राग्वाटवंशोद्भव महं० वरदेव तत्सुत वनुयतत्सुत बाहड तत्सुत........ तद्भार्या दुल्हेवीसुतेन आरासनाकरस्थितेन श्रे० कुलचंद्रेण भ्रातृ रावण वीरूय पुत्र घोसल पोहडि भ्रातृव्य बुहा० चंद्रादि। तथा पुनापुत्र पाहड (?) वीरा पाहडपुत्र जसदेव पूल्हण पासू तत्पुत्र पारस पासदेव शोभनदेव जगदेवादि वीरापुत्र छाहड आमदेवादि सूमासुत साजन तत्पुत्र प्रभृति गोत्रस्वजनसंतुकं फु(?) पुनदेव सावदेवादि दूल्हेवि राजी सलखणी वाल्हेवि आपी रतनी फूदी

सिरी सातो रूपिणि देवसिरि प्रभृतिकुटुंबसमेतेन श्रेयोर्थं श्रीअरिष्टनेमिचैत्ये श्रीसुपार्श्वजिनबिंबमिदं कारापितमिति ॥

—સં૦ ૧૨૧૪ ના ફાગણ વદિ ૭ ને શુક્રવારે અગાઉ નંદિગ્રામના રહેવાસી પોરવાડવંશમાં થયેલા મહં૦ વરદેવ, તેના પુત્ર વનુય, તેના પુત્ર બાહડ તેના પુત્ર........તેની ભાર્યા દુલ્હેવીના પુત્ર કુલચંદ્ર જે આરાસનાકરના રહેવાસી હતા તેમણે; ભાઈ રાવણ, વીરૂય, તેના પુત્ર ઘોસલ અને પોહડિ, કાકા બુહા અને ચંદ્ર વગેરે તેમજ પુનાના પુત્રો પાહડ (?) અને વીરા, પાહડના પુત્રો જસદેવ, પૂલ્હણ, પાસૂ, તેના પુત્રો પારસ, પાસદેવ, શોભનદેવ, જગદેવ વગેરે, વીરાના પુત્રો છાહડ અને આમદેવ વગેરે, સૂમાના પુત્ર સાજન, તેના પુત્રો વગેરે અને ગોત્રીય સ્વજનો સંતુક, પુનદેવ, સાવદેવ વગેરે; દુલ્હેવિ, રાજી, સલખણી, વાલ્હેવિ, આપી, રતની, કૂદી, સિરિ, સાતી, રૂપિણિ, દેવસિરિ વગેરે કુટુંબની સાથે કલ્યાણ માટે શ્રીઅરિષ્ટનેમિચૈત્યમાં શ્રીસુપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીબૃહદ્ગચ્છીય, સંવિગ્નવિહારી, શ્રીવર્ધમાનસૂરિના શ્રીચક્રેશ્વરસૂરિના શિષ્ય........શ્રીપરમાનંદસૂરિની સાથે પ્રતિષ્ઠા કરી.

[१४]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાંના બીજા કાઉસગ્ગિયા ઉપરનો લેખ—

संवत् १२१४ फागुण वदि ७ शुक्रवारे श्रीबृहद्गच्छोद्भवसंविग्नविहारिश्रीवर्धमानसूरीयश्रीचक्रेश्वरसूरिशिष्य..............

श्रीपरमानंदसूरिसमेतैः...........प्रतिष्ठितं। तथा पुरा नंदिग्रामवास्तव्यप्राग्वाटवंशोद्भवमहं० वरदेव तत्सुत वनुय तत्सुत बाहड तत्सुत...........तद्भार्या दुल्हेवीसुतेन आरासनाकरस्थितेन श्रे० कुलचंद्रेण भ्रातृ रावण वीरूयपुत्र घोसल पोहडि भ्रातृव्य बुहा० चन्द्रादि। तथा पुनापुत्र पाहड(?) वीरा पाहडपुत्र जसदेव पूल्हण पासू तत्पुत्र पारस पासदेव शोभनदेव जगदेवादि वीरापुत्र छाहड आमदेवादि सूमासुत साजन तत्पुत्रप्रभृति गोत्रस्वजनसंतुकं फु(?) पुनदेव सावदेवादिदुल्हेवि राजी सलखणी वाल्हेवि आपी रतनी फूदी सिरी साती रूपिणि देवसिरि प्रभृतिकुटुंबसमेतेन श्रेयोर्थं श्रीअरिष्टनेमिचैत्ये श्रीपार्श्वजिनबिंबं कारापितमिति ॥

—સં૦ ૧૨૧૪ ના ફાગણ વદિ ૭ ને શુક્રવારે અગાઉ નંદિગ્રામના રહેવાસી પોરવાડવંશમાં થયેલા મહં૦ વરદેવ, તેના પુત્ર વનુય, તેના પુત્ર બાહડ, તેના પુત્ર........તેની ભાર્યા દુલ્હેવીના પુત્ર કુલચંદ્ર, જે આરાસનાકરના રહેવાસી હતા તેમણે; ભાઈ રાવણ, વીરૂય, તેના પુત્ર ઘોસલ અને પોહડિ, કાકા બુહા અને ચંદ્ર વગેરે; તેમજ પુનાના પુત્રો પાહડ (?) અને વીરા, પાહડના પુત્રો જસદેવ, પૂલ્હણ, પાસૂ; તેના પુત્રો પારસ, પારસદેવ, શોભનદેવ, જગદેવ વગેરે; વીરાના પુત્રો છાહડ અને આમદેવ વગેરે; સૂમાના પુત્ર સાજન, તેના પુત્રો વગેરે અને ગોત્રીય સ્વજનો સંતુક, પુનદેવ, સાવદેવ વગેરે; દુલ્હેવિ, રાજી, સલખણી, વાલ્હેવિ, આપી, રતની, ફૂદી, સિરિ સાતી, રૂપિણિ, દેવસિરિ વગેરે કુટુંબની સાથે કલ્યાણ માટે શ્રીઅરિષ્ટનેમિચૈત્યમાં શ્રીપાર્શ્વનાથ

ભ૦ ની પ્રતિમા ભરાવી, અને તેની શ્રીબૃહદ્ગચ્છીય, સંવિગ્ન-વિહારી શ્રીવર્ધમાનસૂરિના શ્રીચક્રેશ્વરસૂરિના શિષ્ય........ પરમાનંદસૂરિની સાથે પ્રતિષ્ઠા કરી.

[१५]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १२३६ वर्षे फागुण वदि ३ गुरौ श्रे० वोसरि सुत वरश्रावक आसदेवस्य स्वपितुः श्रेयोर्थं लिंबदेवआस....पार्श्वनाथ-बिंबं कारितं बृहद्गच्छीयश्रीअभयदेवसूरिविनेय श्रीजिनभद्रसूरि-श्रीधनेश्वरसूरिभिः श्रीधृतिप्रदं प्रतिष्ठितं मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૩૬ ના ફાગણ વદિ ૩ ને ગુરુવારે શ્રેષ્ઠી વોસરિ, તેના પુત્ર શ્રાવક આસદેવે; પોતાના પિતાના કલ્યાણ માટે લિંબદેવ, આસપાલ સાથે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્ગચ્છીય શ્રીઅભયદેવસૂરિના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ અને શ્રીધનેશ્વરસૂરિએ શ્રી અને ધૃતિ આપે એવી પ્રતિષ્ઠા કરી.

[१६]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् १२५९ वर्षे आषाढ सुदि २ शनौ श्रे० यशःपाल-पुत्रेण पार्श्वचंद्रेण आत्मश्रेयोर्थं(*) पार्श्वनाथप्रतिमा कारिता प्रतिष्ठिता वा० सागरचंद्रगणिना मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૫૯ ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી યશઃપાલ, તેના પુત્ર પાર્શ્વચંદ્રે પોતાના કલ્યાણ માટે શ્રીપાર્શ્વ-નાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની વાચક સાગરચંદ્ર ગણિએ પ્રતિષ્ઠા કરી.

[૧૭]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાંની એક મૂર્તિ પરનો લેખ—

ॐ। संवत् १३१० वर्षे वैशाख वदि ३........थिरदेव भार्या कडूपुत्र देवकु(*)मारभार्या.........द्वि० पुत्र जसा भार्या पातूदेव........श्रेयोर्थं बिंबं कारितं ॥

—સં૦ ૧૩૧૦ ના વૈશાખ સુદિ ૩....શ્રેષ્ઠી થિરપાલ, તેની પત્ની કડૂ, તેના પુત્ર દેવકુમાર, તેની પત્ની........બીજા પુત્ર જસા, તેની પત્ની પાતૂ સાથે દેવકુમારે પોતાના કલ્યાણ માટે બિંબ ભરાવ્યું.

[૧૮]

મૂળમંડપમાં ગર્ભગૃહ પાસે ૧૭૦ જિનના શિલાપટ્ટ ઉપરનો લેખ—

ॐ।संवत् १३१० वर्षे चैत्र वदि २ सोमे प्राग्वाटान्वय श्रे० छाहडभार्या वीरीपुत्र श्रे० ब्रह्मदेवभार्या लषमिणि भ्रातृ श्रे० सरणदेवभार्या सूहवपुत्र श्रे० वीरचंद्रभार्या सुषमिणि भ्रातृ श्रे० पासडभार्या पद्मसिरि भ्रातृ श्रे० आंबडभार्या अभयसिरि भ्रातृ श्रे० राम्बण १ पूनाभार्या सोहगपुत्र आसपालभार्या वस्तिणिपुत्र बोजापुत्र महणसीहपुत्र जयतापुत्र कर्मसीहपुत्र अरसीह लूणसीभार्या हीरूपुत्र

पुनासहितेन श्रीनेमिनाथचैत्ये श्रीसत्तरिसयर्बिंबान् कारापितः ॥ बृहद्गच्छीयश्रीअभयदेवसूरिसि(शि)ष्यः श्रीजिनभद्रसूरिसि(शि)ष्यः श्रीशांतिप्रभसूरिसि(शि)ष्यः श्रीरत्नप्रभसूरिसि(शि)ष्यः श्रीहरिभद्रसूरिसि(शि)ष्यः श्रीपरमाणंदसूरिभिः प्रतिष्ठितं ॥ शुभं भवतु श्रीसंघस्य। कारापकस्य देवगुरुप्रसादात् ॥

—સં૦ ૧૩૧૦ના ચૈત્ર વદિ ૨ ને સોમવારે પોરવાડવંશના શ્રેષ્ઠી છાહડ, તેની પત્ની વીરી, તેના પુત્ર શ્રે૦ બ્રહ્મદેવ, તેની પત્ની લખમિણિ, તેના ભાઈ શ્રેષ્ઠી સરણદેવ, તેની ભાર્યા સૂહવ, તેના પુત્ર શ્રે૦ વીરચંદ્ર, તેની પત્ની સુખમિણિ, તેના ભાઈ શ્રે૦ પાસડ, તેની પત્ની પદ્મસિરિ, તેના ભાઈ શ્રે૦ આંબડ, તેની પત્ની અભયસિરિ, તેના ભાઈ શ્રે૦ રાંબણ ૧, પૂનાની ભાર્યા સોહગ તેના પુત્ર આસપાલ, તેની પત્ની વસ્તિણિ, તેના પુત્ર બીજા, તેના પુત્ર મહણસીહ, તેના પુત્ર જયતા, તેના પુત્ર કર્મસીહ, તેના પુત્રો અરિસીહ અને લૂણસી, અરિસિંહની ભાર્યા હીરૂ, તેના પુત્ર પુનાની સાથે શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં એકસો સિત્તેર જિનનાં બિંબો કરાવ્યાં, અને તેની, બૃહદ્ગચ્છના શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ, તેમના શિષ્ય શાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય રત્નપ્રભસૂરિ, તેમના શિષ્ય હરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી. દેવ–ગુરુના પ્રસાદથી શ્રીશ્રમણસંઘનું અને મૂર્તિ ભરાવનારનું કલ્યાણ થાઓ.

[૧૯]

सं० १३१०। (જૂઓ પૃ૦ ૨૩, લે૦નં૦ ૬)

[૨૦]

સં૦ ૧૩૧૦। (જૂઓ પૃ૦ ૨૪, લે૦ નં૦ ૭)

[૨૧]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઆદિનાથ ભ૦ ની પ્રતિમાનો લેખ—

ॐ। सं० १३१४ वर्षे ज्येष्ठ सुदि सोमे आरासनाकरे श्रीनेमिनाथचैत्ये बृहद्गच्छीय श्रीशांतिप्रभशिष्यैः श्रीरत्नप्रभसूरिपट्टे श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंदसूरिभिः प्रतिष्ठितं प्राग्वाटान्वये श्रे० माणिभद्रभार्या माऊ पु० थिरदेव धामडभार्या कुमारदेविसुत आसचंद्र बा० मोहिणि चाहिणि, सीतू द्वि०भार्या लखमिणी पुत्र कुमरसीहभार्या लाडीपुत्र कडुआ पु० कर्मिणि जगसीहभार्या सहजू पु० आसिणि बाइ आल्हणिकुटुंबसमुदायेन श्रे० कुमारसीह-जगसीहाभ्यां पितृ-मातृश्रेयोर्थं श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं च मंगलमस्तु श्रमणसंघस्य कारापकस्य च ॥ शुभमस्तु ॥

—સં૦ ૧૩૧૪ના જેઠ સુદિ ૨ ને સોમવારે આરાસનાકરના શ્રીનેમિનાથના મંદિરમાં બૃહદ્ગચ્છીય શ્રીશાંતિપ્રભના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિની પાટે શ્રીહરિભદ્રસૂરિ થયા, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ જેની પ્રતિષ્ઠા કરી છે તે મૂર્તિ, પોરવાડવંશના શ્રેષ્ઠી માણિભદ્ર, તેની પત્ની માઊ, તેના પુત્ર થિરદેવ અને ધામડ, તે થિરદેવની પત્ની કુમરદેવી, તેના પુત્ર આસચંદ્ર, બાઈ મોહિણિ, ચાહિણી, સિતૂ; બીજી પત્ની લખમણીના પુત્ર કુમરસિંહ, તેની પત્ની લાડી, તેના

પુત્ર કડુઆ, પુત્રી કર્મિણિ, જગસિંહની પત્ની સહજૂ, તેના પુત્ર આસિણિ, બાઈ આલ્હણિ વગેરે કુટુંબ સમુદાયે શ્રેષ્ઠી કુમરસીહ અને જગસીહે પિતા-માતાના કલ્યાણ નિમિત્તે શ્રીઆદિનાથ ભ૦ની પ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠિત કરી. તે મૂર્તિ ભરાવનારનું અને શ્રીશ્રમણસંઘનું મંગલ કરો.

[ ૨૨ ]

ગર્ભગૃહના દ્વાર પાસેના કાઉસગ્ગિયાની પાટલી પરનો લેખ-

ॐ ॥ संवत् १३१४ वर्षे ज्येष्ठ सुदि २ सोमे आरासनाकरे श्रीनेमिनाथचैत्ये बृहद्गच्छीय श्रीशांतिप्रभसूरिशिष्य श्रीरत्नप्रभसूरिशिष्य श्रीहरिभद्रसूरिशिष्य श्रीपरमानंदसूरिभिः प्रतिष्ठितं प्राग्वाटान्वय-श्रे० माणिभद्रभार्या माऊपुत्र थिरदेव धामड थिरदेवभार्या रूपिणि पुत्र वीरचंद्र भार्या वाल्ही सु० वीदाभार्या सहजूसुत वीरपालभार्या रत्निणि-सुत आसपाल बाइ पूनिणि सुषमिणि भ्रा० श्रे० आदाभार्या आसमति पुत्र अमृतसीहभार्या राजल लघुभ्रातृ अभयसीह भार्या सोल्हू द्वि० वील्हूपुत्र भीमसीह खीमसीह पु० रयण फू० अमलबाइ वयजू चांदू श्रे० आदासुत अभयसीहेन पितृमातृश्रेयोर्थं आदिनाथ-जिनयुगलबिंबं कारितं ॥ मंगलमस्तु श्रीश्रमणसंघस्य कारापकस्य च ॥

—સં૦ ૧૩૧૪ના જેઠ સુદિ ૨ ને સોમવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી માણિભદ્ર, તેની ભાર્યા માઊ, તેના પુત્રો થિરદેવ અને ધામડ, તેમાં થિરદેવની પત્ની રૂપિણી, તેના પુત્ર વીરચંદ્ર, તેની પત્ની વાલ્હી, તેના પુત્ર વીદા, તેની પત્ની સહજૂ, તેના સુત વીરપાલ, તેની ભાર્યા રત્નિણિ, તેના પુત્ર આસપાલ,

બાઈ પૂનિણિ, સુખમિણિ, તેના ભાઈ આહ્લા, તેની પત્ની આસમતિ, તેના પુત્ર અમૃતસિંહ, તેની પત્ની રાજલ, તેના નાના ભાઈ અભયસિંહ, તેની પત્ની સોલ્હૂ, બીજી પત્ની વીલ્હૂ, તેના પુત્ર ભીમસિંહ, ખીમસિંહ, પુત્ર રયણુ, ફૂ૦ અમલબાઈ, વયજૂ, ચાંહૂ, શ્રેષ્ઠી આહ્લાના પુત્ર અભયસિંહે પિતા–માતાના કલ્યાણુ માટે શ્રીઆદિનાથ ભ૦ નું જિન-યુગલબિંબ ભરાવ્યું અને તેની આરાસનાકરના શ્રીનેમિનાથ-ચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીશાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ, તેમના શિષ્ય હરિભદ્રસૂરિ તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી. શ્રીશ્રમણુસંઘ અને મૂર્તિ ભરાવનારનું મંગલ થાઓ.

[ २३ ]

सं० १३१४। ( જૂઓ પૃ૦ ૨૪, લે૦ નં૦ ૮ )

[ २४ ]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરના મુખ્ય મંડપમાં જમણી બાજુના ખત્તકમાંનો લેખ—

ॐ ॥ संवत् १३२३ वर्षे माघशुक्लषष्ठ्यां ६ प्राग्वाटवंशोद्भव-निजसद्गुरुपदपद्मार्चनप्रणामरसिकः श्रे० माणिभद्रभार्या माऊ (*)-सुत थिरदेव-निर्व्यूढसर्वज्ञपदाब्जसेवः श्रे० धामडः भार्या सच्छील-गुणाद्यलंकरणैर्निरवद्याद्या कुमरदेवि पु० आसचंद्र मोहिणि चाहिणि (*) सीतू द्वि० भार्या लाडी पु० कर्मिणि द्वि० जगसिंहः तद्भार्या प्र० सहजू द्वि० अनुपमा सु० पूर्णसिंहः सुहडादेवि बा० माल्हणि

समस्तकुटुंबसहिताभ्यां आरासनाकरसरोवरराजहंससमानश्रीमन्नेमि-जिनभुवने विमलशरन्निशाकराभ्यां श्रे० (*) कुमारसिंह-जय-सिंहाभ्यां स्वदोर्दण्डोपात्तवित्तेन शिवाय लेखितशासनमिव श्रीनंदी-श्वरवरः कारितः ॥ तथा द्रव्यव्ययात् कृतमहामहोत्सवप्रतिष्ठायां समागतानेकग्रामनगरसंघसहितेन श्रीचंद्रगच्छगगनांगणभूषणपार्वण-शरच्चंद्रसन्निभपूज्य (*) पदपद्मश्रीशांतिप्रभसूरिविनेय श्रीरत्नप्रभसूरि-तच्छिष्यविद्वच्चक्रचूडामणि श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंदसूरिभिः प्रतिष्ठितः । मंगलमस्तु समस्तसंघस्य कारापकस्य च ॥

—સં૦ ૧૩૨૩ના મહા સુદિ ૬ ના રોજ પોતાના સદ્ગુરુના ચરણકમળમાં પૂજા—પ્રણામ કરવામાં રસવાળા પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી માણિભદ્ર, તેની પત્ની માઊ, તેના પુત્ર થિરદેવ અને સર્વજ્ઞ ભગવંતોના ચરણની સેવામાં લાગેલા શ્રેષ્ઠી ધામડ, તેની પ્રથમ પત્ની સુંદર શીલગુણો-રૂપ અલંકારથી નિષ્પાપ એવી કુમરદેવિ, તેના પુત્ર આસ-ચંદ્ર, પુત્રીઓ મોહિણિ, ચાહિણિ, સીતૂ અને દ્વિતીયપત્ની લાડી, પુત્રી કર્મણિ, બીજો પુત્ર જગસિંહ તેની પ્રથમ પત્ની સહજૂ અને બીજી પત્ની અનુપમા, તેના પુત્ર પૂર્ણસિંહ, પુત્રી સુહડાદેવી, બાઈ માલ્હણિ વગેરે સમગ્ર કુટુંબની સાથે આરાસનાકરરૂપ સરોવરમાં રાજહંસ સમાન શ્રીનેમિનાથના મંદિરમાં નિર્મળ શરદ્ઋતુ અને ચંદ્રમા જેવા શ્રેષ્ઠી કુમર-સિંહ અને જગસિંહે પોતાના હાથરૂપ દંડથી ઉપાર્જન કરેલ ધનથી મુક્તિને માટે જાણે શાસન લખ્યું હોય તેવો શ્રેષ્ઠ શ્રીનંદીશ્વરનો પટ્ટ કરાવ્યો. તેમજ દ્રવ્ય ખરચીને

જેમણે મોટા મહોત્સવપૂર્વકની પ્રતિષ્ઠા કરવામાં આવેલા અનેક નગર અને ગામના શ્રીસંઘની સાથે, શ્રીચંદ્રગચ્છરૂપ આકાશમાં પૂર્ણિમાના ચંદ્રસમા અને પૂજ્ય છે ચરણકમળ જેમના એવા શ્રીશાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ, તેમના શિષ્ય વિદ્વાનોના સમૂહમાં ચૂડામણિ જેવા શ્રીહરિભદ્ર-સૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી, તે સર્વ સંઘને અને મૂર્તિ ભરાવનારને મંગલરૂપ થાઓ.

[૨૫]

સં૦ ૧૩૨૭। (જૂઓ પૃ૦ ૨૫, લે૦ નં૦ ૯)

[૨૬]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઅજિતનાથ ભ૦ ની મૂર્તિ ઉપરનો લેખ—

ॐ। सं० १३३५ माघ शुदि····शुक्रे प्राग्वाटज्ञा० श्रे० सोमाभार्या माल्हणिपुत्राः वयर श्रे० अजयसिंह छाडा सोढा भार्या वस्तिणि राज(*)ल छाडु धांधलदेवि सुहडादेविपुत्र वरदेव झांझण आसा कडुआ गुणपाल पेथाप्रभृतिसमस्तकुटुंबसहिताभ्यां छा(*)डा-सोढाभ्यां पितृ-मातृ-भ्रातृ-अजाश्रेयोर्थं श्रीअजितस्वामिबिंबं देवकुलिकासहितं कारितं प्रतिष्ठितं बृह० श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंदसूरिभिः ॥ शुभं भवतु ॥

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ....ને શુક્રવારે પોરવાડ-જ્ઞાતીય શ્રેષ્ઠી સોમા, તેની પત્ની માલ્હણિ, તેમના પુત્રો

વયર, શ્રે૦ અજયસિંહ, છાડા, અને સોઢા; તેમની પત્નીઓ વસ્તિણિ, રાજલ, છાડુ, ધાંધલદેવી, સુહડાદેવી, અને પુત્રો વરદેવ, ઝાંઝણ, આસા, કડુઆ, ગુણપાલ, પેથા વગેરે કુટુંબ સાથે શ્રેષ્ઠી છાડા અને સોઢાએ માતા, પિતા, ભાઈ અને પુત્રીઓના કલ્યાણ માટે શ્રીઅજિતનાથસ્વામીનું બિંબ દેવકુલિકા સહિત કરાવ્યું અને તેની બૃહદ્ગચ્છીય શ્રીહરિભદ્ર-સૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૨૭]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીસુપાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ ઉપર લેખ—

ॐ। संवत् १३३५ मार्ग वदि १३ सामे पोषपुरवास्तव्य प्राग्वाटज्ञातीयठक्कर श्रीदेवसावडसंतानीय श्रे० सोमाभार्या जयतुपुत्र सादाभार्या लखमीपुत्र सालिगभार्या (*) कडूपुत्र खिताभार्या लूणीदेवीसहितेन सुपार्श्वबिंबं कारितं प्रतिष्ठितं बृहद्गच्छीय श्रीहरि-भद्रसूरिशिष्यैः श्रीपरमानन्दसूरिभिः श्रेष्ठिसोमासुत प्रा० छाडाकेन कारापितं ॥

—સં૦ ૧૩૩૫ ના માગશર વદિ ૧૩ ને સોમવારે પોષપુરના રહેવાસી પોરવાડજ્ઞાતીય ઠક્કર શ્રીદેવ સાવડના સંતાનીય શ્રેષ્ઠી સોમા, તેની ભાર્યા જયતુ, તેના પુત્ર સાદા, તેની ભાર્યા લખમી, તેના પુત્ર સાલિગ, તેની પત્ની કડૂ, તેના પુત્ર ખેતા, તેની પત્ની લૂણી દેવી સાથે શ્રેષ્ઠી સોમના પુત્ર પ્રા૦ છાડાએ શ્રીસુપાર્શ્વનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું

અને તેની બૃહદ્દ્ગચ્છીય શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૨૮]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

सं० १३३५ माघ सु० १३ शुक्रे प्राग्वाटज्ञातीय श्रे० श्रीधरभार्या सोहिणिपुत्र गांगदेवेन भार्याश्रीमतिसमन्वितेन महं० भ्रातृ ( * ) यशोदेवपुत्र लूणधवल तत्पुत्र केल्हणसिंहप्रभृतिकुटुम्बयुतेन श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं च विनयप्रभेण ।

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી શ્રીધર, તેની ભાર્યા સોહિણિ, તેના પુત્ર ગાંગદેવે; તેની પત્ની શ્રીમતિની સાથે અને ભાઈ મહં૦ યશોદેવ, તેના પુત્ર લૂણધવલ, તેના પુત્ર કેલ્હણસિંહ વગેરે કુટુંબ સાથે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીવિનયપ્રભ મુનિએ પ્રતિષ્ઠા કરી.

[૨૯]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઋષભદેવ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

संवतु १३३५ वर्षे माघ सुदि १३ शुक्रे श्रे० अभइभार्या अभयसिरिपुत्र कुलचंद्रभार्या ललतुपुत्र बूटाभार्या सरसर तथा सुमणभार्या सीतूपुत्र सोहड नयणसी लूंण(*)सीह खेतसीह सोढलप्रमुखकुटुंबसमुदायेन श्रीऋषभबिंबं पित्रोः श्रेयोर्थं कारितं

प्रतिष्ठितं बृहद्गच्छश्रीविजयसिंहसूरिसंताने श्रीश्रीचन्द्रसूरिशिष्यैः श्रीवर्द्धमानसूरिभिः ॥

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે શ્રેષ્ઠી અભઈ, તેની પત્ની અભયસિરિ, તેના પુત્ર કુલચંદ્ર, તેની પત્ની લલતુ, તેના પુત્ર બૂટા, તેની પત્ની સરસર; તેમજ શ્રે૦ સુમણ, તેની પત્ની સીતૂ, તેના પુત્ર સોહડ, નયણસી, લૂણસીહ, ખેતસીહ, સોઢલ વગેરે કુટુંબ સમુદાયે મળીને માતા–પિતાના કલ્યાણ માટે શ્રીઋષભદેવ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્ગચ્છના શ્રીવિજયસિંહસૂરિના સંતાનીય શ્રીશ્રીચંદ્રસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૩૦]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઆદિનાથ ભ૦ ની મૂર્તિ ઉપરનો લેખ—

ॐ । संवत् १३३५ वर्षे माह सुदि १३ शुक्रे प्राग्वाटज्ञातीय-श्रे० आमिगसंताने तु० श्रे० आसदेवभार्या सहजु तत्पुत्राः आसपाल धरणिग ऊदा तु० आसपालभार्या आसिणि तत्पुत्र नोडसीह-हरिपालौ धरणिगभार्या धांधलदेवि द्वि० चांपल ऊदाभार्या-पाल्हू इत्यादिकुटुंबसहितेन तु० आसपालेन पितृमातृश्रेयसे श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीमडाहडगच्छे श्रीचक्रेश्वरसूरि-संताने श्रीसोमप्रभसूरिशिष्यैः श्रीवर्द्धमानसूरिभिः ॥

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે પોરવાડજ્ઞાતીય શ્રે૦ આમિગના સંતાનીય તુલહારી શ્રેષ્ઠી આસ-

દેવ, તેની પત્ની સહજુ, તેમના પુત્રો આસપાલ, ધરણિગ, ઊદા, તેમાં તુલહારી આસપાલની ભાર્યા આસિણિ, તેના પુત્રો નોડસીહ અને હરિપાલ; શ્રે૦ ધરણિગની ભાર્યા ધાંધલદેવી દ્વિતીય ભાર્યા ચાંપલ, શ્રે૦ ઊદાની ભાર્યા પાલ્હૂ વગેરે કુટુંબ સાથે તુલહારી આસપાલે પિતા–માતાના કલ્યાણ માટે શ્રીઆદિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીમડાહડગચ્છના શ્રીચક્રેશ્વરસૂરિના સંતાનીય શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૩૧]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરમાં આદિનાથની મૂર્તિ પાસેના ગર્ભગૃહના ગોખલામાં નીચે પાટલી પરનો લેખ—

संवत् १३३५ माघ सुदि १३ शुक्रे प्राग्वाटज्ञातीय श्रे० गोसलसुत साजणभार्या पद्मु तत्पुत्रिकया खेतुश्राविकया स्वश्रेयोर्थं श्रीचंद्रप्रभस्वामिबिंबं कारितं प्रतिष्ठितं बृह० श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमाणंदसूरिभिः ॥

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી ગોસલના પુત્ર સાજણ, તેની ભાર્યા પદ્મુ, તેમની પુત્રી ખેતુ શ્રાવિકાએ પોતાના કલ્યાણ માટે શ્રીચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા ભરાવી અને તેની બૃહદ્‌ગચ્છના શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૩૨]

બીજા ગોખલામાં નીચે પાટલી પરનો લેખ—

संवत् १३३५ वर्षे माघ शुदि १३ शुक्रे प्राग्वाटज्ञातीय श्रे०

वयजाभार्या–लूड तत्पु····भार्यया अनुपमश्राविकया स्वश्रेयोर्थं मुनिसुव्रतस्वामिबिंबं कारितं प्रतिष्ठितं बृह० श्रीपरमाणंदसूरिभिः ॥

—સં૦ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી વયજા, તેની ભાર્યા લૂડ, તેના પુત્ર........ ........, તેની ભાર્યા અનુપમ શ્રાવિકાએ પોતાના કલ્યાણ માટે શ્રીમુનિસુવ્રતસ્વામીનું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્-ગચ્છીય શ્રીપરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ३३ ]

सं० १३३५। (જૂઓ પૃ૦ ૨૫, લે૦ નં૦ ૧૦)

[ ३४ ]

सं० १३३५। (જૂઓ પૃ૦ ૨૬, લે૦ નં૦ ૧૧)

[ ३५ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાંની એક મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १३३६ वर्षे आसदेवसुत श्रे० आसलेन आसलपुत्र लींबजी तत्सुत सोम जगसीह धव····प्रभृतिभिः कुटुंबसमुदायेन श्रे०सोमाकेन का० प्र० श्रीसोमप्रभसूरिशिष्यश्रीवर्द्धमानसूरिभिः ॥

—સં૦ ૧૩૩૬ના વર્ષે શ્રેષ્ઠી આસદેવના પુત્ર શ્રે૦ આસલે, આસલના પુત્ર લીંબજી, તેના પુત્રો સોમ, જગસીહ ધવ..............વગેરે કુટુંબ સમુદાય સાથે શ્રેષ્ઠી સોમાએ

મૂર્તિ ભરાવી અને તેની શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૩૬]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા ઉપરનો લેખ--

संवत् १३३८ वर्षे ज्येष्ठ शुदि १४ शुक्रे बृ० श्रीकनकप्रभसूरिशिष्यैः श्रीदेवेंद्रसूरिभिः श्रीचन्द्रप्रभस्वामिबिंबं प्रतिष्ठितं प्रा(*)ग्वाटज्ञातीय श्रे० शुभंकरभार्या संतोसपुत्र श्रे० पूर्णदेव पासदेव—भार्या धनसिरिपुत्र श्रे० कुमरसिंहभार्या सील्हूपुत्र महं झांझणानुजमहं० (*) जगस तथा श्रे० पासदेवभार्या पद्मसिरिपुत्र श्रे० बूटा श्रे० लुगा इति महं झांझणपुत्र काल्हू महं जगससार्या रूपिणिपुत्र कडूया वयजल अभयसिंह (*) पु० नागल जासल देवलप्रभृतिकुटुंबसमन्वितेन महं जगसाखे(ख्ये)न मातृ-पितृ-भ्रातृश्रेयोर्थं बिंबं कारितं॥

—સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ ને શુક્રવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી શુભંકર, તેની ભાર્યા સંતોસ, તેના પુત્રો શ્રે૦ પૂર્ણદેવ અને પાસદેવ, પાસદેવની પત્ની ધનસિરિ, તેના પુત્ર કુમરસિંહ, તેની પત્ની સીલ્હૂ, તેના પુત્ર મહં૦ ઝાંઝણ, તેના નાના ભાઈ મહં૦ જગસ; તથા શ્રેષ્ઠી પાસદેવ, તેની ભાર્યા પદ્મસિરિ, તેના પુત્ર બૂટા, લૂગા એ પ્રકારે મહં૦ ઝાંઝણના પુત્ર કાલ્હૂ, મહં૦ જગસની ભાર્યા રૂપિણિ, તેના પુત્રો કડૂયા, વયજલ, અભયસિંહ, અભયસિંહના પુત્રો નાગલ, જાસલ, દેવલ વગેરે કુટુંબની સાથે મહં૦ જગસે

માતા, પિતા અને ભાઈઓના કલ્યાણ માટે શ્રીચંદ્રપ્રભ સ્વામીનું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્‌ગચ્છીય શ્રીકનકપ્રભસૂરિના શિષ્ય શ્રીદેવેંદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૩૭ ]

સં૦ ૧૩૩૮। (જૂઓ પૃ૦ ૨૯, લે૦ નં૦ 13)

[ ૩૮ ]

સં૦ ૧૩૩૮। (જૂઓ પૃ૦ ૩૦, લે૦ નં૦ ૧૪)

[ ૩૯ ]

સં૦ ૧૩૩૮। (જૂઓ પૃ૦ ૩૧, લે૦ નં૦ ૧૫)

[ ૪૦ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

सं० १३४३ माघ शुदि १० शनौ बृ० श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीपरमानंदसूरिभिः प्रतिष्ठितं प्राग्वाटज्ञा० श्रे० माहिल्लपुत्र श्रे० थिरदेव श्रे० धामड थिरदेवभार्या माउ (*) पुत्र वीरचंद्र आद्यभार्या आसमतिपुत्र श्रे० अभयसिंह भार्या सोढु द्वि० वील्ह[ण] पुत्र भीमसिंह खीमसिंह देवसिंह नरसिंह वील्हणपुत्रिका हीरल प्रथमपुत्र प (*)। ....लिंबिणिपुत्र जयतसिंह द्वि० पुत्र भार्या खेतलदेवि पु० रिणू तृती० भार्या देवसिरिपुत्र सामंतसिंह चतु० भार्या ना.... देवी पंचमभार्या विजयसिरिप्रभृतिकुटुंबसहितेन श्रीनेमिनाथबिंबं श्रीमदरिष्टनेमिभवने आत्मश्रेयोर्थं श्रेष्ठिवीरचंद्रेन कारितं ॥

—સં૦ ૧૩૪૩ ના માહ સુદિ ૧૦ ને શનિવારે પોરવાડ-જ્ઞાતીય શ્રેષ્ઠી માહિલ્લ, તેના પુત્રો શ્રે૦ થિરદેવ, શ્રે૦ ધામડ, થિરદેવની પત્ની માઉ, તેમના પુત્ર વીરચંદ્રની પ્રથમ પત્ની આસમતિ, તેમના પુત્ર અભયસિંહ, તેમની પત્ની સોઢુ, બીજા પુત્ર વીલ્હણુ, તેમના પુત્રો ભીમસિંહ, ખીમસિંહ, દેવસિંહ, નરસિંહ, વીલ્હણુની પુત્રી હીરલ, તેનો પહેલો પુત્ર....લિંખિણિ, તેના પુત્ર જયતસિંહ, બીજા પુત્રની ભાર્યા ખેતલદેવી, તેના પુત્ર રિણૂ, ત્રીજા પુત્રની પત્ની દેવસિરિ, તેના પુત્ર સામંતસિંહ, ચોથા પુત્રની પત્ની ના....દેવી, પાંચમા પુત્રની પત્ની વિજયસિરિ વગેરે કુટુંબ સાથે શ્રેષ્ઠી વીરચંદ્રે શ્રીઅરિષ્ટનેમિ જિનચૈત્યમાં શ્રીનેમિનાથ ભગવાનનું બિંબ પોતાના કલ્યાણુ માટે ભરાવ્યું અને તેની બૃહદ્‌ગચ્છીય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય પરમાનંદસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૪૧ ]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરના મુખમંડપના કાઉસગ્ગિયા નીચે પાટલી ઉપરનો લેખ—

ॐ॥ संवत् १३४३ वर्षे माघ शुदि १० शनौ प्राग्वाटान्वय-श्रे० (*) छाहडसुत श्रे० देसलभार्या देल्ही तत्पुत्र लक्षमण [ आ ]-(*)सघर देवधर सिरधर मयधर। तथा सिरधरभार्या....(*) पुत्र जसदेव। द्वितीयपुत्रेण श्रे० गांगदेवेन भार्या....(*)....जाथी जयतू तत्पुत्र लूणधवल वाधू कपूरदेवि तत्पुत्र कल्हणसीहप्रभृति-कुटुंबसमुदाये सति आत्मना....(*) पितुः श्रेयोर्थं कल्याणत्रये

श्रीअरिष्टनेमिबिंबानि कारितानि । मंगलमस्तु समस्तसंघस्य । (*) श्रे० गांगदेवसुत ऊदलसुता लूणी भगिनि(नी) वयजू सहजू क-गउ....सति गांगीप्रभृति ॥

—સં० ૧૩૪૩ ના માહ સુદિ ૧૦ ને શનિવારે પોરવાડવંશના શ્રેષ્ઠી છાહડ, તેના પુત્ર શ્રેષ્ઠી દેસલ, તેની પત્ની દેલ્હી, તેના પુત્રો લક્ષ્મણ, આસધર, દેવધર, સિવધર, અને મયધર, તેમજ સિરધરની પત્ની........તેના પુત્ર શ્રીગાંગદેવે. પત્ની........જાથી, જયતૂ, તેના પુત્ર લૂણધવલ, વાધૂ, કપૂરદેવી, તેના પુત્ર કલ્યાણસિંહ વગેરે કુટુંબની વિદ્યમાનતામાં પોતાના અને પિતાના કલ્યાણ માટે ત્રણ કલ્યાણકમાં શ્રીઅરિષ્ટનેમિની પ્રતિમાઓ ભરાવી. સમસ્ત સંઘનું મંગલ થાઓ.

શ્રેષ્ઠી ગાંગદેવના પુત્ર ઉદલની પુત્રી લૂણી બહેન વયજૂ, સહજૂ, ક—ગઉ....ની વિદ્યમાનતામાં ગાંગી વગેરે....

[ ४२ ]

सं० १३४४ । ( જૂઓ પૃ० ૩૧, લે० નં० ૧૬ )

[ ४३ ]

શ્રીનેમિનાથ ભ० ના મંદિરમાં શ્રીઋષભદેવ ભ० ની મૂર્તિ નીચેનો લેખ—

ॐ । सं० १३४४ वर्षे ज्येष्ठ शुदि १० बुधे श्रीनेमिनाथ-चैत्ये प्राग्वाटवंशोद्भवेन श्रे०देशलभार्या देल्ही श्रे०लक्ष्मीधरभार्या लक्ष्म-सिरि श्रे० आसधर (*)भार्या आसमति श्रे० देघर श्रे० सिरधर-

भार्या सोहिणि श्रे० मयधरभार्या उदयमति श्रे० सुमिराभार्या साजिणि श्रे० गुणदेवभार्या साल्हू (*) श्रे० गांगदेवभार्या सिरमति श्रे० वीरदेवभार्या विजयसिरिसुत अरिसिंहभार्या सोहगसुत वस्तपालभार्या वउलसिरि तथा तेजपालभार्या मीणलसुत भीमसीह वस्तपालसुत चाहडभार्या लाछि सु० आल्हडसिंह ताल्हणसीह वस्तपालसुत उदयसिंहभार्या कागल तृतीयसुत पद्मसिंह भा० (*) जला चतु० रत्नसीह पंचम समरसिंह माणिक समस्तकटुंबसमुदायेन श्रे० वस्तपालेन श्रीऋषभदेवबिंबं कारितं प्रतिष्ठितं नवांगवृत्तिकारश्रीअभयदेवसूरिसंताने श्रीश्रीचंद्रसूरिभिः ॥

—સં० ૧૩૪૪ ના જેઠ સુદિ ૧૦ ને બુધવારે શ્રીનેમિનાથના મંદિરમાં પોરવાડજ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠી દેશલ, તેમની ભાર્યા દેલ્હી; શ્રેષ્ઠી લક્ષ્મીધર, તેમની ભાર્યા લક્ષ્મસિરિ; શ્રેષ્ઠી આસધર, તેની ભાર્યા આસમતિ, શ્રેષ્ઠી દેધર; શ્રેષ્ઠી સિરધર, તેમની ભાર્યા સોહિણિ; શ્રેષ્ઠી મયધર, તેની ભાર્યા ઉદયમતિ, શ્રેષ્ઠી સુમિરા, તેની ભાર્યા સાજિણિ; શ્રે० ગુણદેવ; તેની પત્ની સિરમતિ; શ્રે० વીરદેવ, તેની પત્ની વિજયસિરિ, તેમના પુત્ર અરિસિંહ, તેની પત્ની સોહગ, તેમના પુત્ર વસ્તપાલ, તેની પત્ની વઉલસિરિ અને શ્રે० તેજપાલ, તેની પત્ની મીણલ, તેના પુત્ર ભીમસીહ; વસ્તપાલના પુત્ર ચાહડ, તેની ભાર્યા લાછી, તેના પુત્રો આલ્હડસિંહ, તાલ્હણસિંહ; વસ્તપાલના (બીજા) પુત્ર ઉદયસિંહ, તેની ભાર્યા કામલ; તે(વસ્તપાલ)ના ત્રીજા પુત્ર પદ્મસિંહ, તેની ભાર્યા જલા, તે(વસ્તપાલ)ના ચોથા પુત્ર રત્નસિંહ,

પાંચમા પુત્ર સમરસિંહ, માણિક વગેરે સમસ્ત કુટુંબ સમુદાય સાથે શ્રેષ્ઠી વસ્તપાલે શ્રીઋષભદેવ ભ૦ નું બિંબ ભરાવ્યું અને નવાંગવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિના સંતાનીય શ્રીશ્રીચંદ્ર-સૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૪૪ ]

સં૦ ૧૨૭૫, સં૦ ૧૩૧૦, સં૦ ૧૩૪૫

( જૂઓ પૃ૦ ૨૭, લે૦ નં૦ ૧૨ )

[૪૫]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ ઉપરનો લેખ—

संवत् १३५१ वैशाष सुदि·······पोसीनास्थानीय कोष्ठा० श्रीवन्कुमारसुत कोष्ठा० आसल देल्हण भ्रातृ वाल्हेवीश्रेयोर्थं श्रीचंद्रप्रभस्वामिबिंबं कारितं श्रीपरमानंदसूरिशिष्यैः श्रीवीरप्रभसूरिभिः प्रतिष्ठितं मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૩૫૧ ના વૈશાખ સુદિ.......પોસીના સ્થાનના કોષ્ઠાગારિક શ્રીવન્ કુમાર, તેમના પુત્રો કોષ્ઠાગારિક આસલ અને દેલ્હણે, ભાઈ વાલ્હેવીના કલ્યાણ માટે શ્રીચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ ભરાવી અને તેની શ્રીપરમાનંદસૂરિના શિષ્ય શ્રીવીર-પ્રભસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૪૬]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં પંચતીર્થીયુક્ત શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—.

सं० १३५५ वर्षे वैशाष सुदि १२ सोमे प्रा० साखा महं

चाचाभार्या राणिपुत्र महं मदन भा० सलखणदेवपुत्रसहितेन भगिनीसंबलश्रेयसे पंचतीर्थसंयुतं श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीभावदेवसूरिभिः ॥

—સં૦ ૧૩૫૫ના વૈશાખ સુદિ ૧૨ ને સોમવારે પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી સાખા, મહં૦ ચાચા, તે ચાચાની ભાર્યા રાણિ, તેના પુત્ર મહં૦ મદન, તેની ભાર્યા સલખણદે અને તેના પુત્ર સહિત બેન સંબલના કલ્યાણ માટે પંચતીર્થી-યુક્ત શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીભાવદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૪૭]

શ્રીનેમિનાથ મંદિરમાં શ્રીઆદિનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् १३५५ वर्षे चैत्र शुदि १५ श्रे० गलाभार्या सील्ह पुत्र० मेहा महबू केसा⋯णभार्या खेतश्री आदिनाथबिंबं कारापितं प्रतिष्ठितं सोमप्रभसूरिपट्टे श्रीवर्धमानसूरि....॥

—સં૦ ૧૩૫૫ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ શ્રેષ્ઠી ગલાની ભાર્યા સીલૂ, તેના પુત્ર મેહા, મહબૂ, જેસા........ની ભાર્યા ખેતશ્રીએ શ્રીઆદિનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીસોમપ્રભસૂરિના પટ્ટધર શ્રીવર્ધમાનસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૪૮]

सं० १३६६ । (જૂઓ પૃ૦ ૩૨, લે૦ નં૦ ૧૭)

[૪૯]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઆદિનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

सं० १३८२ वर्षे वैशाष सुदि ३ रवौ ऊ० श्रे०........ आसपालपुत्र आल्हण पु० थिरपाल पु० श्रे० नागडभार्या साजणिसुत खीमाकेन कर्माभा....श्रेयसे आदिनाथबिंबं कारितं ॥

—સં૦ ૧૩૮૨ ના વૈશાખ સુદિ ૩ ને રવિવારે ઉકેશજ્ઞાતીય શ્રેષ્ઠી આસપાલ, તેના પુત્ર આલ્હણ, તેના પુત્ર થિરપાલ, તેના પુત્ર શ્રેષ્ઠી નાગડ, તેની પત્ની સાજણિ, તેના પુત્ર ખીમાએ કર્માની ભાર્યાના કલ્યાણ માટે શ્રીઆદિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું.

[૫૦]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીઋષભદેવ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् १३८६ पौष वदि ५ बुधे प्राग्वाट ज्ञा० महं० लींबासुत भीमसीह –अभयसीहाभ्यां पितृमातृश्रेयसे श्रीयुगादि(*)-जिनबिंबं कारितं प्रतिष्ठितं रुद्रपल्लीयश्रीजिनभद्रसूरिभिः ॥

—સં૦ ૧૩૮૯ ના પોષ વદિ ૫ ને બુધવારે પોરવાડજ્ઞાતીય મહં૦ લીંબા, તેના પુત્ર ભીમસિંહ અને અભયસિંહે માતા, પિતાના કલ્યાણ માટે શ્રીઋષભદેવ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની રુદ્રપલ્લીયગચ્છના શ્રીજિનભદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૫૧]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીનેમિનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् १३८९ वर्षे जे(ज्ये)ष्ठ वदि ११ सोमदिने श्रीनेमिनाथचैत्ये सुसाध गुरु भ० वेदौ भार्या राजु श्रे० कर्मणभार्या नेजूः सुत डूडाः भार्या केल्हणदे हेसभमं(?)भवतः । प्राग्वाटज्ञातीय पोसीनावास्तव्यडूडाकेन मातृ-पिताश्रेयोर्थं श्रीनेमीश्वरबिंबं कारितं ॥

—સં૦ ૧૩૮૯ ના જેઠ વદિ ૧૧ ને સોમવારે શ્રીનેમિનાથના મંદિરમાં સુસાધુ ગુરુ ભ૦ વેદ, તેની ભાર્યા રાજુ; શ્રેષ્ઠી કર્મણ, તેની ભાર્યા નેજૂ, તેના પુત્ર ડૂડા, તેની ભાર્યા કેલ્હણદે ............પોરવાડજ્ઞાતીય પોસીનાના રહેવાસી ડૂડાએ માતા–પિતાના કલ્યાણ નિમિત્તે શ્રીનેમિનાથ ભ૦ ની મૂર્તિ ભરાવી.

[૫૨]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

सं० १३८९ वर्षे जे(ज्ये)ष्ठ वदि ११ सोमे श्रीप्राग्वाटज्ञातीयकर्मणभार्या धीरोसुत तेजा मातृपितृश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं कारितं श्रीसूरि(री)णामुपदेशेन । शुभं भवतु । रोहिडावास्तव्य ॥

—સં૦ ૧૩૮૯ ના જેઠ વદિ ૧૧ ને સોમવારે શ્રીપોરવાડજ્ઞાતીય રોહિડાના રહેવાસી કર્મણ, તેની ભાર્યા ધીરી, તેના પુત્ર તેજાએ માતા–પિતાના કલ્યાણ નિમિત્તે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ શ્રીસૂરિના ઉપદેશથી ભરાવ્યું.

[૫૩]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીશાંતિનાથ ભ૦ ની પ્રતિમા ઉપરનો લેખ—

सं० १३९१ वर्षे प्रा० श्रे० नागडभार्या साऊपुत्र माकन भीमासमुदायेन श्रीशांतिना(*)थबिंबं कारितं प्रतिष्ठितं बृहद्गच्छीय-श्रीविजयचंद्रसूरिपट्टे श्रीभावदेवसूरिभिः ॥

—સં૦ ૧૩૯૧ માં પોરવાડજ્ઞાતીય શ્રેષ્ઠી નાગડ, તેની ભાર્યા સાઊ, તેના પુત્રો માકન, ભીમા વગેરે સમુદાયે શ્રીશાંતિનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું અને તેની બૃહદ્ગચ્છીય શ્રીવિજયચંદ્રસૂરિના પટ્ટધર શ્રીભાવદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૫૪]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ ની મૂર્તિ ઉપરનો લેખ—

सं० १३९४ वर्षे वैशाष सुदि ७ सोमे व्य० चकमभार्या हांसलदेविसुत श्रे०सामतभा(*)र्या बाडू सुत आसाकेन पितामही-श्रि(श्रे)योर्थं श्रीपार्श्वनाथबिंबं कारी(रि)तं प्रतिष्ठितं श्रीरत्ना-करसूरिभिः ॥

—સં૦ ૧૩૯૪ ના વૈશાખ સુદિ ૭ ને સોમવારે વ્ય૦ ચકમ, તેની ભાર્યા હાંસલદેવી, તેના પુત્ર શ્રેષ્ઠી સામત, તેની ભાર્યા બાડૂ, તેના પુત્ર આસાએ પિતામહીના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦ નું બિંબ ભરાવ્યું, અને તેની શ્રીરત્નાકર-સૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૫૫]

સં૦ ૧૫૨૬ (જૂઓ પૃ૦ ૩૩, લે૦ નં૦ ૧૮)

[૫૬]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં મૂલનાયક શ્રીનેમિનાથ ભ૦ ની નીચેનો લેખ—

संवत् १६७५ वर्षे माघ शुद्धचतुर्थ्यां शनौ श्रीऊकेशज्ञातीय-वृद्धसज्जनीय सा वाच्छाकेन स्वश्रेयसे सफलीकृता द्विसहस्रसंख्यरूप्य-नाणकवित्तं श्रीनेमिनाथचैत्ये श्रीनेमिनाथबिंबं कारितं प्रतिष्ठितं च ..............वचनरचनारंजितसकलक्ष्मापालमंडलाखंडलपातिसाहि-श्रीअकब्बरप्रदत्तजगद्गुरुबिरुदधारकभट्टारकश्रीहीरविजयसूरीश्वरपट्ट-[पूर्वा]चलमार्त्तंडमंडलायमानभट्टारकश्रीविजयसेनसूरिशर्वरी[श]सार्व-भौमपट्टालंकारहारतिलकैःसौभाग्यभाग्यवैराग्यादिगुणगणरंजितपातिसा-जहांगीरप्रदत्तमहातपाबिरूदधारकभट्टारकश्रीविजयदेवसूरिभिः पंडित-श्रीकुशलसागरगणिप्रमुखपरिवारसमन्वितैः बुहरा राजपालो नमः सफला भवतीति शुभं ।

(ઉપરના લેખને કોઈએ ફેરવીને મૂક્યો છે તે લેખ—)

संवत् १६७५ वर्षे माघशुद्धचतुर्थ्यां शनौ सा० जणदासुत-वाछाभार्या रूपैया १०८५ देवका ।

—સં૦ ૧૬૭૫ના માહ સુદિ ૪ ને શનિવારે શ્રીઊકેશજ્ઞાતીય,વૃદ્ધસજ્જનીય શાખાના શ્રેષ્ઠી વચ્છાએ પોતાના કલ્યાણ માટે યાત્રા સફળ કરી, તેમાં રૂ. ૨૦૦૦) રૂપાનાણું

અરચીને શ્રીનેમિનાથ ચૈત્યમાં શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની, જેમના ઉપદેશથી રંજિત થયેલા એવા સમગ્ર રાજવીઓના સમૂહમાં ઇંદ્રસમા પાતશાહ અકબરે આપેલા 'જગદ્ગુરુ' બિરુદવાળા ભટ્ટારક શ્રીહીરવિજયસૂરિની પાટે જાણે પૂર્વ દિશારૂપ પર્વત ઉપર સૂર્યના પ્રભામંડલ સમાન દીપતા ભટ્ટારક શ્રીવિજયસેનસૂરિના શિષ્ય, ચંદ્રસમા અને પટ્ટાલંકારોની શ્રેણિમાં તિલક સમા છે, તેમજ જેમના સૌભાગ્યરૂપ ભાગ્ય અને વૈરાગ્ય ગુણોથી આનંદિત થયેલા એવા પાતશાહ જહાંગીરે આપેલા 'મહાતપા' બિરુદવાળા તેમજ પંડિત કુશલસાગર ગણિ વગેરે પરિવારથી અલંકૃત એવા ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી. વહોરા રાજપાલનો નમસ્કાર સફળ થાઓ.

આજ પથ્થરની ડાબી બાજુએ ખૂણામાં—

સં૦ ૧૬૭૫ના મહા સુદિ ૪ ને શનિવારે શા. જણુદાના પુત્ર વાછા, તેની પત્નીએ રૂા. ૧૦૮૫ દેવ નિમિત્તે આપ્યા.

[૫૭]

સં૦ ૧૬૭૫ (જૂઓ પૃ૦ ૩૩, લે૦ નં૦ ૧૯)

[૫૮]

સં૦ ૧૬૭૫ (જૂઓ પૃ૦ ૩૪, લે૦ ૨૦)

[૫૯]

શ્રીનેમિનાથ ભ૦ ના મંદિરમાં એક છૂટી ખંડિત (જૂની) મૂર્તિ ઉપરનો લેખ—

सं० १–०५ आसा(षा)ढ सुदि ९ गुरौ राजनुं..........
देविप्रतिमा कारापिता ॥

સં૦ ૧—૦૫ ના અષાઢ સુદિ ૯ ને ગુરુવારે........દેવીની પ્રતિમા ભરાવી.

[६०]

ॐ ॥ अत्रैव आरासनवास्तव्य श्रे० छाडा पु० श्रे० वीरदेव वीरजस बोडा तत्र आद्यभार्या पत्ती पु० आसचंद्रः भार्या रूपी सु० लिंबा द्वि० पु० सोमा(*)भार्या कपूरदेवि तृ० सु० मेलिग भा० हीरू सु० जयता चतुर्थसुता लषमिणि पंचमा पद्मीप्रमुखसमस्त-मातृवर्गस्य एकैकप्रतिमा(*)पुण्यनिर्माणविभागः तस्यैकस्य मध्यात् श्रे० जयसिंहेन प्रदत्तः॥

—અહીં આરાસનના રહેવાસી શ્રેષ્ઠી છાડા, તેના પુત્રો શ્રે૦ વીરદેવ, વીરજન, બોડા; તેમાં પ્રથમ પુત્ર (છાડા)ની પત્ની પત્તી, તેના પુત્ર આસચંદ્ર, તેની પત્ની રૂપી, તેના પુત્ર લિંબા; બીજા પુત્ર સોમા, તેની પત્ની કપૂરદેવી, ત્રીજા પુત્ર મેલિગ, તેની પત્ની હીરૂ, તેના પુત્ર જયતા, ચોથી પુત્રી લખમિણિ, પાંચમી પુત્રી પદ્મી વગેરે સમસ્ત માતૃ-વર્ગની એકેક પ્રતિમા, જે પુણ્ય નિર્માણનો એકેક ભાગ છે, તે ભાગમાંથી એક ભાગ શ્રેષ્ઠી જયસિંહે આપ્યો.

[६१]

શ્રીનેમિનાથ ભ૦ના મંદિરના બહારના ગોખલામાંનો લેખ—
(ગોખલામાં શ્રીમુનિસુવ્રતસ્વામીની મૂર્તિ છે.)

सिंघलद्वीपे श्रीसिंघलेश्वरसार्थपति जिनदास श्रीसुदर्शना राजा जितशत्रु अश्वप्रतिबोध श्रीमुनिसुव्रतस्वामी ॥

—(આ લેખમાં ‘અશ્વાવબોધતીર્થ’નાં પાત્રો વગેરેનાં નામો છે—) સિંહલદ્વીપ, શ્રીસિંઘલેશ્વર રાજા, સાર્થપતિ, શ્રીસુદર્શના, જિતશત્રુ રાજા, અશ્વને પ્રતિબોધ કરતા શ્રી-મુનિસુવ્રતસ્વામી (આવાં નામો ચિત્રમયશિલ્પ માટે ઉલ્લેખ્યાં નિર્દેશ હોય એમ લાગે છે) આ રીતે અહીં અશ્વાવબોધતીર્થા-વતાર રજૂ કર્યો છે.

[૬૨]

कल्याणत्रये (જૂઓ પૃ૦ ૨૧, લે૦ નં૦ ૨, સંવત્ વિનાનો લેખ.)

[૬૩]

पुरा नंदिग्रामे (જૂઓ પૃ૦ ૩૫, લે૦ નં૦ ૨૧ સંવત્ વિનાનો લેખ.)

## શ્રીમહાવીરસ્વામી ભ૦ ના મંદિરના લેખો

[१—६४]

सं० ११९८ (જૂઓ પૃ૦ ૪૩, લે૦ નં૦ ૧—૨૨)

[ २—६५ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક મૂર્તિ ઉપરનો ત્રુટક લેખ—

सं० ११९९................ ।

સં૦ ૧૧૧૯.......

[ ३—६६ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીઆદિનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ। संवत् ११४० वै० वदि ७ रवौ श्रीयुगादिदेवप्रतिमा सरणदेव पाहिनि सुत धांदा ठातिक जिंदकानुजेन सर्व्वदेवेन कर्म-जयार्थं कारिता ॥

—સં૦ ૧૧૪૦ના વૈશાખ વદિ ૭ ને રવિવારે શ્રેષ્ઠી સરણુદેવ, અને પાહિનીના પુત્રો ધાંદા, ઠાતિક, જિંદક, તેના ભાઈ સર્વદેવે કર્મોના જય માટે શ્રીયુગાદિદેવની પ્રતિમા ભરાવી.

[ ૪—૬૭ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક મૂર્તિ ઉપરનો લેખ—

संवत् ११४० चैत्र वदि रवौ सुश्रेष्ठिनेमि................ वेरेण्यपुत्रेण................॥

—સં૦ ૧૧૪૦ના ચૈત્ર વદિ....ને રવિવારે શ્રેષ્ઠી નેમિના....શ્રેષ્ઠ પુત્ર....

[ ૫—૬૮ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીસંભવનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ श्री। संवत् ११४२ प्रद्युम्न-सजनिसुतया वरणदेव-भार्यया जिंदुकभांडागारिकजनन्या पाहिणिश्राविकया शिवसुख-संभ[व]निमित्तं श्रीसंभवनाथप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૪૨માં શ્રે૦ પ્રદ્યુમ્ન અને સજનીની પુત્રી, જે વરણુદેવની પત્ની હતી અને જિંદુક ભાંડાગારિકની મા પાહિણી નામે શ્રાવિકા હતી, તેણે મોક્ષ સુખને માટે શ્રીસંભવનાથ ભ૦ની પ્રતિમા ભરાવી.

[ ૬–૬૯ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીઅભિનંદન જિનની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ श्री। संवत् ११४२ वरणदेव—पाहिणिसुतया पारु वना भार्यया जज्जदेवादिजनन्या जिनदेवीश्राविकया सकलत्रैलोक्याभिनंदन-श्रीमदभिनंदनजिनप्रतिमा मोक्षार्थं कारिता ॥

—સં૦ ૧૧૪૨માં વરણદેવ અને પાહિણિની પુત્રી પારુ, જે વના શ્રેષ્ઠીની પત્ની હતી અને જજ્જદેવની માતા જિનદેવી નામે શ્રાવિકા હતી, તેણે સમગ્ર ત્રણે લોકને આનંદ પમાડનારા શ્રીઅભિનંદનજિનની પ્રતિમા મોક્ષ માટે ભરાવી.

[ ૭–૭૦ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીસુપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ श्री। संवत् ११४२ जिंदक हा भा० राजिल द्वितीय-भार्यया रंभजनन्या जसवइश्राविकया धर्मार्थं श्रीसुपार्श्वजिनप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૪૨માં શ્રેષ્ઠી જિંદક, તેની પત્ની રાજિલ, અને બીજી પત્ની અને રંભની માતા જસવતી નામે શ્રાવિકાએ ધર્મનિમિત્તે શ્રીસુપાર્શ્વ જિનની પ્રતિમા ભરાવી.

[ ૮–૭૧ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् ११४२,

श्रीवच्छसू(सु)संपूर्णापुत्रो धनदेव-नानाकः ।

श्रेष्ठिजसवइगृहिणी श्रीवच्छसुतजु(युतः) सारनयवित्तः ॥१॥

श्रीमन्नेमिजिनेश्वररुचिरप्रतिमां च कारयामास ।

नैयनाब्धिरुद्रवर्षे फाल्गुनसुदि सप्तमी रविणा(?) ॥२॥

—સં૦ ૧૧૪૨ના ફાગણ સુદિ ૭ને રવિવારે શ્રેષ્ઠી શ્રીવચ્છ અને તેની પત્ની સંપૂર્ણાને ધનદેવ અને નાનક નામે પુત્રો હતા. તે શ્રેષ્ઠીની પત્ની જસવઈ નામે હતી. જેણે સારી નીતિથી ધનોપાર્જન કર્યું હતું તે શ્રેષ્ઠીએ પત્ની અને શ્રીવચ્છ નામના પુત્રની સાથે શ્રીનેમિજિનેશ્વરની સુંદર પ્રતિમા સં૦ ૧૧૪૨ના ફાગણ સુદિ ૭ને રવિવારે ભરાવી.

[ ૯–૭૨ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક પ્રતિમા ઉપરનો લેખ—

संवत् ११४४........अभिनन्दनदेवस्य........।

—સં૦ ૧૧૪૪માં....શ્રીઅભિનંદનદેવની....

[ ૧૦–૭૩ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક પ્રતિમા ઉપરનો લેખ—

ॐ । संवत् ११४५ ज्येष्ठ वदि ८ रवौ ।

—સં૦ ૧૧૪૫ના જેઠ વદિ ૮ને રવિવારે.

[ ૧૧–૭૪ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીઅનંતનાથ ભ૦ની ઉપરનો લેખ—

संवत् ११४५ श्रीचड्डावलीवास्तव्ययशःश्रेष्ठिनाजिणिपुत्र दुर्लभ-लक्ष्म्योः पुत्रवीरुकः यस्य दुलहीभार्या जयसिरि तदीयपुत्राः अनंतजिनप्रतिमा आरासनाकरसंघचैत्ये मुक्तये कारिता माघ वदि ६ बृहस्पतिदिने प्रतिष्ठिता ॥

—સં૦ ૧૧૪૫ના માહ વદિ ૬ ને ગુરુવારે ચડ્ડાવલીના રહેવાસી શ્રેષ્ઠી યશ, તેની પત્ની નાજિણિ, તેના પુત્ર દુર્લભ, તેની પત્ની લક્ષ્મી, તેના પુત્ર વીરુક, જેને દુલહી (?) જયસિરિ નામની પત્ની હતી, તેના પુત્રો.......એ શ્રીઅનંતનાથની પ્રતિમા આરાસનાકરના સંઘના ચૈત્યમાં મુક્તિને માટે ભરાવી.

[ ૧૨–૭૫ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાંની એક મૂર્તિ ઉપરનોલેખ—

संवत् ११४६,

आसीत् प्राग्वाटान्वयपूर्णाभार्या गुणशीलसंपूर्णा ।

तत्पुत्रो धनदेवस्तदीयभार्या यशोमतिस्तनयोः(यः) ॥

समभून्नहिवदेवीजनिसालिनपुत्र..................॥

—સં૦ ૧૧૪૬માં પોરવાડવંશમાં શીલગુણોથી પૂર્ણ એવી પૂર્ણા નામે સ્ત્રી હતી તેને ધનદેવ નામે પુત્ર હતો. તેને યશોમતિ નામે પુત્ર હતો. તેને નહિવદેવી નામે પત્નીથી સાલિન નામે પુત્ર થયો.........

[ ૧૩–૭૬ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં શ્રીકુંથુનાથ ભ૦ની પ્રતિમા ઉપરનો લેખ—

संवत् ११४७,

नड्डूलस्थानवास्तव्यो यशोनागमहत्तमः ।

जासडी(?) भार्यया युक्तो धर्क्कटवंसो(शो)द्भवश्च सः ॥१॥

तयोः सुतेन पुन्नेन पुण्यप्रेरितचेतसा ।

कारिता कुंथुनाथस्य प्रतिमा मोक्षकांक्षिणा ॥२॥

आरासनाकरस्थाने संघचैत्ये सुधीकृते ।

प्रतिष्ठिता वरा मूर्तिः मानतुंगैश्च सूरिभिः ॥३॥

मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૧૪૭માં નાડોલના રહેવાસી અને ધર્કર્ટ-વંશમાં થયેલા યશોનાગ નામે મહત્તમ હતા, તેને જાસડી નામે પત્ની હતી. તેના પુત્ર પુન્યે પુણ્યથી પ્રેરાયેલા ચિત્તથી મોક્ષની આકાંક્ષાથી શ્રીકુંથુનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તે આરાસનાકર સ્થાનમાં સંઘના ચૈત્યમાં બુદ્ધિશાળીઓ માટે શ્રીમાનતુંગસૂરિ પાસે એ સુંદર મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી.

[ ૧૪–૭૭ ]

શ્રીમહાવીરસ્વામી ભ૦ના મંદિરમાં એક મૂર્તિ ઉપરનો લેખ—

ॐ। संवत् ११४७,

हुडापद्रीयवास्तव्य रासि(आसी)त् श्रेष्ठिः(ष्ठी) जनार्चितः ।

प्राग्वाटवंशसद्भूतो थोल्लकाख्यो महाधरः ॥ १ ॥

तस्यासीत् गुण................।

तयोः प्रधानपुत्रेण योगदेवस(म)हात्मना ॥ २ ॥

भार्या शोभनसार्द्धेकं शां...............।

............. ...............सुलोचना ॥ ३ ॥

स चारासने प्रवरे वीरनाथस्य मंदिरे ।

स्वभुजार्जितद्रव्येण कारिता मुक्तये सदा ॥ ४ ॥

—સં૦ ૧૧૪૭માં હુડાપદ્રના રહેવાસી, મનુષ્યોથી પૂજાતા, પોરવાડ કુલમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠી થોલ્લક નામે મહાધર હતા. તેને ગુણશાલિની.......પત્ની હતી. તેનો મુખ્ય પુત્ર યોગદેવ શ્રામે મહાત્મા હતો, તેની ભાર્યા શોભનની સાથે આરાસનના વીરનાથના મંદિરમાં પોતાના હાથે ઉપાર્જન કરેલી લક્ષ્મીથી સદાકાળની મુક્તિ માટે એક શ્રી શાં.... ........ની મૂર્તિ ભરાવી.

[ ૧૫–૭૮ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક મૂર્તિ ઉપરનો ત્રુટક લેખ—

संवत् ११४८ प्राग्वाट...........।

—સં૦ ૧૧૪૮માં પોરવાડજ્ઞાતીય.......

[ ૧૬–૭૯ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં એક મૂર્તિ ઉપરનો ત્રુટક લેખ—

संवत् ११४८

—સં૦ ૧૧૪૮.......

[ ૧૭–૮૦ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરના મુખ્ય ગભારામાં જમણી બાજુના કાઉસગ્ગિયા ઉપરનો લેખ—

ॐ। संवत् ११७६ मार्गशीर्ष सुदि १० बृहस्पतिदिने राजलश्राविकया श्रीअजितनाथस्वामिप्रतिमा मुक्त्यर्थं कारिता श्रीपद्मदेवसूरिभिः प्रतिष्ठिता जासिगपुत्र नानुयपुत्र्याः साहाय्येन ॥

—સં૦ ૧૧૭૬ના માગશર સુદિ ૧૦ ને ગુરુવારના દિવસે રાજલ નામની શ્રાવિકાએ મુક્તિને માટે શ્રીઅજિત-નાથની પ્રતિમા શ્રેષ્ઠી જાસિગ પુત્ર અને નાનુય પુત્રીની સહાયથી ભરાવી અને તેની શ્રીપદ્મદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ १८–८१ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરના મુખ્ય ગભારામાં ડાબી બાજુના કાઉસગ્ગિયા ઉપરનો લેખ—

संवत् ११७६ मार्गशीर्ष शुदि १० बृहस्पतिदिने राजल-श्राविकया जासिगपुत्र नानुयपुत्रीसाहाय्येन श्रीशांतिनाथप्रतिमा कारिता श्रीपद्मदेवसूरिभिः प्रतिष्ठिता ॥

—સં૦ ૧૧૭૬ના માગશર સુદિ ૧૦ ને ગુરુવારે રાજલ શ્રાવિકાએ શ્રેષ્ઠી જાસિગ પુત્ર અને નાનુય પુત્રીની સહાયથી શ્રીશાંતિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીપદ્મદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ १९–८२ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં છૂટા પડેલા તોરણના સ્તંભ પરનો લેખ—

संवत् ११८१ कार्तिक सुदि १५ सु(शु)क्रदिने श्रीपारस्व-(र्श्व)नाथदेवस्य सांबा षेढा स्रा(श्रा)वकेन तोरणं कारापितं ॥

—સં૦ ૧૧૮૧ ના કાર્તિક સુદિ ૧૫ ને શુક્રવારે શ્રેષ્ઠી સાંબા અને પેઢા શ્રાવકે શ્રીપાર્શ્વનાથ ભ૦ની દેવકુલિકાનું તોરણ કરાવ્યું.

[ ૨૦–૮૩ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાં પહેલા થાંભલા પરનો લેખ—

ॐ। संवत् १२२३ माघ शुदि ११ गुरौ श्रेष्ठिनेमिभार्या मोहिनिसुतश्रीया वीरदेव श्रीयाभार्या पुंनदेवी सुतजसड्ड ॥ वीरदेव-भार्या धणदेवीसुत पासिलभार्या जासुसुत कुलिचंद्र ॥

[ ૨૧–૮૪ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરના બીજા થાંભલા પરનો લેખ—

इत्थं(ति) श्रीजसड्डभार्या पोइणिसुत छाहड सेहड द्वितीयभार्या सामणसुत सावदेव अभयकुमार सेहडभार्या सुषमतीसुत सिवदेव बहुदेव सलखणप्रभृतिश्रेयोर्थं ॥

—સં૦ ૧૨૨૩ના મહા સુદિ ૧૧ ને ગુરુવારે શ્રેષ્ઠી નેમિ, તેની ભાર્યા મોહિનિ, તેના પુત્ર શ્રીયા અને વીરદેવ, શ્રીયાની ભાર્યા પુંનદેવી, તેના પુત્ર જસડ્ડ અને વીરદેવની ભાર્યા ધણદેવી, તેના પુત્ર કુલચંદ્ર; એ રીતે જસડ્ડની ભાર્યા પોઈણિ, તેના પુત્રો છાહડ અને સેહડ; જસડ્ડની બીજી ભાર્યા સામણ, તેના પુત્રો સાવદેવ અને અભય-કુમાર; સેહડની ભાર્યા સુખમતી, તેના પુત્રો સિવદેવ, બહુદેવ અને સલખણ વગેરેના કલ્યાણ માટે આ સ્તંભ કરાવ્યો.

[ ૨૨–૮૫ ]

સં૦ ૧૬૭૫। (જૂઓ પૃ૦ ૪૩, લે૦ નં૦ ૨–૨૩)

[ ૨૩–૮૬ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરમાંની એક મૂર્તિ ઉપરનો લેખ—

सं० धर्कटान्वयसंभूतश्रेष्ठि...........।

[ ૨૪–૮૭ ]

શ્રીમહાવીરસ્વામીના મંદિરના ગભારાના એક ગોખલામાંનો લેખ—

संवत्...........कार्तिक वदि.......भौमे आरासणाकरे महाराजाधिराजश्रीकुमारपालदेवाज्ञया महं० श्रीसंघादेशेन श्रीककुदाचार्यैः श्रीमहावीरप्रतिमा प्रतिष्ठिता ॥

—સં०.......કાર્તિક વદિ....મંગળવારે આરાસણમાં મહારાજાધિરાજ શ્રીકુમારપાલદેવની આજ્ઞાથી મહં० શ્રીસંઘના આદેશથી શ્રીકકુદાચાર્યે શ્રીમહાવીર ભ०ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

## શ્રીપાર્શ્વનાથ ભ०ના મંદિરના લેખો

[ ૧–૮૮ ]

શ્રીપાર્શ્વનાથ ભ० ના મંદિરની પહેલી દેરીમાંનો લેખ—

संवत् ११६१ जाथा देसीय(?) थारापद्रीयगच्छे आरासनाकरीयश्रीपार्श्वनाथचैत्ये केशववोसरि श्रीकवा तथा श्रीवच्छदुद्रकैरेभिर्मिलित्वा एकैक........श्रीसमूह........कैकरूपकार्द्धं मीलयित्वा आत्मश्रेयोर्थं श्रीऋषभनाथप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૬૧ના જાથાદેશીય થારાપદ્રગચ્છમાં આરાસનાકરના શ્રીપાર્શ્વનાથ ચૈત્યમાં કેશવ, વોસરિ, શ્રીકવા, તથા શ્રીવચ્છ, દુદ્ધક વગેરેએ મળીને........એક અર્ધો રૂપિયો મેળવીને આત્મકલ્યાણ માટે શ્રીઋષભદેવની પ્રતિમા ભરાવી.

[ ૨–૮૯ ]

સં૦ ૧૧૬૧। (જૂઓ પૃ૦ ૪૭, લે૦ નં૦ ૧–૨૪)

[ ૩–૯૦ ]

સં૦ ૧૨૧૪। (જૂઓ પૃ૦ ૪૭, લે૦ નં૦ ૨–૨૫)

[ ૪–૯૧ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરના ગોખલામાં ડાબી બાજુનો લેખ—

संवत् १२१६ वैशाख शुदि २ श्रे० पासदेवपुत्र वीरापुनाभ्यां भ्रातृजेहडश्रेयोर्थं श्रीपार्श्वनाथप्रतिमेयं कारिता श्रीनेमिचन्द्राचार्यशिष्यैः श्रीदेवाचार्यैः प्रतिष्ठिता ॥

—સં૦ ૧૨૧૬ના વૈશાખ સુદિ ૨ ના રોજ શ્રેષ્ઠી પાસદેવ અને તેના પુત્ર વીરા અને પુનાએ ભાઈ જેહડના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીનેમિચંદ્રાચાર્યના શિષ્ય શ્રીદેવાચાર્યે પ્રતિષ્ઠા કરી.

[ ૫–૯૨ ]

સં૦ ૧૨૧૬। (જૂઓ પૃ૦ ૪૮, લે૦ નં૦ ૩–૨૬)

[ ૬–૯૩ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ ના મંદિરમાં ચૌદમી દેરીમાંનો લેખ—

ॐ स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ सुदि २ शनौ बहुदेवपुत्र्या श्रे० माणिहइ-सलखणायां स्वश्रेयसे श्रीवासुपूज्यदेवबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી બહુદેવની પુત્રીએ શ્રે૦ માણિહઈ, સલખણા અને પોતાના કલ્યાણ માટે શ્રીવાસુપૂજ્યદેવની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૭–૬૪ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં પંદરમી દેરીમાંનો લેખ—

ॐ स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ सुदि २ शनौ अद्येह आरासणमांडलिकसुरशंभुः श्रीधारावर्षदेवविजयराज्ये कायस्थ-कुलप्रदीप ठक्कु० आसूसुत ठक्कु० श्रीलक्ष्मीधरेण परत्रोपार्जन-मोक्षार्थं श्रीश्रेयांसनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે વર્તમાનકાલીન આરાસણના માંડલિક સુરશંભુ, જે શ્રીધારા-વર્ષદેવના વિજયી રાજ્યમાં હતા ત્યારે કાયસ્થકુલમાં પ્રદીપ સમા ઠક્કુર આસૂ, તેના પુત્ર ઠક્કુર લક્ષ્મીધરે પારલૌકિક મોક્ષસુખ મેળવવા માટે શ્રીશ્રેયાંસનાથની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૮–૬૫ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં સોળમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ सुदि २ शनौ

श्रे० कुमारसुत सांतणागेन श्रेयसे श्रीशीतलनाथबिंबं कारापितं श्रीप्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः । मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી કુમારના પુત્ર સાંતણાગે કલ્યાણ માટે શ્રીશીતલનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ ૯–૯૬ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં સત્તરમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ सुदि २ शनौ आसदेवसुतपूनाकेन आत्मश्रेयोर्थं श्रीसुविधिनाथबिंबं कारापितं सूरिभिश्च प्रतिष्ठितं। मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી આસદેવના પુત્ર પૂનાએ પોતાના કલ્યાણ માટે શ્રીસુવિધિ-નાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ १०–९७ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં અઢારમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ शुदि २ शनौ श्रे० सावडसुत महं० बहडाकेन स्वश्रेयसे श्रीचंद्रप्रभजिनबिंबं कारा-पितं सूरिभिश्च प्रतिष्ठितं । मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી સાવડ, તેના પુત્ર મહં૦ બહડાએ પોતાના કલ્યાણ માટે શ્રીચંદ્રપ્રભસ્વામીનું બિંબ ભરાવ્યું અને તેની શ્રીસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૧૧-૯૮]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં ઓગણીશમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ आषाढ़ शुदि २ शनौ श्रे० सावडसुतसलषणश्रेयोर्थं सुतव्यव० आसाधरेण श्रीसुपार्श्वनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી સાવડના પુત્ર સલખણના કલ્યાણ માટે, તેના પુત્ર વ્યવહારી આસધરે શ્રીસુપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૧૨-૯૯]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં વીશમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ आषाढ शुदि २ शनौ श्रे० सज्जनेन स्वभार्या वणि जसवीरसुता श्रे० सुहवाश्रेयोर्थं श्रीपद्मप्रभस्वामिबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી સજ્જને, પોતાની પત્ની વણિ અને જસવીરની પુત્રી શ્રે૦ સુહવાના કલ્યાણ માટે શ્રીપદ્મપ્રભસ્વામીનું બિંબ ભરાવ્યું અને તેનો શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૧૩-૧૦૦]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં એકવીશમી (તોરણ સહિત) દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ आषाढ शुदि २ शनौ आरासण-मांडलिकसुरशंभुः श्रीधारावर्षविजयराजा महं बहडाप्रतिपत्तौ श्रे० कुमारसुन श्रे० सज्जनेन स्वश्रेयसे श्रीमत्सुमतिनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः । मंगलं महाश्रीः ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે આરાસણના માંડલિક સુરશંભુ અને શ્રીધારાવર્ષના વિજયી રાજ્યમાં મહં૦ બહડાની સેવામાં રહેલા શ્રે૦ કુમારના પુત્ર સજ્જને પોતાના કલ્યાણ માટે શ્રીસુમતિનાથ ભ૦નું બિંબ ભરાવ્યું અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૧૪–૧૦૧]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં બાવીશમી (તોરણ સહિત) દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ शुदि २ शनौ श्रे० गोहडसुत श्रे० श्रीकुमारभार्यालक्ष्मीश्रेयोनिमित्तं तत्पुत्रेण राहुडेन अभिनन्दनबिंबं कारापितं सूरिभिश्च प्रतिष्ठितं ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રે૦ ગોહડના પુત્ર શ્રે૦ શ્રીકુમાર, તેની પત્ની લક્ષ્મીના કલ્યાણ માટે, તેના પુત્ર રાહુડે શ્રીઅભિનંદનજિનની પ્રતિમા ભરાવી અને તેની શ્રીસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૧૫–૧૦૨]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં ત્રેવીશમી દેરીમાંનો લેખ—

स्वस्ति श्रीविक्रमसंवत् १२५९ वर्षे आषाढ शुदि २ शनौ श्रे०

गोहडसुत श्रे० श्रीकुमारस्य श्रेयसे तत्पुत्र श्रे० सज्जनेन श्रीसंभवनाथबिंबं कारापितं सूरिभिश्च प्रतिष्ठितं ॥

—સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રેષ્ઠી ગોહડના પુત્ર શ્રે૦ શ્રીકુમારના કલ્યાણ માટે, તેના પુત્ર શ્રેષ્ઠી સજ્જને શ્રીસંભવનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[ १६–१०३ ]

सं० १२५९। (જૂઓ પૃ૦ ૪૮, લે૦ નં૦ ૪–૨૭)

[ १७–१०४ ]

सं० १२५९। (જૂઓ પૃ૦ ૪૮, લે૦ નં૦ ૫–૨૮)

[ १८–१०५ ]

सं० १२५९। (જૂઓ પૃ૦ ૪૯, લે૦ નં૦ ૬–૨૯)

[ १९–१०६ ]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં એકવીશમી દેરીમાં તોરણની ડાબી બાજુનો લેખ—

सं० १२६५ वर्षे वैशाख शुदि ७ सोमे श्रीसुमतिनाथस्य [प्रतिमा] साजणेन कारिता ॥

—સં૦ ૧૨૬૫ના વૈશાખ સુદિ ૭ ને સોમવારે શ્રેષ્ઠી સાજને શ્રીસુમતિનાથની પ્રતિમા ભરાવી.

[२०–१०७]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની બીજી દેરીનો લેખ—

सं० १२७६ माघ सुदि १३ रवौ श्रे० आसधरेण पुत्र-सिवदेव तत्पुत्र सोमदेवपुण्याय श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ના મહા સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી આસધરે, પુત્ર સિવદેવ અને તેના પુત્ર સોમદેવના પુણ્ય માટે શ્રીમહાવીર ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૨૧-૧૦૮]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની ત્રીજી દેરીમાંનો લેખ—

सं० १२७६ माघ सुदि १३ रवौ आसधरेण पुत्रमहीधरधांधल-पुण्याय श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ ના માહ સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી આસધરે, પુત્રો મહીધર અને ધાંધલના પુણ્ય માટે શ્રીપાર્શ્વ-નાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૨૨-૧૦૯]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની ચોથી દેરીમાંનો લેખ—

सं० १२७६ माघ शुदि १३ रवौ श्रे०·······श्रीनेमिनाथ-बिंबं कारितं प्रतिष्ठितं ॥

—સં૦ ૧૨૭૬ ના માહ સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી.......એ શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ભરાવીને તેની પ્રતિષ્ઠા કરાવી.

[२३-११०]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની પાંચમી દેરીમાંનો લેખ—

सं० १२७६ माघ शुदि १३ रवौ श्रे० आसधरेण भार्या मांकुश्रेयसे श्रीनमिबिंबं कारितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ના મહા સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી આસધરે, તેની પત્ની માંકુના કલ્યાણ નિમિત્તે શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[२४-१११]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની છઠ્ઠી દેરીમાંનો લેખ—

सं० १२७६ माघ शुदि १३ रवौ श्रे० सलषणसुत श्रे० आसधरेण आत्मश्रेयसे श्रीमुनिसुव्रतस्वामिबिंबं कारापितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ના માહ સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી સલખણના પુત્ર શ્રે૦ આસધરે પોતાના કલ્યાણ માટે શ્રીમુનિસુવ્રતજિનની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[२५-११२]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરની દેરીમાંનો લેખ—(આમાં જમણી બાજુએ શેઠ અને ડાબી બાજુએ શેઠાણીની મૂર્તિ છે)

सं० १२७६ माघ शुदि १३ रवौ श्रे० सलषणपुत्र श्रे०

आसधरेण मातृरत्नीश्रेयसे श्रीमल्लीबिंबं कारितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૭૬ ના મહા સુદિ ૧૩ ને રવિવારે શ્રેષ્ઠી સલખણના પુત્ર શ્રે૦ આસધરે, માતા રત્નીના કલ્યાણ માટે શ્રીમલ્લિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[२६–११३]

सं० १२७६ । (જૂઓ પૃ૦ ૪૯, લે૦ નં૦ ૭–૩૦)

[२७–११४]

सं० १२७६ । (જૂઓ પૃ૦ ૫૦, લે૦ નં૦ ૮-૩૧)

[२८–११५]

सं० १२७६ । (જૂઓ પૃ૦ ૫૦, લે૦ નં૦ ૯–૩૨)

[२९–११६]

सं० १२७६ । (જૂઓ પૃ૦ ૫૧, લે૦ નં૦ ૧૦–૩૩)

[३०–११७]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં બાવીશમી દેરીમાં તોરણની ડાબી બાજુનો લેખ—

सं० १२८७ वर्षे माघ शुदि १० बुधे श्रीनाभिनन्दनदेवस्य मातालक्ष्मीश्रेयोर्थं श्रे० सज्जनेन तोरणं कारितं ॥

—સં૦ ૧૨૮૭ ના માહ સુદિ ૧૦ ને બુધવારે શ્રેષ્ઠી

સજ્જને માતા લક્ષ્મીના કલ્યાણ માટે ઋષભદેવની દેવકુલિકાનું તોરણ બનાવ્યું.

[૩૧-૧૧૮]

શ્રીપાર્શ્વનાથ ભ૦ ના મંદિરમાં તોરણવાળા દ્વાર પરનો લેખ—

सं० १३१५ ज्येष्ठ वदि ११ रवौ·······देवकुलिका कारिता ॥

—સં૦ ૧૩૧૫ ના જેઠ વદિ ૧૧ ને રવિવારે.... દેવકુલિકા કરાવી.

[૩૨-૧૧૯]

सं० १६७५। (જૂઓ પૃ૦ ૫૧, લે૦ નં ૧૧-૩૪)

[૩૩-૧૨૦]

શ્રીપાર્શ્વનાથ ભ૦ના મંદિરમાં દશમી દેરીમાંનો લેખ—

सं०....वैशाख सुदि १३ शुक्रे श्रे० देवचंद्रभार्या माल्हीपुत्र जयताक....श्रीधर्मनाथबिंबं आत्मश्रेयसे कारितं देवकुलिकासहितं ॥

—સં૦......વૈશાખ સુદિ ૧૩ ને શુક્રવારે શ્રેષ્ઠી દેવચંદ્ર, તેની ભાર્યા માલ્હી, તેના પુત્ર જયતાકે........ દેવકુલિકા સાથે શ્રીધર્મનાથ ભ૦ની પ્રતિમા પોતાના કલ્યાણ નિમિત્તે ભરાવી.

## શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરના લેખો

[૧-૧૨૧]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરમાં પહેલી દેરીની પ્રતિમા ઉપરનો લેખ—

ॐ श्रीमद्विक्रमभूभृतः स्वैरर्वसुर्व्योमेंदुसंख्याख्यया
ख्यातेऽब्दे प्रवरे सुसौख्यमवति श्रीभीमभूपैर्भुवं ।

नन्नाचार्यगणस्य भूषणकरे स्वारासणस्थानके
बिंबं पूज्यमकारि सूरिभिरिदं श्रीसर्वदेवाभिधैः ॥ १ ॥
अंकतः १०८७ आषाढ सुदि २ ॥

—સં૦ ૧૦૮૭ના અષાઢ સુદિ ૨ના રોજ પૃથ્વીનું સુખરૂપે પાલન કરતા શ્રીભીમદેવ રાજાના રાજકાળમાં શ્રીનન્નાચાર્યગચ્છના શ્રીસર્વદેવસૂરિએ અલંકારસમા આરાસણ-નગરના સ્થાનમાં તીર્થંકરદેવનું બિંબ ભરાવ્યું.

[ २–१२२ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરની ત્રીજી દેવકુલિકામાંનો લેખ—

संवत् १११० वैशाष........

....तयसंख्ये श्रीविक्रमाद् वत्सरे याते ।
श्रीनन्नाचार्यसद्गच्छे आरासनजिनगृहे ॥ १ ॥
अत्यंतोदारदानादिधर्मार्जनहेतुना ।
सकलार्थ...............सोहिजोत्तमः ॥ २ ॥
यथार्था पुण्यतः प्राप्य नायकाख्यां च सोऽकरोत् ।
अभिनन्दनजिनं लोक...............नभिनंदकं ॥ ३ ॥

—સં૦ ૧૧૧૦ના વૈશાખ માસમાં શ્રીનન્નાચાર્યના શુભ ગચ્છમાં આરાસનના મંદિરમાં અત્યંત ઉદાર એવો દાનધર્મ પ્રાપ્ત કરવા નિમિત્તે.......સોહિજ શ્રેષ્ઠીએ યથાર્થ નામવાળી નાયકા પત્નીને પ્રાપ્ત કરીને તેણે લોકને અભિ-નંદન દેનારી એવી જિનની પ્રતિમા ભરાવી.

[ ३–१२३ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરની એક દેરીમાંનો લેખ--

ॐ संवत् १११० वैशाष सु० ५ आरासनस्थाने श्रीनन्नाचार्य-गच्छे सहदेवसुतेन शलभ(?)श्रावकेन संभवप्रतिमा मोक्षार्थं कारिता ॥

—સં૦ ૧૧૧૦ના વૈશાખ સુદિ ૫ના રોજ આરાસનના સ્થળમાં શ્રીનન્નાચાર્યના ગચ્છના શ્રેષ્ઠી સહદેવના પુત્રશલભ શ્રાવકે શ્રીસંભવનાથની પ્રતિમા મોક્ષ માટે ભરાવી.

[ ४–१२४ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરમાં ત્રીજી દેરીમાંનો લેખ—

संवत् ११३८ माघ सुदि १३,
जनन्योर्मुक्तये भक्तया श्रीसुवर्ण........ ॥

—સં૦ ૧૧૩૮ના માહ સુદિ ૧૩ના રોજ માતા-પિતાની મુક્તિને માટે ભક્તિપૂર્વક શ્રીસુવર્ણ....

[ ५–१२५ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરમાં ચોથી દેરીમાંનો લેખ—

संवत् ११३८,
वीरको वीरनाथस्य प्रतिमामतिसुंदरां ।
........................वनदेवा-णांगजः ॥

—સં૦ ૧૧૩૮માં શ્રેષ્ઠી વીરકે શ્રીવીરનાથની અતિ-સુંદર પ્રતિમા ભરાવી....

[ ६–१२६ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરમાં પાંચમી દેરીમાંનો લેખ—

संवत् ११३८,

निःश्रेयसाय जनकस्य जिंद(?)कस्य महत्तमः।

सांतिः कारयामास शांतिनाथस्य प्रति[मा]कृतिं ॥ १ ॥

—સં૦ ૧૧૩૮ના શ્રેષ્ઠી જિંદકના પુત્ર મહત્તમ શ્રીશાંતિએ મોક્ષ માટે શ્રીશાંતિનાથની મૂર્તિ ભરાવી.

[ ७–१२७ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરની એક દેરીમાંનો લેખ—

सं० ११३८,

सहदेवसुतो धीमान् नंदिस्थो मुक्तये जिनं।

चंद्रप्रभमचीरकरत् मातृ-पत्नी-सुतैर्युतः ॥ १ ॥

—સં૦ ૧૧૩૮માં શ્રેષ્ઠી સહદેવના બુદ્ધિમાન પુત્ર શ્રેષ્ઠી નંદિસ્થે મુક્તિને માટે માતા, પત્ની તેમજ પુત્રોની સાથે શ્રીચંદ્રપ્રભદેવની પ્રતિમા ભરાવી.

[ ८–१२८ ]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરની એક દેરીમાંનો લેખ—

ॐ संवत् ११३८ माघ सुदि १३,

वर्द्धमानस्य मोक्षार्थं धनदेवेन कारिता।

प्रतिमा नेमिनाथस्य त्रिदसे(शे)श्वरपूजिता ॥ १ ॥

—સં૦ ૧૧૩૮ ના મહા સુદિ ૧૩ ના રાજ શ્રેષ્ઠી ધનદેવે વર્ધમાનના મોક્ષ માટે ઇંદ્રોથી પૂજાયેલી શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા ભરાવી

[ ९–१२९ ]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના ત્રીજા ગોખલાની છાજલી પરનો લેખ—

ॐ संवत् ११३८········श्रीपार्श्वनाथप्रतिमा कारिता।

—સં૦ ૧૧૩૮ માં........શ્રીપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ભરાવી.

[ १०–१३० ]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના પહેલા ગોખલાની છાજલી પરનો લેખ—

ॐ संवत् ११३८ ब्रह्मजसना सुतेन आम्रदेवेन मुक्त्य........॥

—સં૦ ૧૧૩૮ માં બ્રહ્મયશના પુત્ર આમ્રદેવ શ્રેષ્ઠીએ મુક્તિ માટે પ્રતિમા ભરાવી.

[ ११–१३१ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરના બીજા ગોખલાની છાજલી પરનો લેખ—

ॐ संवत् ११३८ पूहदेव-मद्दिकासुतेन सहदेव-श्रावकेन सुविधिजिनप्रतिकृतिः कारिता ॥

—સં૦ ૧૧૩૮ માં પૂહદેવ અને મદ્દિકાના પુત્ર સહદેવ શ્રાવકે શ્રીસુવિધિજિનની મૂર્તિ ભરાવી.

[ १२–१३२ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરના પાંચમા ગોખલાની છાજલી પરનો લેખ—

ॐ संवत् ११३८ देदक-धाइणिसुतेन सोमदेवसहोदरयुतेन सहरीकेन (?) श्री.... ॥

—સં૦ ૧૧૩૮ માં શ્રેષ્ઠી દેદક અને ધાઈણિના પુત્ર સહરીકે સોમદેવ નામના ભાઈની સાથે...........

[ १३–१३३ ]

શ્રીશાંતિનાથ ભ૦ના મંદિરના છઠ્ઠા ગોખલાની છાજલી પરનો લેખ—

श्री ॐ संवत् ११३८ वीरक-सलहिकासुतेन देवांगसहोदरयुतेन जासकश्रावकेन विमलजिनप्रतिमा मुक्त्यर्थं कारिता ॥ श्रीः ॥

—સં૦ ૧૧૩૮ માં શ્રેષ્ઠી વીરક અને સલહિકાના પુત્ર જાસક શ્રાવકે, દેવાંગ નામના પોતાના ભાઈ સાથે શ્રીવિમલજિનની પ્રતિમા મુક્તિ માટે ભરાવી.

[ १४–१३४ ]

સં૦ ११३८। (જૂઓ પૃ૦ ૫૬, લે૦ નં૦ ૧–૩૫)

[ १५–१३५ ]

સં૦ ११३८। (જૂઓ પૃ૦ ૫૬, લે૦ નં૦ ૨–૩૬)

[ १६–१३६ ]

સં૦ ११३८। (જૂઓ પૃ૦ ૫૬, લે૦ નં૦ ૩–૩૭)

[ १७–१३७ ]

સં० ११३८। (જૂઓ પૃ० ૫૬, લે० નં० ४–३८)

[ १८–१३८ ]

શ્રીશાંતિનાથ ભ० ના મંદિરની એક પ્રતિમા ઉપરનો લેખ—

प्राग्वाटवंशसद्भूत[ : ] श्रावको नाम पाहडः।

भार्या वसुवती तस्य सा गता च सुरालयं ॥ १ ॥

मुनिसुव्रतदेवस्य पाहडेन सु( शु )भालयं।

तद्धिते कारितं बिंबं संधीरणस्य सुतस्य च ॥ २ ॥

संवत् ११४५ वैशाख वदि १ स( श )नौ ॥

—શ્રેષ્ઠી પાહડ નામે શ્રાવક પોરવાડવંશમાં ઉત્પન્ન થયો. તેને વસુમતી નામે પત્ની હતી, તે સ્વર્ગવાસ પામી. તે પાહડે મંદિરના સુંદર ગોખલામાં શ્રીમુનિસુવ્રતસ્વામીની પ્રતિમા વસુમતી અને પુત્ર સંધીરણના કલ્યાણ માટે સં० ૧૧૪૫ ના વૈશાખ સુદિ ૧ ને શનિવારે ભરાવી.

[१९–१३९]

શ્રીશાંતિનાથ ભ० ના મંદિરમાં ડાબી બાજુની પહેલી દેવકુલિકામાંનો લેખ—

संवत् ११४५ वैशाख वदि १ स(श)नौ,

प्राग्वाटान्वयसंजातः सांतिनाम महत्तमः।

भार्याद्वयमभूत् तस्य दुर्लभदेवी बाहिणिः ॥ १ ॥

सुता च देहरी तस्य साथी सीलमतिस्तथा।

प्रतिमां कारयामास धनदेव्या च संयुतः ॥ २ ॥

—સં૦ ૧૧૪૫ ના વૈશાખ વદિ ૧ ને શનિવારે પોરવાડવંશમાં થયેલા સાંતિ નામક મહત્તમને દુર્લભદેવી અને પાહિણિ નામે બે પત્નીઓ હતી. તેમને દેહરી, સાથી અને શીલમતિ નામે પુત્રીઓ હતી, તેમણે ધનદેવીની સાથે તીર્થંકરની પ્રતિમા ભરાવી.

[२०—१४०]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરમાં બીજી દેવકુલિકામાંનો લેખ—

संवत् ११४५ वैशाष वदि १ स(श)नौ,

[?आसीत्] प्राग्वाटसद्वंशे आहमौ(?) नाम नैगजः ।

सां(शां)तकरोस्य संजातो भक्तः सर्वज्ञसा(शा)सने ॥१॥

पुन्या(पुण्या)र्थं पितुस्तेन शांतकेन महात्मना ।

अजितनाथदेवस्य प्रतिमेयं प्रकारिता ॥२॥

—સં૦ ૧૧૪૫ના વૈશાખ વદિ ૧ ને શનિવારે પોરવાડ વંશમાં થયેલા આહમૌ (?) નૈગજ નામના શ્રેષ્ઠીને શાંતિકર નામે પુત્ર સર્વજ્ઞશાસનનો ભક્ત હતો, તે શાંતિ મહાત્માએ પિતાના પુણ્ય માટે શ્રીઅજિતનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી.

[२१—१४१]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરની ચોથી દેવકુલિકા, જે તોરણવાળી છે, તેમાં પબાસન પરનો લેખ—

संवत् ११४५ वैशाष वदि १ स(श)नौ,

आसीत् प्राग्वाटसद्वंसे(शे) श्रावको नाम सिंटकः ।

पोनकस्तस्य संजातो विख्यातो धरणीतले ॥ १ ॥

ऋषभनाथदेवस्य प्रतिमेयं मनौ.......... ।

...........पितुः तत्पुण्यहेतवे ॥ २ ॥

(વચ્ચેની લીટી કોતરવી રહી ગઈ લાગે છે કેમકે પથ્થર લખાણ બરાબરનો છે.)

—સં૦ ૧૧૪૫ના વૈશાખ વદિ ૧ ને શનિવારે પોરવાડવંશમાં સિંટક નામે શ્રાવક થયો. તેનો પોનક નામે પુત્ર જગતમાં વિખ્યાત થયો, તેણે શ્રીઋષભદેવની પ્રતિમા પિતાના અને તેના પુણ્ય માટે ભરાવી.

(એ જ દેવકુલિકાના તોરણના કાઉસગ્ગિયા પર)—

लाच्छिश्राविकया कारितः ॥

—લાછી શ્રાવિકાએ કાઉસગ્ગિયા મૂર્તિ ભરાવી.

[૨૨—૧૪૨]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરમાંની એક દેરીમાંનો લેખ—

संवत् ११४५ वैशाष वद् १ स(श)नौ
धनदेवस्य सत्पत्नी जासिका मुक्तिमिच्छति ।
कारयामास सद्बिंबं आदिदेवस्य धीमती ॥ १ ॥

—સં૦ ૧૧૪૫ ના વૈશાખ વદિ ૧ ને શનિવારે શ્રેષ્ઠી ધનદેવની પત્ની જાસિકા, જે મુક્તિને ઇચ્છે છે તે બુદ્ધિશાલિનીએ શ્રીઆદિદેવની મૂર્તિ ભરાવી.

[૨૩–૧૪૩]

શ્રી શાંતિનાથ ભ૦ ના મંદિરમાં સાતમી તોરણવાળી દેવ-કુલિકામાં પદ્માસન પરનો લેખ—

संवत् ११४६ माघ सुदि ६ सज्जनपरमश्रावकेन मुक्त्यर्थं पद्मप्रभजिनप्रतिमा कारिता।

—સં૦ ૧૧૪૬ ના માહ સુદિ ૬ ના રોજ સજ્જન નામના પરમશ્રાવકે મુક્તિને માટે શ્રીપદ્મપ્રભજિનની પ્રતિમા ભરાવી.

[૨૪–૧૪૪]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના આઠમા ગોખલાની છાજલી પરનો લેખ—

ॐ ॥ संवत् ११४६ ज्येष्ठ सुदि ९ शुक्रे पूरणदेवभोलिका-सुनेन पोहडिश्रावकेन भ्रातृवीरकसंयुतेन श्रीवीरजिनप्रतिमा कारिता ॥

—સં૦ ૧૧૪૬ ના જેઠ સુદિ ૯ ને શુક્રવારે શ્રેષ્ઠી પૂરણદેવ અને ભોલિકાના પુત્ર પોહડિ શ્રાવકે ભાઈ વીરકની સાથે શ્રીવીર જિનેશ્વરની પ્રતિમા ભરાવી.

[૨૫–૧૪૫]

सं० ११४६। (જૂઓ પૃ૦ ૫૭, લે૦ નં૦ ૫–૩૯)

[૨૬–૧૪૬]

શ્રી શાંતિનાથ ભ૦ ના મંદિરની પાંચમી દેવકુલિકામાંનો લેખ—

संवत् ११४८ आषाढ सुदि ७ बुधे,
श्रीपार्श्वनाथदेवस्य पाहाडेन सुधी[? म]ना(ता)।
संतुकसुतसुज्जेन प्रतिमेयं कारिता सु(शु)भा ॥ १ ॥
श्रीबटपालसद्गच्छे श्रीसर्व्वदेवसूरिभिः।
विहितो वासनिक्षेपः श्रीमदादिजिनालये ॥ २ ॥

—સં૦ ૧૧૪૮ ના અષાઢ સુદિ ૭ ને બુધવારે બુદ્ધિશાળી પાહાડ નામના શ્રાવકે અને સંતુકના પુત્ર સુજ્જે શ્રીપાર્શ્વનાથ ભ૦ ની સુંદર પ્રતિમા ભરાવી અને તેના ઉપર શ્રી વટપાલ નામના શુભ ગચ્છમાં થયેલા શ્રીસર્વદેવસૂરિએ શ્રી આદિનાથના જિનાલયમાં વાસક્ષેપ નાખ્યો.

[२७–१४७]

શ્રી શાંતિનાથ ભ૦ ના મંદિરમાં છઠ્ઠી દેવકુલિકામાંનો લેખ—

संवत् ११४८ आषाढ सु० ७ बुधे,
श्रीचड्डावल्ल्या बृहत्चैत्ये आसीद् जासडगोष्ठिकः।
पुत्रद्वयमभूत् तस्य अजितो(तः) पोचिरथस्तथा ॥ १ ॥
तद्वंस्ये(श्ये) समुत्पन्नैः सज्जन-नेमिकुमार-सर्व्वदेव-
जासक-दुर्लभैः प्रतिमा २ जिनं ॥

—સં૦ ૧૧૪૮ ના અષાઢ સુદિ ૭ ને બુધવારે ચડ્ડાવલી (ચંદ્રાવતી) ના મોટા ચૈત્યમાં જે જાસક નામે ગોષ્ઠિક હતા, તેને શ્રેષ્ઠી અજિત અને પોચિરથ નામે બે પુત્રો થયા. તેના વંશમાં થયેલા સજ્જન, નેમિકુમાર, સર્વદેવ, જાસક અને દુર્લભે બે પ્રતિમાઓ ભરાવી.

[૨૮-૧૪૮]

શ્રી શાંતિનાથના મંદિરમાં અષ્ટાપદ તીર્થના પટ્ટશિલ્પ ઉપરનો લેખ—

सं० १२६६ फाल्गुन सुदि १० बुद्धे (धे) प्राग्वाट.... ....भार्या पद्मिन्याः पंचपुत्राः श्रे० जंक्षदेव-बोपदेव-वस्तिग— बोपदेव-सोभाभ्यां कुटुंबश्रेयोर्थं अष्टापदतीर्थं कारितं प्रतिष्ठितं श्रीधर्मघोषसूरिभिः ॥

—સં૦ ૧૨૬૬ ના ફાગણ સુદિ ૧૦ ને બુધવારે પોરવાડજ્ઞાતીય....,તેની ભાર્યા પદ્મિની, તેને પાંચ પુત્રો હતા— જક્ષદેવ, બોપદેવ, વસ્તિગ.......તેમાંથી બોપદેવ અને સોભાએ કુટુંબના કલ્યાણ માટે અષ્ટાપદતીર્થનો પટ્ટ કરાવ્યો અને તેની શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠા કરી.

[૨૯-૧૪૯]

શ્રી શાંતિનાથ ભ૦ ના મંદિરમાં મુખ્ય ગર્ભગૃહમાં ભ૦ શાંતિનાથના પબાસન ઉપરનો લેખ—

संवत् १३-४ वर्षे ज्येष्ठ सुदि सोमे श्रीमहावीरचैत्ये आरासणाकरवास्तव्य श्रे० वीरचंद्रभार्या........मातृपितृश्रेयोर्थं श्रीपार्श्वनाथबिंबं कारितं । शुभं भवतु कारापतेः ॥

—સં૦ ૧૩-૪ ના જેઠ સુદિ ૨ ને સોમવારે શ્રીમહાવીરસ્વામીના ચૈત્યમાં આરાસનાકરના રહેવાસી શ્રેષ્ઠી વીરચંદ્રે, તેમની ભાર્યા.......માતાપિતાના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ભરાવી. તે કરાવનારનું કલ્યાણ કરો.

[૩૦–૧૫૦]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરમાં તોરણવાળી સાતમી દેવકુલિકામાં કાઉસગ્ગિયા પ્રતિમા પરનો લેખ—

पाहडसुतया सांतिकया कारिता............

....... ....स्य कारिता रि(ऋ)षभालए(ये)

श्रीसर्व्वदेवाचार्यैः प्रतिष्ठिता ॥

(પહેલો અને વચ્ચેનો ભાગ મૂર્તિની પાછળ દબાયેલો છે, જે બે પડખેના અક્ષરો હતા તે વંચાયા છે.)

....શ્રીઋષભદેવના મંદિરમાં શ્રેષ્ઠી પાહડની પુત્રી સાંતિકાએ........મૂર્તિ ભરાવી અને તેની શ્રીસર્વદેવાચાર્યે પ્રતિષ્ઠા કરી.

[૩૧–૧૫૧]

શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના ચોથા ગોખલાની છાજલી પરનો લેખ—

........सुंदरीसुतेन........शीतलजिनप्रतिमा कारिता॥

....સુંદરીના પુત્રે........શ્રીશીતલનાથ ભ૦ ની પ્રતિમા ભરાવી.

## કુંભારિયાજીમાં આસપાસથી મળેલા લેખો

[૧–૧૫૨]

જૂના પડી ગયેલા મંદિરમાં જતાં શિવમૂર્તિ નીચેનો બીજો લેખ—

संवत् ११५३ कार्तिक सुदि १४ श्री........आरासनाकरे श्रीसं[गमे]श्वरदेवे श्रीधर्म........दर्शित सि....जनिजमूर्ति[:] कारिता ॥

—સં૦ ૧૧૫૩ ના કાર્તિક સુદિ ૧૪ ના દિવસે શ્રીઆરાસનાકરમાં શ્રીસંગમેશ્વરદેવ...........

[२–१५३]

માનસરોવર પાસેની એક ચતુર્ભુજ મૂર્તિ નીચેનો ત્રુટક લેખ—

सं० ११८७ फाल्गुन वदि ४........॥

—સં૦ ૧૧૮૭ ના ફાગણ વદિ ૪........

[३–१५४]

જૂના પડી ગયેલા મંદિરમાં જતાં શિવમૂર્તિની નીચેનો લેખ—

संवत् ११९५ वैशाख वदि ३........दिने ॥

—સં૦ ૧૧૯૫ ના વૈશાખ વદિ ૩ ના દિવસે........

[४–१५५]

કુંભેશ્વર મહાદેવના મંદિરમાં ચડતાં એક બાજુએ બે પથ્થરો છે, તેમાં જમણી બાજુનો ૩૬ લીટીનો લેખ છે, તેની ૪-૫ લીટી આ પ્રમાણે છે—

ॐ स्वस्ति श्रीविक्रमसंवत् १२६३ वर्षे वैशाष व(*)दि.. शनौ अद्येह श्रीमदणहिलपाटके समस्त (*) राजावलिसमलंकृतमहाराजाधिराजश्रीमद्भीमदेवकल्याणविजयराज्ये तत्पादपद्मोपजी(*)वी महामात्यश्रीआंबाके प्रवर्त्तमाने मत्पाद (?)

× × ×

(ઉપર નંદી તથા શિવલિંગની આકૃતિ છે.)

—સં૦ ૧૨૬૩ ના વૈશાખ વદિ....શનિવારે વર્તમાન કાળે અણહિલપાટકમાં સમસ્ત રાજાઓથી અલંકૃત મહારાજાધિરાજ શ્રીભીમદેવના કલ્યાણકારી અને વિજયી રાજ્યમાં તેમના ચરણસેવક મહામાત્ય આંબાકે...........

[ ૫–૧૫૬ ]

જૂના પડી ગયેલા મંદિરના બારણા પાસેનો લેખ—

सं० १२८३ वर्षे मार्ग सुदि ३ भौमे............॥

—સં૦ ૧૨૮૩ ના માગશર સુદિ ૩ ને મંગળવારે....

[ ૬–૧૫૭ ]

પીંપળા નીચે ત્રીજા પથ્થર પરનો લેખ—

संवत् १३१३ वर्षे चैत्र वदि १० सोमे अद्येह आरासणाकरे महं श्रीयीरश्वप्रतिपत्तौ ॥

—સં૦ ૧૩૧૩ ના ચૈત્ર વદિ ૧૦ ને સોમવારે વર્તમાનકાલીન આરાસણાકરમાં મહં૦ યીરશ્વની સેવામાં.

[ ૭–૧૫૮ ]

પીંપળાની નીચે ૧૪×૧૫ ઇંચ લાંબા પથ્થર ઉપરનો સુરભી (ગાય અને વાછરડાની આકૃતિવાળો) લેખ—

ॐ संवत् १३३१ वर्षे आषाड सुदि १४ गुरौ अद्येह आरासणे रा(*)जश्रीमहिपालदेवेन आत्मीयपितु-राजयस तथा मातु(*)बायी श्रीसंगारदेवि तथा पितामह प्रतीं श्री.......(*) पितामही प्रती श्रीसलषणदेवि तथा आत्मीया एवं पंचमूर्तीनां(*)

आइ-नं....अलाविक्ति: श्रेवो० आल्हण उ०सूदन तथा अ(*)वो० धीधासुतलाषाभ्यां पंचमूर्तिपूजापनार्थं छाडी प्रति धान्या(*)पाली १ तथा पा० गाडा प्रति लोहडीया २ एत तु पूजावणे दा(*)तव्यं तथा मूर्तिं पंच० न्यैवेद्ये० दिनं प्रति चोषा पाली २ मुग पाली(*)१ घृतक सेर २ दीवेल पदे तेलकर सु० एततु दिन प्रति त्रां(*)बा मांडवी दातव्या जं कोइ-ली हुअइ तिहने बापदे द्र ५४(*)चतुपंचा-शत-त्रांबा मांडवी दातव्या महं झांझण महं वि(*)जयसीह........ व श्रे० साधूय श्रे० आसदेव श्रे० धामा(* ............नी जगसाप्रभृतिसमस्त महाजने(*) तथा........मासडा सामंत.... धीधल तां(*)ज० डांडा........धाये उपरि लिषितं आइदानं पा(*)लनीयं............आइदान अष्टादश प्रसूतीनां(*).......... कोपि लोपयति अव्वालो पाप(*)यंते स उपरि लिषितं०........ हंते आचन्द्रार्कं यावतु पा(*)लनीयं च। मंगलं महाश्रीः ॥

(આ લેખ ખૂબ અશુદ્ધ છે. એ સમયની ચાલુ બોલીના કેટલાક શબ્દો વાપર્યા છે. કેટલાક ત્રુટિત છે છતાં અનુ-વાદમાંથી ભાવાર્થ સમજાશે. + વસ્તુત : આ લેખ અનાજનાં ગાડાં વગેરે ઉપર કર નાખ્યાનો ખ્યાલ આપે છે)—

—સં૦ ૧૩૩૧ ના અષાઢ સુદિ ૧૪ ને ગુરુવારે વર્ત-માન આરાસણમાં રાજા શ્રીમહિપાલદેવે પોતાના પિતા રાજયસ તેમજ માતા બાઈ શૃંગારદેવી તથા પિતામહ——— ———પિતામહી શ્રીસલખણદેવી અને પોતે એ પાંચ મૂર્તિ-ઓના——————આલ્હણ, ઉ૦ સૂદન તથા અવો૦ ધીધા

તેના પુત્ર લાખાએ પાંચે મૂર્તિઓના પૂજાપા માટે પ્રત્યેક છાડીએ ધાન્યની એક પાલી તેમજ પ્રત્યેક ગાડાએ બે લોહ- ડીયા—આ બધું પૂજા માટે આપવું. તેમજ પાંચ મૂર્તિ- ઓના નૈવેદ્ય માટે પ્રત્યેક દિવસે ચોખાની પાલી ૨, મગની પાલી ૧, ઘી શેર ૨, અને દીવેલ———એ બધું પ્રત્યેક દિવસે ત્રાંબા માંડવી દેવી. જે કોઈ————તેણે ૫૪ ત્રાંબા માંડવી દેવી. મહં૦ ઝાંઝણ, મહં૦ વિજયસીહ, શ્રેષ્ઠી સાધૂય, શ્રે૦ આસદેવ, શ્રે૦ ધામા———શ્રે૦ જગસા વગેરે સમસ્ત મહાજન તથા------સામંત ધીધ---ડાંડા--- ———ઉપર લખ્યાં છે. આ આજ્ઞા પાલવી જોઈએ. આ આજ્ઞા ચંદ્ર-સૂર્ય રહે ત્યાં સુધી પાળવાની છે.

[ ८–१५९ ]

પીંપળા નીચે બીજો પથ્થર જે પાળિયા જેવો છે, તે પરનો લેખ—

सं० १३३५।

—સં૦ ૧૩૩૫ ની સાલનો છે. ઉકલે તેમ નથી.

[ ९–१६० ]

કુંભેશ્વર મહાદેવના મંદિરમાં ચડતાં એક બાજુએ બે પથ્થરો છે, તેમાં ડાબી બાજુનો ૧૦ લીટીનો લેખ આ પ્રકારે છે—

संवत् १३४६ वर्षे फाल्गुन शुदि १ रवौ अद्येह(*) श्रीचंद्रावत्यां महाराजकुल श्रीवीसलदेवकल्या(*)ण विजयराज्ये प्रति श्रीजगपालेन आरास(*)णे नियुक्त ठक्कुर सांमप्रभृतिपंचकुल-

प्रतिपत्तौ(*) कणमंडपिकायां व्याप्रियमाण महं० वीर टावा सि(*)रपाल लाढा आयपाल प्रती श्रीसोभितसुत श्रीश्री(*) जगपालेन आत्मीयमाता प्रती श्रीधांधलदेव्या श्रेयो(*)र्थं..........दानं मुक्तं(*) यं कोपि लोपयति स तस्य मातां गर्दभो (*)दयति। श्रीः ॥

—સં० ૧૩૪૬ ના ફાગણ સુદિ ૧ ને રવિવારે વર્તમાનકાલમાં ચંદ્રાવતીમાં મહારાજકુલમાં શ્રીવીસલદેવના કલ્યાણકારી અને વિજયી રાજ્યમાં પ્રતિનિધિ શ્રીજગપાલે આરાસણમાં નિયુક્ત કરેલા સાંગ વગેરેએ પંચકુલની સેવામાં અનાજની માંડવીમાં કાર્ય કરનારા મહં० વીર, ટાવા, સિરપાલ, લાઢા, આયપાલ પ્રતી શ્રીશોભિત તેના પુત્ર શ્રી જગપાલે પોતાની માતા ધાંધલદેવીના કલ્યાણ માટે———— દાન આપ્યું છે તેનો જે કોઈ લોપ કરશે તેને (એમ કહીને ભૂંડી ગાળ દીધી છે.)

[ १०–१६१ ]

જૂના પડી ગયેલા મંદિરના થાંભલા પરનો લેખ—

धरणीधर सुत सं० बूटा संगमेसरगति........॥

—ધરણીધરના પુત્ર સં० બૂટા સંગમેશ્વર ગતિ........

# આચાર્યોની સાલવાર અનુક્રમણિકા

સં૦ ૧૦૮૭ના અષાઢ સુદિ ૨ના રોજ ભીમદેવ રાજાના રાજકાળમાં શ્રીનન્નાચાર્યગચ્છના શ્રીસર્વદેવસૂરિએ આરાસણ નગરમાં.
(લે. નં. ૧–૧૨૧)

સં૦ ૧૧૧૦ના વૈશાખ માસમાં (સુદિ ૫ના રોજ) શ્રીનન્નાચાર્યના ગચ્છમાં શ્રીઆરાસણના જિનમંદિરમાં.
(લે. નં. ૨–૧૨૨, ૩–૧૨૩)

સં૦ ૧૧૧૮ (લે. નં. ૧–૬૪)

સં૦ ૧૧૧૯ (લે. નં. ૨–૬૫)

સં૦ ૧૧૩૮

સં૦ ૧૧૩૮ના માહ સુદિ ૧૩. લે. નં. ૪–૧૨૪, ૫–૧૨૫, ૬–૧૨૬, ૭–૧૨૭, ૮–૧૨૮, ૯–૧૨૯, ૧૦–૧૩૦, ૧૧–૧૩૧, ૧૨–૧૩૨, ૧૩–૧૩૩, ૧૪–૧૩૪, ૧૫–૧૩૫, ૧૬–૧૩૬, ૧૭–૧૩૭.)

સં૦ ૧૧૪૦ના ચૈત્ર વદિ......ને રવિવાર. (લે, નં. ૪–૬૭)

સં૦ ૧૧૪૦ના વૈશાખ વદિ ૭ને રવિવાર. (લે. નં. ૩–૬૬)

સં૦ ૧૧૪૨ (લે. નં. ૫–૬૮, ૬–૬૯, ૭–૭૦, ૮–૭૧, ૯–૭૨.)

સં૦ ૧૧૪૫ના માહ વદિ ૬ને ગુરુવારે આરાસનાકરના ચૈત્યમાં.
(લે. નં. ૧૧–૭૪.)

સં૦ ૧૧૪૫ના વૈશાખ વદિ ૧ને શનિવાર. (લે. નં. ૧૮–૧૩૮, ૧૯–૧૩૯, ૨૦–૧૪૦, ૨૧–૧૪૧, ૨૨–૧૪૨.)

સં૦ ૧૧૪૫ના જેઠ વદિ ૮ને રવિવાર. (લે. નં. ૧૦–૭૩.)

સં૦ ૧૧૪૬ના મહા સુદિ ૬. (લે. નં. ૨૩–૧૪૩.)

સં૦ ૧૧૪૬ ના જેઠ સુદિ ૯ને શુક્રવાર (લે. નં. ૨૪–૧૪૪, ૨૫–૧૪૫)

સં૦ ૧૧૪૬ (લે. નં. ૧૨–૭૫)

સં૦ ૧૧૪૭ માં આરાસનાકરમાં શ્રીમાનતુંગસૂરિ. ( લે. નં. ૧૩–૭૬ )

સં૦ ૧૧૪૭માં આરાસનમાં વીરનાથના ચૈત્યમાં. ( લે. નં. ૧૪–૭૭ )

સં૦ ૧૧૪૮ના અષાઢ સુદિ ૭ને બુધવારે શ્રીવટપ્રાલગચ્છના શ્રીસર્વદેવસૂરિ. ( લે. નં. ૨૬–૧૪૬ )

સં. ૧૧૪૮ના અષાઢ સુદિ ૭ને બુધવાર ( લે. નં. ૨૭–૧૪૭ )

સં૦ ૧૧૪૮ ( લે. નં. ૧૫–૭૮, ૨૧–૮૪ )

સં૦ ૧૧૬૧ના થારાપદ્રીયગચ્છમાં, આરાસનાકરના શ્રીપાર્શ્વનાથના મંદિરમાં. ( લે. નં. ૧–૮૮ )

સં૦ ૧૧૬૧ના થિરાપદ્રીયગચ્છમાં. ( લે. નં. ૨–૮૯ )

સં૦ ૧૧૭૬ના માગશર સુદિ ૧૦ને ગુરુવારે શ્રીપદ્મદેવસૂરિ. ( લે. નં. ૧૬–૭૯, ૧૭–૮૦ )

સં૦ ૧૧૮૧ના કાર્તિક સુદિ ૧૫ને શુક્રવાર. ( લે. નં. ૧૮–૮૧ )

સં૦ ૧૧૯૧ના ફાગણ વદિ ૨ને સોમવારે શ્રીદેવાચાર્યગચ્છના શ્રીવિજય-સિંહસૂરિ. ( લે. નં. ૧ )

સં૦ ૧૧૯૧ ( લે. નં. ૨ )

સં૦ ૧૨૦૪ના ફાગણ વદિ ૧૧ને મંગળવારે આરસાનાકરના શ્રીનેમિ-નાથચૈત્યમાં શ્રીચંદ્રબૃહદ્‌ગચ્છના શ્રીવર્ધમાનસૂરિના શ્રીચક્રેશ્વર-સૂરિ. ( લે. નં. ૩ )

સં૦ ૧૨૦૪ના ફાગણ વદિ ૧૧ને મંગળવારે શ્રીનેમિનાથચૈત્યમાં. ( લે. નં. ૬ )

સં૦ ૧૨૦૪ના જેઠ સુદિ ૯ને મંગળવારે શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિ. ( લે. નં. ૪, ૫ )

સં૦ ૧૨૦૫ના જેઠ સુદિ ૯ને મંગળવારે શ્રીનેમિનાથના ચૈત્યમાં શ્રીબૃહદ્‌ગચ્છના શ્રીબુદ્ધિસાગરસૂરિના શિષ્ય શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ. ( લે. નં. ૭, ૮ )

સં૦ ૧૨૦૬ના કાર્તિક વદિ ૬ ના આરાસણમાં શ્રીકુમારપાલદેવની આજ્ઞાથી, શ્રીકકુદાચાર્ય. ( લે. નં. ૯ )

સં૦ ૧૨૦૬ના જેઠ સુદિ ૯ને મંગળવારે શ્રીઅજિતદેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિ. (લે. નં. ૧૦)

સં૦ ૧૨૦૮ના ફાગણ સુદિ ૧૦ને રવિવારે આરાસનાકરના શ્રીનેમિનાથ-ચૈત્યમાં શ્રીબૃહદ્‌ગચ્છના શ્રીવર્ધમાનસૂરિના શિષ્ય શ્રીચક્રેશ્વર-સૂરિ. (લે. નં. ૧૧)

સં૦ ૧૨૦૮ના ફાગણ સુદિ ૧૦ને રવિવારે આરાસનાકરના શ્રીનેમિનાથ-ચૈત્યમાં. (લે. નં. ૧૨)

સં૦ ૧૨૧૪ના ફાગણ વદિ ૭ને શુક્રવારે શ્રીનેમિનાથના મંદિરમાં બૃહદ્‌ગચ્છના વર્ધમાનસૂરિના શ્રીચક્રેશ્વરસૂરિ, તેમના શિષ્ય... ...શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૧૩, ૧૪)

સં૦ ૧૨૧૪ના ફાગણ વદિ ... શુક્રવારે શ્રીવર્ધમાનસૂરિના શિષ્ય શ્રીજિનેશ્વરસૂરિ, તેમના શિષ્ય........શિષ્ય શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૩–૯૦)

સં૦ ૧૨૨૬ના વૈશાખ સુદિ ૨ના રોજ શ્રીનેમિચંદ્રાચાર્યના શિષ્ય શ્રીદેવાચાર્ય. (લે. નં. ૪–૯૧, ૫–૯૨)

સં૦ ૧૨૨૩ના માહ સુદિ ૧૧ને ગુરુવાર (લે. નં. ૧૯–૮૨)

સં૦ ૧૨૩૬ના ફાગણ વદિ ૩ને ગુરુવારે બૃહદ્‌ગચ્છના શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ, શ્રીધનેશ્વરસૂરિ. (લે. નં. ૧૫)

સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ને શનિવારે શ્રીધર્મઘોષસૂરિ. (લે. નં. ૬–૯૩, ૮–૯૫, ૧૧–૯૮, ૧૨–૯૯, ૧૭–૧૦૪, ૧૮–૧૦૫)

સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ને શનિવારે વા૦ સાગરચંદ્રગણિ. (લે. નં. ૧૬)

સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ને શનિવારે આરાસણ મંડલિક સુર-શંભુ શ્રીધારાવર્ષના રાજ્યમાં શ્રીધર્મઘોષસૂરિ. (લે. નં. ૭–૯૪, ૧૩–૧૦૦, ૧૬–૧૦૩)

સં૦ ૧૨૫૯ના અષાઢ સુદિ ૨ ને શનિવારે શ્રીસૂરિ.
(લે. નં. ૯–૯૬, ૧૦–૯૭, ૧૪–૧૦૧, ૧૫–૧૦૨)

સં૦ ૧૨૬૫ના વૈશાખ સુદિ ૭ સોમવાર. (લે. નં. ૧૯–૧૦૬)

સં૦ ૧૨૬૬ના ફાગણ સુદિ ૧૦ ને બુધવારે, શ્રીધર્મઘોષસૂરિ.
(લે. નં. ૨૮–૧૪૮)

સં૦ ૧૨૭૬ના અષાઢ સુદિ ૨ ને શનિવારે આરાસણમાં મંડલિક સુરશંભુ શ્રીધારાવર્ષદેવના રાજ્યમાં શ્રીપદ્મ(ધર્મ)ઘોષસૂરિ,
(લે. નં. ૨૭–૧૧૪)

સં૦ ૧૨૭૬ના માહ સુદિ ૧૩ ને રવિવારે શ્રીધર્મઘોષસૂરિ.
(લે. નં. ૨૦–૧૦૭, ૨૧–૧૦૮, ૨૨–૧૦૯, ૨૩–૧૧૦, ૨૪–૧૧૧, ૨૫–૧૧૨, ૨૬–૧૧૩, ૨૮–૧૧૫, ૨૯–૧૧૬,)

સં૦ ૧૨૮૭ના મહા સુદિ ૧૦ ને બુધવાર. (લે. નં. ૩૦–૧૧૭)

સં૦ ૧૩૧૦ના ચૈત્ર વદિ ૨ ને સોમવારે શ્રીનેમિનાથચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીશાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ.
(લે. નં. ૧૮)

સં૦ ૧૩૧૦ના વૈશાખ વદિ ૩...... (લે. નં. ૧૭)

સં૦ ૧૩૧૦ના વૈશાખ વદિ ૫ ને ગુરુવારે આરાસણ નગરમાં શ્રીનેમિનાથ ચૈત્યમાં ચંદ્રગચ્છીય શ્રીપરમાનંદસૂરિ, તેમના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ. (લે. નં. ૧૯)

સં૦ ૧૩૧૦ શ્રીબૃહદ્ગચ્છીય શ્રીઅભયદેવસૂરિ, તેમના શિષ્ય શ્રીજિનભદ્રસૂરિ, શાંતિપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૨૦)

સં૦ ૧૩૧૪ના જેઠ સુદિ ૨ ને સોમવારે આરાસનાકરના શ્રીનેમિનાથચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીશાંતિપ્રભસૂરિના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ,

તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ.
(લે. નં. ૨૧, ૨૨, ૨૩)

સં૰ ૧૩૧૫ના જેઠ સુદિ ૧૧ ને રવિવાર. (લે. નં. ૩૧–૧૧૮)

સં૰ ૧૩૨૩ના માહ સુદિ ૬ ના રોજ આરાસનાકરના શ્રીનેમિનાથ ચૈત્યમાં ચંદ્રગચ્છીય શ્રીશાંતિપ્રભસૂરિના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ.
(લે. નં. ૨૪)

સં૰ ૧૩૨૭ના વૈશાખ સુદિ ૨ ને સોમવારે (લે. નં. ૨૫)

સં૰ ૧૩૩૫ના માગશર વદિ ૧૩ ને સોમવારે બૃહદ્ગચ્છીય શ્રીહરિભદ્રસૂરિ શિષ્ય શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૨૭)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ને શુક્રવારે બૃહદ્ગચ્છના શ્રીવિજયસિંહસૂરિના સંતાનીય શ્રીચંદ્રસૂરિ, તેમના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિ.
(લે. નં. ૨૯)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ને શુક્રવારે મડાહડગચ્છના શ્રીચક્રેશ્વરસૂરિના સંતાનીય શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિ.
(લે. નં. ૩૦.)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ને શુક્રવારે બૃહદ્ગચ્છના શ્રીપરમાનંદસૂરિ.
(લે. નં. ૩૨)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ને શુક્રવારે શ્રીવિનયપ્રભ.
(લે. નં. ૨૮)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ને શુક્રવારે બૃહદ્ગચ્છના શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ.
(લે. નં. ૨૬, ૩૧, ૩૩)

સં૰ ૧૩૩૫ના માહ સુદિ ૧૩ના રોજ શ્રીવર્ધમાનસૂરિ.
(લે. નં. ૩૪)

સં૰ ૧૩૩૬માં શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિ.
(લે. નં. ૩૫)

સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ને શુક્રવારે આસાસનાકરના શ્રીનેમિનાથના ચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીચક્રેશ્વરસૂરિસંતાનીય શ્રીજયસિંહસૂરિના શિષ્ય શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિઃ
(લે. નં. ૩૭, ૩૯)

સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ને શુક્રવારે બૃહદ્ગચ્છીય શ્રીકનકપ્રભસૂરિના શિષ્ય શ્રીદેવેન્દ્રસૂરિ. (લે. નં. ૩૬)

સં૦ ૧૩૩૮ના જેઠ સુદિ ૧૪ના રોજ શ્રીનેમિનાથના ચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૩૮)

સં૦ ૧૩૪૩ના માહ સુદિ ૧૦ને શનિવારે શ્રીનેમિનાથના ચૈત્યમાં બૃહદ્ગચ્છીય શ્રીહરિભદ્રસૂરિના શિષ્ય શ્રીપરમાનંદસૂરિ. (લે. નં. ૪૦)

સં૦ ૧૩૪૩ના માહ સુદિ ૧૦ને શનિવાર. (લે. નં. ૪૧)

સં૦ ૧૩૪૪ના અષાઢ સુદિ ૧૫ના રોજ શ્રીનેમિનાથના ચૈત્યમાં.
(લે. નં. ૪૨)

સં૦ ૧૩૪૪ના જેઠ સુદિ ૧૦ને બુધવારે શ્રીનેમિનાથના ચૈત્યમાં નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિસંતાનીય શ્રીચંદ્રસૂરિ. (લે. નં. ૪૪)

સં૦ ૧૩૪૫—સં૦ ૧૨૭૫માં શ્રીનેમિનાથના મંદિરમાં શ્રીરત્નપ્રભસૂરિ
સં૦ ૧૩૧૦માં શ્રીપરમાનંદસૂરિ
સં૦ ૧૩૩૮ વગેરે (લે. નં. ૧૩)

સં૦ ૧૩૫૧ના વૈશાખ સુદિ...શ્રીપરમાનંદસૂરિના શિષ્ય શ્રીવીરપ્રભસૂરિ
(લે. નં. ૪૫)

સં૦ ૧૩૫૫ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ શ્રીસોમપ્રભસૂરિના શ્રીવર્ધમાનસૂરિ.
(લે. નં. ૪૭)

સં૦ ૧૩૫૫ના વૈશાખ સુદિ ૧૨ને સોમવારે શ્રીભાવદેવસૂરિ.
(લે. નં. ૪૬)

સં૦ ૧૩૬૬ના ફાગણ સુદિ ૧૦ને ગુરુવાર (લે. નં. ૪૮)

સં૦ ૧૩૮૨ના વૈશાખ સુદિ ૩ને રવિવારે (લે. નં. ૪૯)

સં૦ ૧૩૮૬ના પોષ વદિ ૫ને બુધવારે શ્રીરુદ્રપલ્લીય શ્રીજિનભદ્રસૂરિ.
(લે. નં. ૫૦)

સં૦ ૧૩૮૯ના જેઠ વદિ ૧૧ને સોમવારે શ્રીનેમિનાથના ચૈત્યમાં.
(લે. નં. ૫૧)

સં૦ ૧૩૮૯ના જેઠ વદિ ૧૧ને સોમવાર (લે. નં. ૫૨)

સં૦ ૧૩૯૧ના બૃહદ્ગચ્છીય શ્રીવિજયચંદ્રના પટ્ટધર શ્રીભાવદેવસૂરિ.
(લે. નં. ૫૩)

સં૦ ૧૩૯૪ ના વૈશાખ સુદિ ૭ ને સોમવારે શ્રીરત્નાકરસૂરિ.
(લે. નં. ૫૩)

સં૦ ૧૩–૪ ના જેઠ સુદિ ૨ ને સોમવાર. (લે. નં. ૨૯–૧૪૯

સં૦ ૧૫૨૬ ના અષાઢ વદિ ૯ ને સોમવાર. (લે. નં. ૫૫)

સં૦ ૧૬૭૫ ના માહ સુદિ ૪ શનિવારે શ્રીનેમિનાથચૈત્યમાં શ્રીહીરવિજયસૂરિના શિષ્ય શ્રીવિજયસેનસૂરિ, તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિ, તેમના શિષ્ય પં૦ કુશલસાગર ગણિ. (લે. નં. ૫૬, ૫૭, ૫૮)

સં૦ ૧૬૫૭ ના માહ સુદિ ૪ ને શનિવારે આરાસણનગરમાં શ્રીતપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિના પટ્ટધર શ્રીવિજયસેનસૂરિ, તેમના પટ્ટધર શ્રીવિજયદેવસૂરિ. (લે. નં. ૨૦–૮૩)

સં૦ ૧૬૭૫ ના માહ વદિ ૪ ને શનિવારે તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરિના પટ્ટધર શ્રીવિજયસેનસૂરિ, તેમના પટ્ટધર શ્રીવિજયદેવસૂરિ, તેમના શિષ્ય પં૦ કુશલસાગરગણિ. (લે. નં. ૩૨–૧૧૯)

સં૦ ૧–૦૫ ના અષાઢ સુદિ ૯ ને ગુરુવાર

# સુધારો-વધારો

૧. મંત્રી શ્રી વિમળશાહે અહીં આરાસણમાં મંદિર બંધાવ્યું તે પહેલાં પણ અહીં જિનાલય હતું અને તે જિનાલયની યાત્રા કરવા શ્રી. વિમળ મંત્રી સંઘ સાથે આરાસણમાં આવ્યા હતા, એમ શ્રી. લાવણ્યસમયે રચેલા 'વિમલ-પ્રબંધ'માં આપેલા ઉલ્લેખના આધારે જણાય છે.

૨. પૃ૦ ૨૦ માં અમે જણાવ્યું છે કે, 'સંભવતઃ વિમલમંત્રીએ આ મંદિર બંધાવ્યું હશે' એના બદલે આરાસણમાં શ્રી નેમનાથ ભ૦નું મુખ્ય મંદિર શ્રેષ્ઠી પાસિલે બંધાવ્યું હતું. મારા પૂજ્યગુરુ મહારાજ શ્રી. જયંત વિજયજી મહારાજશ્રીએ 'અર્બુદાચલપ્રદક્ષિણા' (આબૂ ભા. ૪) ના પૃ૦ ૨૦ માં એ પ્રકારે ઉલ્લેખ આપેલો છે.

૩. 'પ્રાચીન તીર્થમાળા' ભા૦ ૧, પૃ૦ ૯૭, કડીઃ ૧૮ માં આ પ્રકારે ઉલ્લેખ મળે છે—

"આરાસણ આબૂગઢે જે નર ચઢે રે,
વિમલવસઈ વિસતાર;
આદિ જિણંદજી વંદિયે આનંદિયે રે,
ધન માનવઅવતાર."

આ ઉપરથી લાગે છે કે, શ્રી. વિમલ મંત્રીએ આરાસણમાં શ્રી. ઋષભદેવ ભ૦નું મંદિર બંધાવ્યું અને

તે મંદિર ૧૫ મા સૈકા સુધી શ્રી. ઋષભદેવના મંદિર તરીકે ઓળખાતું એમ પ્રતિમાલેખ અને તીર્થમાળાઓ ઉપરથી જણાય છે.

લેખાંક: ૨૮ (૧૪૬) ના સં૦ ૧૧૪૮ ના લેખમાં અહીંના આદિ જિનાલયનો ઉલ્લેખ મળે છે.

ચૌદમી શતાબ્દીમાં થયેલા શ્રી હેમચંદ્રસૂરિના શિષ્ય તિલકસૂરિએ રચેલી 'ચૈત્યપરિપાટી સ્તવન' માં આરાસણમાં ત્રણ જિનાલયો હોવાની નોંધ આ પ્રકારે મળે છે—

'સિરિપાસ રિષહ નેમિચરણલીલા.'

એટલે આરાસણમાં ૧. શ્રી. પાર્શ્વનાથ, ભ૦, ૨ શ્રી. ઋષભદેવ ભ૦, અને ૩ શ્રી. નેમિનાથ ભ૦નું એમ ત્રણ મંદિરો હતાં.

એ પછી સં૦ ૧૪૩૦માં થયેલા શ્રી વિનયપ્રભ ઉપાધ્યાયે રચેલા 'તીર્થયાત્રા સ્તવન'માં આરાસણમાં ૧. શ્રી. આદીશ્વર ભ૦, ૨ શ્રી. પાર્શ્વનાથ ભ૦ ૩ શ્રી નેમિનાથ ભ૦ અને ૪ શ્રી. મહાવીરસ્વામી ભ૦નું એમ ચાર મંદિરો હતાં.

વળી, સં૦ ૧૪૯૯ ની આસપાસમાં થયેલા શ્રી. મેહ કવિએ રચેલા 'રાણકપુર સ્તવન'માં આ પ્રકારે ઉલ્લેખ કરેલો છે—

"સેત્રુંજે સામીય સેત્રુંજે સામીય પ્રથમ જિણંદનાહ,
સોપાર સિરિ મંડણો એ, વિમલ મંત્રીસર બુદ્ધિ થાપીઅ,
ઈડરગઢ આરાસણિ કુલપાક મહિમા નિવાસી."

એટલે મંત્રી વિમલશાહે આરાસણમાં શ્રી. આદીશ્વર ભ૦નું મંદિર બંધાવેલું એમ સ્પષ્ટ થાય છે પણ આજે આરાસણમાં મૂ૦ ના૦ આદીશ્વર ભ૦નું કોઈ મંદિર નથી. અનુમાન છે કે ભ૦ મહાવીરસ્વામીના મંદિર તરીકે ઓળખાતા મંદિરમાં મૂળનાયકનો ફેરફાર થતાં મૂળનાયક શ્રી. આદીશ્વર ભ૦ના બદલે ભ૦ મહાવીરસ્વામી ભ૦ની પ્રતિમા સ્થાપન કરી હશે.

૪. પૃ૦ ૫૭ માં આપેલા સુરભિલેખથી જણાય છે કે, આરાસણમાં શ્રાવકોની વસ્તી સારી હશે અને વેપાર સારો ચાલતો હશે.

૫. પૃ૦ ૬૫ માં 'જૈન પરંપરાનો ઈતિહાસ'નો ઉતારો આપ્યો છે તેમાં શ્રી વિમળશાહે આરાસણનાં બધાં મંદિરો બંધાવ્યાં એવી હકીકત આપી છે પણ મંત્રી વિમળે અહીં આરાસણમાં એક જ મંદિર બંધાવ્યું હતું અને તે શ્રી. આદીશ્વર ભ૦નું એમ ઉપર્યુક્ત હકીકતથી જણાય છે.

# અમારું તીર્થાવલી સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧. | Holy Abu (સચિત્ર) | ૧૦-૦૦ |
| ૨. | તીર્થરાજ આબુ (સચિત્ર): આબુ ભા. ૧ | ૫-૨૫ |
| ૩. | અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ : આબુ ભા. ૨ | ૫-૦૦ |
| ૪. | અચલગઢ (સચિત્ર): આબુ ભા. ૩ | ૧-૫૦ |
| ૫. | અર્બુદાચલ પ્રદક્ષિણા વર્ણન (સચિત્ર) આબુ ૪ | ૨-૫૦ |
| ૬. | અર્બુદાચલ પ્રદક્ષિણા જૈન લેખસંદોહ : આબુ ૫ | ૫-૦૦ |
| ૭. | શંખેશ્વર મહાતીર્થ (સચિત્ર) | ૨-૦૦ |
| ૮. | શ્રીઘોઘાતીર્થ (શ્રી નવખંડાપાર્શ્વનાથ) | ૦-૩૭ |
| ૯. | પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર) | ૨-૦૦ |
| ૧૦. | ઉપરિયાળા તીર્થ | ૦-૩૧ |
| ૧૧. | રાણકપુરની પંચતીર્થી (સચિત્ર) | ૧-૭૫ |
| ૧૨. | શંખેશ્વર સ્તવનાવલી | ૦-૭૫ |
| ૧૩. | ભોરોલ તીર્થ | ૦-૨૫ |
| ૧૪. | સિંધ-વિહાર-વર્ણન | ૨-૦૦ |
| ૧૫. | બે જૈન તીર્થો (ચારૂપ-મેત્રાણા) | ૦-૩૭ |
| ૧૬. | ત્રણ „ (કાવી-ગંધાર-ઝઘડિયા) | ૧-૨૫ |
| ૧૭. | ચાર „ (માતર, સોજિત્રા, ખેડા અને ધોળકા) | ૧-૦૦ |
| ૧૮. | મુંડસ્થલ મહાતીર્થ | ૦-૫૦ |
| ૧૯. | ભીલડિયા પાર્શ્વનાથ તીર્થ | ૦-૬૦ |
| ૨૦. | રાધનપુર જૈન પ્રતિમા લેખ સંદોહ | ૫-૦૦ |

## અમારા ચિત્ર-સંગ્રહો-આલબમો

| | | |
|---|---|---|
| ૧. | ચિત્રમય આબુ (૮૩ ચિત્રો) | ૧-૮ |

(ટપાલ ખર્ચ દરેકનું જુદું સમજવું)

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**

**ગાંધી ચોક : ભાવનગર (સૌરાષ્ટ્ર)**

# અનુપૂર્તિ

## ૧. મોટા પોસીના

[ કુંભારિયાજી—આરાસણ તીર્થની નજીકમાં આવેલાં પ્રાચીન તીર્થો સંબંધી મારી પાસેની સંઘરેલી માહિતી સાથોસાથ આપી દેવાય તો દર્શનાર્થી યાત્રીને ઉપયોગી થાય એ દૃષ્ટિએ અહીં અનુપૂર્તિરૂપે ૧. મોટા પોસીના, ૨ નાનાં પોસીના અને ૩. વડાલી એમ ત્રણ તીર્થધામોનું વર્ણન ટૂંકમાં આપું છું. ]

કુંભારિયાજી—આરાસણાથી માત્ર ૧૪ માઈલના અંતરે મોટા પોસીના નામે ગામ છે. તે ખેડબ્રહ્મા તાલુકામાં આવેલું છે, ખેડબ્રહ્માથી ૨૫ માઈલ દૂર આ ગામ વસેલું છે. આ ગામ ક્યારે વસ્યું એ જાણવામાં આવ્યું નથી; પરંતુ ગામ પ્રાચીન લાગે છે. જૈનોની તીર્થભૂમિરૂપે આ ગામની પ્રસિદ્ધિ પણ છે.

આ ગામમાં ૮૫૦ માણસોની વસ્તી છે. પોલીસ કચેરી, સરકારી ગુજરાતી નિશાળ, પોસ્ટ ઑફિસ વગેરે છે. અહીંથી પૂર્વ તરફની નાની પહાડીઓથી ઘેરાયેલું ૧ાા માઈલ ચોરસ ભૂમિમાં પથરાયેલું એક તળાવ છે. તેનું પાણી મીઠું, સ્વચ્છ અને બાર માસ સુધી રહે છે. તેમાં પુષ્કળ બ્રાહ્મી થાય છે. ગામની પાસે 'હળાદ પોસીના' નામની ભયંકર અને વિકટ નાળ છે. મહારાણા આનંદસિંહ જ્યારે મારવાડથી ઈડર સર

કરવા આવ્યા હતા ત્યારે આ નાળમાં કેટલાક દિવસ રહ્યા હતા.

પૃ. ૨૭–૨૮ માં આપેલા લેખાંક : ૧૨ માં જણાવ્યું છે કે—

'तदद्यापि पोसीनाग्रामे श्रीसंघेन पूज्यमानमस्ति ।'

—સં. ૧૩૩૮ માં શ્રીવાસુપૂજ્યસ્વામીની દેવકુલિકા કરાવી તે આજે પણ પોસીના ગામમાં પૂજાય છે.

આ લેખ આપણને આ તીર્થની ચૌદમા સૈકા પહેલાંની ગામની સ્થિતિ, તીર્થ તરીકેની પ્રસિદ્ધિ વિશે પ્રકાશ પાડે છે.

તીર્થમાળાકારો પણ પોસીનાની તીર્થ તરીકેની પ્રસિદ્ધિ અને તેમાં આવેલા પાંચ જિનપ્રાસાદો અને તેમાં મુખ્ય પાર્શ્વનાથજિનાલય વિશે સૂચન કરે છે.

પ્રાચીન તીર્થમાળા ભા૦ ૧ માં—

'પોસીને પરતિષ પ્રભૂ, સાંભલીઈ હો સાચો સુષકાર.
પૃ૦ ૭૦

'પોસીને છિં પાંચ પ્રાસાદ, સરગ સમોવડિ માંડિ વાદ.'
પૃ૦ ૧૦૩

'પોસીનઉ ચારૂપજી.' પૃ૦ ૧૫૦

આ ગામમાં શ્વેતાંબર જૈનનું એક પણ ઘર નથી; પણ હુંબડ જૈન જ્ઞાતિનાં ૧૫ ઘર છે. આ હુંબડ જૈનો અગાઉ શ્વેતાંબર જૈનધર્મ પાળતા હતા. આજે પણ માળવાના રાજગઢમાં હુંબડજ્ઞાતિનાં ૧૦૦ ઘર છે જે શ્વેતાંબર જૈનધર્મ પાળે છે. શંખેશ્વર મહાતીર્થનું મંદિર હુંબડજ્ઞાતિના

શ્રેષ્ઠીએ જ બંધાવ્યું હતું. પણ આજે કેટલેક સ્થળે આ હુંબડ જ્ઞાતિવાળા દિગંબર જૈનધર્મ પાળતા જોવાય છે.

૧. અહીં એક કંપાઉંડમાં શ્વેતાંબર જૈન ધર્મશાળા, બગીચો અને ત્રણ મંદિરો એકી સાથે આવેલાં છે. તેમાં વચ્ચે એક સૌધશિખરી મોટા મંદિરને જોતાં જ લાગે છે કે કોઈ કુમારપાલ જેવા રાજવીએ અથવા કોઈ લક્ષ્મીનંદને મંદિર બંધાવ્યું હશે. આ જૈન મંદિરમાંથી સં૦ ૧૪૭૮ અને સં૦ ૧૪૮૧ ના પ્રતિમાલેખો મળી આવે છે. આ લેખો જીર્ણોદ્ધાર સમયના લાગે છે એટલે મંદિર ઘણું પ્રાચીન હોય એવું અનુમાન છે. કહેવાય છે કે, અહીંના કંથેરના ઝાડ નીચેથી શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમા મળી આવતાં ૧૩ મા સૈકામાં અહીં એક વિશાળ જિનાલય બાંધવામાં આવ્યું. આ મંદિરમાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ પ્રભુની ફણા વિનાની શ્વેતવર્ણી સર્વાંગસુંદર પ્રતિમા ૩ા ફૂટ ઊંચી બિરાજમાન છે. તેના ઉપર સં૦ ૧૪૭૭ ની સાલનો લેખ છે. આ મંદિરમાં પાષાણની ૫ અને ધાતુની ૮ મૂર્તિઓ છે.

૨. શ્રી. શાંતિનાથ ભ૦નું મંદિર છે. તેમાં મૂળનાયકની પ્રતિમા ઉપર સં૦ ૧૨૮૧ નો લેખ છે. તેમાં પાષાણની ૩ અને ધાતુની ૪ પ્રતિમાઓ છે.

૩. શ્રી. નેમિનાથ ભ૦નું મંદિર છે, તેમાં મૂળનાયકની પ્રતિમા ૨૫ ઈંચ ઊંચી છે અને તેમના આસન ઉપર સં૦૧૮૮૮ નો લેખ છે. મૂળનાયક સહિત આરસની પ્રતિમા ૩ છે અને ધાતુની પંચતીર્થી ૩ છે.

૪. શ્રી. સંભવનાથ ભ૦નું મંદિર છે. તેમાં શ્યામ આરસની ૩૨ ઇંચ ઊંચી મૂળનાયકની પ્રતિમા છે. આમાં પણ મૂળનાયક સહિત આરસની ૩ અને ધાતુની પંચતીર્થી પ્રતિમાઓ ૩ છે.

૫. ગામમાં શ્રી મહાવીરસ્વામી ભ૦નું શિખરબંધી જિનાલય છે. તેમાં મૂળનાયકની એક જ મૂર્તિ આરસની છે અને ધાતુની મૂર્તિ ૨ છે.

આ બધાં મંદિરોનો ૧૫ મા સૈકામાં ઉદ્ધાર થયો હોય એમ પ્રતિમાલેખોથી જણાય છે. તે પછી ૧૭ મા સૈકામાં શ્રી. વિજયદેવસૂરિએ આ તીર્થનાં પાંચે જિનાલયોનો ખૂબ દ્રવ્ય ખરચીને ઉદ્ધાર કરાવ્યો એમ પટ્ટાવલીના ઉલ્લેખથી જણાય છે—

' ततः संघेन सार्धं श्रीआरासणदितीर्थयात्रां कुर्वाणाः पोसीनाख्यपुरे पुराणानां पञ्चप्रासादानां श्राद्धानामुपदेशद्वारेण बहुद्रव्यव्ययसाध्यमपि तदुद्धारं कारितवन्तः ॥ ”

—આચાર્ય શ્રી. વિજયદેવસૂરિ સંઘ સાથે આરાસણા વગેરે તીર્થોની યાત્રા કરતાં પોસીનાપુરમાં પધાર્યા અને તેમણે અહીંનાં પ્રાચીન પાંચ મંદિરોનો ઘણા દ્રવ્યથી કરી શકાય એવો, શ્રાવકોને ઉપદેશ આપીને ઉદ્ધાર કરાવ્યો.

## ૨. નાના પોસીના

ઈડરથી ૭॥ માઈલ દૂર નાના પોસીના નામે ગામ છે. અહીં શ્વેતાંબર શ્રાવકની વસ્તી નથી. ગામની પાદરે

એક વિશાળ શિખરબંધી જિનાલય અને ધર્મશાળા છે. જિનાલયમાં મૂ૦ ના૦ શ્રી. પાર્શ્વનાથ ભ૦ની ૩ ફીટ ઊંચી પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે. મંદિરમાં આરસની કુલ ૨૪ અને ધાતુની ૧૨ પ્રતિમાઓ છે. મંદિરમાંથી ૧૨–૧૩મા સૈકાથી લઈને ૧૭મા સૈકા સુધીના લેખો મળે છે. આ ઉપરથી આ મંદિરની પ્રાચીનતા અને સમયે સમયે થયેલા જીર્ણોદ્ધારનો ખ્યાલ આવે છે. આ તીર્થનો છેલ્લો ઉદ્ધાર આ૦ શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે કરાવ્યો છે.

## ૩. વડાલી

ખેડબ્રહ્માથી ૪–૫ માઈલ દૂર વડાલી નામે પ્રાચીન ગામ છે. સં૦ ૧૨૭૫ના પ્રતિમાલેખમાં અને લગભગ એટલી જ પ્રાચીન ગ્રંથપ્રશસ્તિમાં એનું 'વાટાપલ્લી' એવું નામ નોંધાયેલું મળે છે. આથી આ ગામ ૧૩ મા સૈકા કરતાં વધુ પ્રાચીન હોવાનું જણાય છે.

મારવાડમાં આવેલા નાનરોલા ગામના મંદિરની એક મૂર્તિ ઉપરથી સં૦ ૧૧૮૯નો લેખ મળ્યો છે તેમાં વટ-પલ્લીગચ્છનો ઉલ્લેખ આ પ્રકારે કરેલો છે—

'सं० ११८९ वैशाख सुदि शनौ वटपालीगच्छे श्रीनन्नसूरि-संताने........॥"

આ વટપલ્લીગચ્છ આ ગામના નામ ઉપરથી પ્રસિદ્ધ-માં આવ્યો હશે? અને એમ હોય તો આ ગચ્છ ૧૨મા સૈકા અગાઉ પ્રસિદ્ધિમાં આવ્યો એમ માની શકાય.

અત્યારે અહીં ૨૦૦ શ્રાવકોની વસ્તી છે. ૫ ઉપાશ્રયો ૨ જૈનધર્મશાળાઓ, અને ૨ જૈન મંદિરો એની વિશાળતા અને ભવ્યતાથી ઓપતાં ઊભાં છે. ત્રીજું મંદિર હતું પણ અત્યારે ખંડિત દશામાં જોવાય છે.

**૧. શ્રીશાંતિનાથ ભ૦ નું મંદિર**—આ મંદિર શિખરબંધી અને બાવન જિનાલયવાળું છે. મંદિરની સ્થાપત્ય-રચના પ્રાચીન કાળની છે. તેમાં મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, નવચોકી, શૃંગારચોકી વગેરે છે. બીજો મંડપ છે, અને તેના ઉપર માળ છે. આ મંદિરમાં ભમતીના ડાબા પડખે બીજી દેરીમાંની મૂર્તિના પબાસણ ઉપર આ પ્રકારે લેખ છે :—

"संवत् १२७५ वर्षे वैशाख सुदि ४ शुक्रे

श्रीमच्चन्द्रकुले नभोवदतुले सज्जीववक्राव्यालये,

भास्वत्सोममुनींद्रमंगलबुधोच्चाराविशाखोदये ।

जातो मोहतमोपहो दिनमणि: श्रीवर्धमानाभिधः,

सूरिर्भूरिगुणप्रतोषितसुरो भव्यांबुजोद्बोधक: ॥१॥

तत्पट्टे देवसूरि : श्रीहेमसूरिस्ततोऽभवत् ।

जज्ञेऽथ श्रीयशश्चंद्रसूरिः सूरिशिरोमणिः ॥२॥

सूरिश्रीमुनिचंदाह्वो विस्य(श्व)विद्यामहोदधिः ।

ततः श्रीकमलप्रभसूरिः काममदापह: ॥३॥

तत्संताने गुणाधाने हुंबटान्वयशालिना ।

श्रीसंघसमुदायेन मोक्षसंगमकांक्षिणा ॥४॥

सौधपंक्तिनि(वि)निर्जितविबुधविमानावल्यां ।
वाटापल्लचाः श्रियोवत्यां नगर्यां न्यायभूपतेः ॥५॥
श्रीमतः शांतिनाथस्य त्रिलोकीशांतिकारिणः ।
बिंबोद्धारः शुभाकरश्चक्र प्राणपणाशन : ॥६॥
प्रतिष्ठितः श्रीसोमसूरिभिः । मंगलमस्तु ॥
कर्मस्थाने कारापकः पंडितजिनचंद्रः ॥ इति ॥

આ લેખ શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરના જીર્ણોદ્ધાર સમયનો છે એટલે મંદિર તો સં૦ ૧૨૭૫ પહેલાંનું પ્રાચીન હોવાનું સિદ્ધ થાય છે.

'જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ' નામક ગ્રંથની ૬૩ મી પ્રશસ્તિમાં પણ આ શાંતિનાથ જિનાલયનો ઉલ્લેખ આ પ્રકારે કરેલો છે—

'वाटापल्लीपुरीयचैत्यभवने शांतेर्जिनेशप्रभोः ।'

આ પ્રશસ્તિમાં સમયનો ઉલ્લેખ કર્યો નથી પણ ઉપર્યુક્ત પ્રતિમાલેખના સમયની આસપાસના સમયનું અનુમાન થાય છે. એટલે આ મંદિર ૧૩ મા સૈકાથી આજ સુધી શાંતિનાથ જિનાલયના નામે જ પ્રસિદ્ધ છે.

**૨. શ્રીઆદિનાથ ભ૦ નું મંદિર**—આ મંદિર પણ શ્રીશાંતિનાથ જિનાલય જેવું જ બાવન જિનાલયવાળું અને શિખરબંધી છે. મંદિરમાં મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, નવચોકી, શૃંગારચોકી, બીજો મંડપ અને તે મંડપ ઉપર માળ છે.

આ મંદિર પણ ઉપર્યુક્ત શ્રીશાંતિનાથ જિનાલયના નજીકના સમયમાં બન્યું હશે એમ એની રચનાશૈલી ઉપરથી જણાય છે.

૩. **મંદિર**—આ ખંડિત મંદિર શ્રીશાંતિનાથ ભ૦ ના મંદિરે જતાં માર્ગમાં જમણી બાજુએ છે. સં૦ ૧૯૭૨ માં મારા ગુરુમહારાજ સાથે હું અહીં આવેલો ત્યારે આ મંદિર જીર્ણ દશામાં વિદ્યમાન હતું. તેથી જ ગુરુમહારાજે પોતાના 'વિહારવર્ણન'માં આ ગામમાં ૩ જિનમંદિરો હોવાનો ઉલ્લેખ કરેલો છે.

આ મંદિરનું મુખદ્વાર અને તેના ઉપરની કમાન દર્શનીય છે. દેવળના પાયાઓ અને પરિસર બહારથી દેખાય છે તે ઉપરથી તેની રચના પણ ઉપર્યુક્ત બે જિનાલયો જેવી જ હશે એમ લાગે છે. પ્રાચીન કાળમાં આ મંદિરનું દ્વાર દક્ષિણ દિશામાં હશે પણ આજે તો ત્યાં પગથિયાં ચણી લઈ ઉત્તર દિશાના દ્વારમાં રામ–સીતાની મૂર્તિઓ સ્થાપન કરી દીધી છે. અંદરના દ્વારમાં જતાં ડાબી બાજુએ ચાર–ચાર ફૂટ ઊંચી વેષભૂષા સાથેની પુરુષની આકૃતિઓ છે અને તીર્થંકર દેવોની મૂર્તિઓ હારબંધ મૂકેલી જોવાય છે. આ મંદિરમાંથી જે કોઈ પ્રાચીન લેખો અને અવશેષો પડેલા હોય તેનો એક સ્થળે સંગ્રહ કરી લેવો જોઈએ.

# અમારું તીર્થાવલી સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧. | Holy Abu ( સચિત્ર ) | ૧૦–૦૦ |
| ૨. | તીર્થરાજ આબુ (સચિત્ર) : આબુ ભા. ૧ | ૫–૨૫ |
| ૩. | અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ : આબુ ભા. ૨ | ૫–૦૦ |
| ૪. | અચલગઢ (સચિત્ર) : આબુ ભા. ૩ | ૧–૫૦ |
| ૫. | અર્બુદાચલ પ્રદક્ષિણા વર્ણન (સચિત્ર) આબુ ૪ | ૨–૫૦ |
| ૬. | અર્બુદાચલ પ્રદક્ષિણા જૈન લેખસંદોહ : આબુ ૫ | ૫–૦૦ |
| ૭. | શંખેશ્વર મહાતીર્થ (સચિત્ર) | ૨–૦૦ |
| ૮. | શ્રીઘોઘાતીર્થ (શ્રી નવખંડાપાર્શ્વનાથ) | ૦–૩૭ |
| ૯. | પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ (સચિત્ર) | ૨–૦૦ |
| ૧૦. | ઉપરિયાળા તીર્થ | ૦–૩૧ |
| ૧૧. | રાણકપુરની પંચતીર્થી (સચિત્ર) | ૧–૭૫ |
| ૧૨. | શંખેશ્વર સ્તવનાવલી | ૦–૭૫ |
| ૧૩. | ભોરોલ તીર્થ | ૦–૨૫ |
| ૧૪. | સિંધ–વિહાર–વર્ણન | ૨–૦૦ |
| ૧૫. | બે જૈન તીર્થો (ચારૂપ–મેત્રાણા) | ૦–૩૭ |
| ૧૬. | ત્રણ ,, (કાવી–ગંધાર–ઝઘડિયા) | ૧–૨૫ |
| ૧૭. | ચાર ,, (માતર, સોજિત્રા, ખેડા અને ધોળકા) | ૧–૦૦ |
| ૧૮. | મુંડસ્થલ મહાતીર્થ | ૦–૫૦ |
| ૧૯. | ભીલડિયા પાર્શ્વનાથ તીર્થ | ૦–૬૦ |
| ૨૦. | રાધનપુર જૈન પ્રતિમા લેખ સંદોહ | ૫–૦૦ |

## અમારા ચિત્ર–સંગ્રહો–આલ્બમો

| | | |
|---|---|---|
| ૧. | ચિત્રમય આબુ ( ૮૩ ચિત્રો ) | ૧–૫૦ |

( ટપાલ ખર્ચ દરેકનું જુદું સમજવું )

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**

ગાંધી ચોક : ભાવનગર ( સૌરાષ્ટ્ર )

શારદા મુદ્રણાલય : અમદાવાદ.